उन्नति
# વિચાર
વર્ષ ૭ અંક ૩ જુલાઈ – સપ્ટેમ્બર, ૨૦૦૨

અનુક્રમ

**સંપાદકીય** ૧

**વિકાસલક્ષી મુદ્દાઓ** ૨
અનૌપચારિક ક્ષેત્ર:
અર્થ, સમસ્યાઓ અને ઉકેલ

**આપના માટે**
ટકાઉ વિકાસના હિસાબ ૯
તપાસતું પૃથ્વી શિખર
સંમેલન

આંતરરાષ્ટ્રીય ૧૪
શ્રમ પરિષદ

**આપણી વાત** ૧૭
પર્યાવરણીય લોકસુનાવણી

**સાંપ્રત પ્રવાહ** ૨૨
**અને આગામી કાર્યક્રમ**

**સંદર્ભ સાહિત્ય** ૨૪

**અમારા વિશે** ૨૬

**સંપાદક ટીમ**
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમ: રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંસ્થાના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

## સંપાદકીય

### ચિરંતન વિકાસની સમીક્ષાઃ વૈશ્વિક વિરુદ્ધ સ્થાનિકઃ

જોહાનિસબર્ગ ખાતે તાજેતરમાં ચિરંતન વિકાસ વિશે યોજાયેલી શિખર પરિષદ વૈશ્વિક વાટાઘાટો અને નીતિ વિષયક નિવેદનો તથા સ્થાનિક વાસ્તવિક્તા વચ્ચેની ખાઈ અંગે ઊંડી ચિંતા વ્યકત કરે છે. ૧૯૯૨ની રિયો પરિષદ પછી આ પરિષદ કાર્યલક્ષી યોજના અને આખરી તારીખો નક્કી કરે તે અપેક્ષિત હતું. જો કે, તેમાંથી અત્યંત સંદિગ્ધ એવી ઈરાદાઓની સંખ્યાબંધ અભિવ્યક્તિઓ ઉપસી આવી છે. આ પરિષદમાં જે સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે તે આ મુજબ છેઃ (૧) ૨૦૨૦ સુધીમાં ૧૦ કરોડ ઝૂંપડાવાસીઓનું જીવન સુધારવું. (૨) ૨૦૧૫ સુધીમાં ચોખ્ખું પીવાનું પાણી અને સફાઈની સવલતોની પ્રાપ્યતા. (૩) ૨૦૧૫ સુધીમાં મહાસાગરોમાં માછલીઓનો જથ્થો ફરીથી વધારવો. (૪) ૨૦૧૦ સુધીમાં એચ.આઈ.વી.નું પ્રવર્તન ૨૫ ટકા જેટલું ઘટાડવું. (૫) ૨૦૧૦ સુધીમાં જૈવ વૈવિધ્યની હાનિમાં મોટો ઘટાડો.

ચિરંતન વિકાસ સિદ્ધ કરવા માટે લોકોને તેમના અધિકારોનું રક્ષણ કરવાની સત્તા અપાઈ છે. જો કે, 'વર્લ્ડ સોલિડારિટી ફંડ' ગરીબીના નિવારણ માટે ઊભું કરવામાં આવ્યું છે પણ તેમાં દુનિયાના દેશોનો ફાળો સ્વૈચ્છિક બનાવવામાં આવ્યો છે. આને લીધે જરૂરી ભંડોળ તેમાં ઊભું થવાની શક્યતાઓ ઘટી જાય છે. ગરીબીના નિવારણ માટે સ્થાનિક અને દેશજ લોકોને તેમની પરંપરાગત આર્થિક પ્રવૃત્તિઓ કરવા માટે સુસજ્જ બનાવવા માટે પણ સર્વસંમતિ સધાઈ હતી. સવાલ એ છે કે જ્યાં નાણાકીય જોખમો ઘણાં ઊંચાં છે ત્યાં નીતિ નિર્ધારકો તેને સમજી શકશે ખરા? જોહાનિસબર્ગની પરિષદે લક્ષ્યાંકો નક્કી કર્યા છે અને ગરીબીના નિવારણ વિશે મોટા કાર્યક્રમો ઘડવાની વાત કરી છે પણ શું આ થઈ શકશે ખરું? વિકાસ અંગેની પરિયોજનાઓથી સ્થાનિક સ્તરે વિસ્થાપન થાય છે અને વિકાસ અંગેના પરંપરાગત ખ્યાલો તથા વ્યાપારી હિતો જ ધ્યાનમાં લેવાય છે. ત્યારે સ્થાનિક લોકોને શક્તિ કેવી રીતે પ્રાપ્ત થશે? મુખ્યત્વે આ પરિષદમાં સ્થાનિક લોકોને શક્તિ આપવાની વાત થઈ છે પણ એને વાસ્તવમાં ચરિતાર્થ કરવી ખરેખર ખૂબ જ અઘરી બાબત છે. ગરીબોને નડતી સમસ્યાઓ વિશે ચર્ચા કરવા માટે બહુપક્ષીય મંચની આવશ્યકતા રહે છે. પણ આ પરિષદમાં મોટે ભાગે જે સમસ્યાઓ સમગ્ર વિશ્વને માટે ચિંતાજનક છે તે દ્વિપક્ષી ધોરણે ઉકેલવા માટેનું ખતરનાક વલણ દેખાયું છે. આનો અર્થ એ છે કે સ્થાનિક સમસ્યાઓ સામે લડવા માટે સ્થાનિક લોકોએ જ બળવત્તર બનવું પડશે. જેમ કે, ગુજરાતમાં દરિયાકિનારે પોશિત્રા ખાતે બંધાઈ રહેલા 'વિશિષ્ટ આર્થિક વિસ્તાર'થી અસર પામતા લોકોએ પોતે જ પોતાના અધિકારો માટે લડવું પડે, જો કે, આ સમસ્યા વિકાસ વિશેના પરંપરાગત ખ્યાલમાંથી ઊભી થયેલી નીતિને પરિણામે સર્જાઈ છે. આ રીતે જોતાં જોહાનિસબર્ગની પરિષદ ગરીબી, પર્યાવરણ, આરોગ્ય, જૈવ વૈવિધ્ય અને પાણી જેવી પાયાની વૈશ્વિક સમસ્યાઓ દૂર કરવા માટે હાકલ કરે છે પરંતુ, તેણે વૈશ્વિક ધોરણે તેના ઉકેલો લાવવાને બદલે સ્થાનિક સરકારો અને લોકો પર તે છોડી દીધું છે. આથી પોતાના અધિકારોના રક્ષણ માટે અને વધુ સારા જીવન માટેનું પર્યાવરણ ઊભું કરવાની લડત લોકોએ સ્થાનિક રીતે જ આપવાની રહે છે.

# અનૌપચારિક ક્ષેત્રઃ અર્થ, સમસ્યાઓ અને ઉકેલ

સંગઠિત કે ઔપચારિક ક્ષેત્રનો પ્રભાવ જગતના દેશોનાં અર્થતંત્રો પર વ્યાપક હોવા છતાં અનૌપચારિક કે અસંગઠિત ક્ષેત્રનો વ્યાપ વધતો જાય છે. મોટા ભાગના ગરીબો અસંગઠિત ક્ષેત્રમાં રોજગારી મેળવે છે. **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા લખાયેલા આ લેખમાં અનૌપચારિક ક્ષેત્રના અર્થને સ્પષ્ટ કરી તેની સમસ્યાઓની છણાવટ કરવામાં આવી છે અને તેના સંભવિત ઉકેલો તરફ અંગુલિનિર્દેશ કરાયો છે. ખાસ તો, મહિલા કામદારોની સમસ્યાઓ અને વૈશ્વિકીકરણની પ્રક્રિયાથી ઊભા થતા પડકારો તેમાં વિશેષપણે ચર્ચાયા છે. આ લેખ માટે સંદર્ભ તરીકે 'સેવા' અને 'જીઆઈડીઆર'ના સાહિત્યનો ઉપયોગ કરાયો છે.

## પ્રસ્તાવના

વીસમી સદીના છેલ્લા થોડાક દાયકા દરમ્યાન વિશ્વના અર્થતંત્રમાં તથા સમાજ અને સમુદાયોની માળખાગત વ્યવસ્થાઓમાં ધરખમ ફેરફારો થયા છે. આ ફેરફારોનું સાતત્ય અને ગતિ અભૂતપૂર્વ રહ્યાં છે. આ પરિવર્તનોએ સમાજ, સામાજિક વિકાસ અને સામાજિક પરિવર્તન વિશેનાં ખ્યાલો અને સમજમાં પણ જબરજસ્ત ફેરફારો આણ્યા છે. આ પરિવર્તનોની અસર અર્થતંત્રના સ્વરૂપ પર પડી રહી છે. ઉદ્યોગીકરણને પરિણામે જીવનનિર્વાહનું કામ અમુક સમય અને સ્થળ સાથે જોડાઈ ગયું હતું. કામનું અમુક સ્થળ અને કામનો નિશ્ચિત સમય એ ઉદ્યોગીકરણનું એક આગવું લક્ષણ હતું. આ કામ ઔપચારિક કામ બન્યું કારણ કે માલિકો અને મજૂરો વચ્ચેના સંબંધો વધારે સુવ્યાખ્યાયિત અને સુનિશ્ચિત બન્યા હતા. જો કે, આવું ઔપચારિક અર્થતંત્ર જગતના મોટા ભાગના દેશોમાં તેમનાં અર્થતંત્રોના કુલ કદના સંદર્ભમાં ઘણું જ નાનું રહ્યું હતું. તેની એક નોંધપાત્ર ખાસિયત એ હતી કે એમાં રોજગારી અને સામાજિક સલામતીનું રક્ષણ થતું હતું.

છેલ્લા કેટલાક દાયકાઓ દરમ્યાન આવા ઔપચારિક ક્ષેત્રનો વ્યાપ ઘટતો ગયો છે અને અનૌપચારિક ક્ષેત્રનો વ્યાપ વધતો ગયો છે. સલામતી અને કામના સ્થળની સ્થિરતા જેવાં લક્ષણોની ગેરહાજરી એ આ અનૌપચારિક ક્ષેત્રની ખાસિયત છે. આવું ક્ષેત્ર અસંગઠિત ક્ષેત્ર તરીકે પણ ઓળખાયું છે. વૈશ્વિકીકરણની પ્રક્રિયાએ તેમાં અનેક નવાં પરિબળો ઉમેર્યાં છે અને અનૌપચારિક ક્ષેત્રનાં સ્વરૂપ અને વ્યાપ બદલાયાં છે અને તેમાં વિસ્તૃતીકરણ અને વિવિધીકરણ પણ થયાં છે. આમ જુઓ તો, અનૌપચારિક ક્ષેત્ર કે અનૌપચારિક ક્ષેત્રના કામદારો એ કોઈ નવીન ઘટના નથી. જીવનનિર્વાહ માટેના કામની શરૂઆત થઈ ત્યારથી જ આ ક્ષેત્રનું અસ્તિત્વ છે. પણ ઔદ્યોગિક વિકાસે જેમ ઔપચારિક ક્ષેત્રને જન્મ આપ્યો તેમ અનૌપચારિક ક્ષેત્રનાં તાસીર અને તસ્વીર બદલી નાખ્યાં છે. રાજ્ય જેમ આર્થિક ક્ષેત્રમાંની પોતાની જવાબદારીઓ છોડતું જવાનું વલણ ઊભું કરે છે તેમ તેમ અનૌપચારિક ક્ષેત્ર વધારે ને વધારે વ્યાપક બનતું જતું હોય એમ દેખાયું છે.

ઔદ્યોગિક વસ્તુઓના ઉત્પાદનની પદ્ધતિમાં ધરખમ ફેરફારો થયા છે. તેને પરિણામે વિકાસની વ્યૂહરચનાઓ બદલાઈ છે અને તેની તરાહોમાં પરિવર્તનો આવ્યાં છે. મોટા પાયાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને ટેકો આપવાની નાના પાયાના, કુટિર, ગ્રામ, ટચુકડા અને ઘર આધારિત ઉદ્યોગોની પદ્ધતિ પણ બદલાઈ છે. અર્થતંત્રોમાં આવતાં તેજી-મંદી, માળખાગત ગોઠવણની સરકારી નીતિઓ, ઝડપથી વધતું જતું શહેરીકરણ અને વસ્તી વૃદ્ધિએ અર્થતંત્રનું સ્વરૂપ બદલવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે અને અનૌપચારિક ક્ષેત્ર અર્થતંત્રમાં અત્યંત અગત્યનું સ્થાન મેળવતું થયું છે. પણ આ ક્ષેત્ર સ્વરૂપે જ અસંગઠિત હોવાને લીધે અને તેનો રાજકીય પ્રભાવ ઓછો હોવાને લીધે તેની સમસ્યાઓએ ઘણું વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે અને ગરીબી અને બેકારીની સમસ્યાઓ સાથેનો તેનો ઔપચારિક સંબંધ વધારે છતો થયો છે.

## અનૌપચારિક ક્ષેત્રનો અર્થ

૧૯૬૦ના દાયકામાં એ વધારે ને વધારે સ્પષ્ટ થતું ગયું કે વિકાસ ધીમે ધીમે નીચેના સ્તર સુધી ઝમતો જશે એવો જે સિદ્ધાંત હતો તે વ્યવહારમાં ચરિતાર્થ થતો દેખાતો નથી. વળી, એમ પણ સાબિત થતું ગયું કે 'શુદ્ધ' વિકાસ કે 'શુદ્ધ' મૂડીવાદથી સાચા વિકાસની આશાઓ ફળીભૂત નહિ થાય. અને એમ પણ જણાવા માંડયું કે વધુ ને વધુ ઉદ્યોગીકરણથી ગરીબી અને બેકારીની સમસ્યાઓનો ઉકેલ નહિ આવે. પછી ૧૯૭૧માં 'આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન' (ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન - આઈએલઓ) દ્વારા અનૌપચારિક ક્ષેત્રનો ખ્યાલ પ્રચલિત કરવામાં આવ્યો અને શહેરી અર્થતંત્રને ઔપચારિક અને અનૌપચારિક અર્થતંત્રમાં વિભાજિત કરવામાં આવ્યું, અને તેનો

## ઔપચારિક અને અનૌપચારિક ક્ષેત્રો વચ્ચેનો તફાવત

આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (આઈએલઓ) દ્વારા ઈ. સ. ૨૦૦૦માં કેન્યા વિશેનો જે વિશ્વ રોજગાર કાર્યક્રમ અહેવાલ તૈયાર કરાયો તેમાં ઔપચારિક ક્ષેત્ર અને અનૌપચારિક ક્ષેત્રો વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરાયો છે. આ તફાવત નીચે મુજબ છેઃ

**ઔપચારિક ક્ષેત્ર**

૧. પ્રવેશ મુશ્કેલ હોય છે.
૨. વિદેશી સંસાધનો પર વારંવાર આધાર રાખવો પડે છે.
૩. સાહસો કંપનીઓની માલિકીનાં હોય છે.
૪. મોટા પાયા પર કામગીરી થાય છે.
૫. તે મૂડીગહન હોય છે.
૬. તેમાં ઘણી વાર આયાતી ટેક્નોલોજી હોય છે.
૭. કૌશલ્યવાળું કામ હોય છે અને ઘણી વાર વિદેશીઓ તેમાં કામ કરે છે.
૮. જકાત, જથ્થાત્મક નિયંત્રણ અને વ્યાપાર પરવાનાથી બજારોને રક્ષણ આપવામાં આવે છે.

**અનૌપચારિક ક્ષેત્ર**

૧. પ્રવેશ આસાન છે.
૨. દેશજ સંસાધનો પર આધાર રાખવામાં આવે છે.
૩. સાહસો મુખ્યત્વે કુટુંબની માલિકીનાં હોય છે.
૪. નાના પાયા પર કામગીરી થાય છે.
૫. ટેકનોલોજી શ્રમગહન છે, અને તે ઉછીની પણ હોઈ શકે છે.
૬. ઔપચારિક શાળેય વ્યવસ્થાની બહાર કૌશલ્ય પ્રાપ્ત કરવામાં આવે છે.
૭. બજાર અનિયંત્રિત છે અને સ્પર્ધાત્મક છે.

આધાર વેતનની કમાણી અને સ્વરોજગારી બનાવાયો. તેમાં શહેરી અર્થતંત્રમાં સ્વરોજગારી અને નાનાં સાહસોના મહત્ત્વ પર ભાર મુકાયો હતો. આ પ્રવૃત્તિઓ એવી હતી કે તેમની ગણતરી મોટે ભાગે સત્તાવાર આંકડાઓમાં થતી નહોતી. મોટે ભાગે મજૂર મંડળો, અન્ય સંગઠનો અને સંશોધકોએ આ અંગે એવો પ્રતિભાવ આપ્યો કે અનૌપચારિક ક્ષેત્ર એ અસમાન વિકાસ કે અલ્પવિકાસનું પરિણામ છે અને તે સંક્રાંતિકાળની ઘટના છે. પણ પછી વિકસિત દેશોમાં જ્યારે અનૌપચારિક ક્ષેત્રનું મહત્ત્વ વિકસતું ગયું તેમ તેમ અનૌપચારિક ક્ષેત્ર પર વધુ ને વધુ ધ્યાન કેન્દ્રિત થવા લાગ્યું. અનૌપચારિક ક્ષેત્રના સંદર્ભમાં કેટલાક અગત્યના મુદ્દાઓ નીચે મુજબ છે:

**(૧) અનૌપચારિક ક્ષેત્ર અને ઔપચારિક ક્ષેત્ર વચ્ચેનો સંબંધઃ**
અનેક સંશોધનો એમ બતાવે છે કે આ બંને ક્ષેત્રો વચ્ચે વાસ્તવિકપણે સંબંધ અસ્તિત્વમાં છે અને પેટા-કોન્ટ્રેક્ટ પ્રથા દ્વારા આ સંબંધ મજબૂત રીતે પ્રસ્થાપિત થયેલો હોય છે. ઘણી વાર અર્થતંત્રમાં આ બે ક્ષેત્રો વચ્ચેનો દ્વંદ્વ નથી પણ હોતો. આ બંને ક્ષેત્રોનાં લક્ષણો સંપૂર્ણપણે બહુ જ ઓછી સંખ્યાના કિસ્સામાં અસ્તિત્વ ધરાવે છે.

**(૨) કામની સ્થિતિઃ**
ઔપચારિક ક્ષેત્રમાં પણ અનેક ઔદ્યોગિક એકમોમાં કામની સ્થિતિની બાબતમાં બધા કામદારોની સ્થિતિ સરખી હોતી નથી. આ ક્ષેત્રમાં કામ કરતા રોજમદારો કે કોન્ટ્રેક્ટ મજૂરોની સ્થિતિ કંઈ અનૌપચારિક ક્ષેત્રના કામદારોથી સારી હોતી નથી. કયારેક એવા પણ અનૌપચારિક ક્ષેત્રના એકમો હોય છે કે જેમાં ઔપચારિક ક્ષેત્ર જેવી સારી સ્થિતિ પણ હોય છે.

**(૩) મૂડી અને શ્રમઃ**
અનૌપચારિક ક્ષેત્રના ઘણા એકમોમાં મૂડીનું રોકાણ ખૂબ જ ઔપચારિક રીતે થયેલું હોય એમ બને છે પણ કામદારોની સ્થિતિ અનૌપચારિક ક્ષેત્રની સામાન્ય સ્થિતિ જેવી જ હોય છે. ઘણા લઘુ એકમો અથવા ટચુકડા કે અતિ લઘુ એકમોમાં આ જ પ્રકારની સ્થિતિ હોય છે.

આ પરિસ્થિતિના સંદર્ભમાં સૌથી અગત્યનો મુદ્દો એ છે કે અનૌપચારિક ક્ષેત્રમાં કામદારોનું ભારે શોષણ થાય છે. વળી, આ ક્ષેત્રમાં દુનિયાભરમાં બહુમતી સ્ત્રીઓ છે. મહિલા કામદારોનું શોષણ આર્થિક અને સામાજિક રીતે થાય છે. તેમનું મહિલાઓ તરીકે પણ શોષણ થાય છે અને મહિલા કામદારો તરીકે પણ શોષણ થાય છે.

## અનૌપચારિક ક્ષેત્રને મજબૂત બનાવતાં પરિબળો

લઘુ એકમો, મધ્યમ પાયાના એકમો અને મોટા પાયાના એકમોને ઔદ્યોગિક કામના અનૌપચારિક સ્વરૂપથી ફાયદો થાય છે. બહુરાષ્ટ્રીય કંપનીઓને પણ ફાયદો થાય છે. માલિકો નફાને મહત્તમ કરવા માટે ઉત્પાદન ખર્ચ ઘટાડવા માગે છે. ઉત્પાદનના ખર્ચમાં વેતન ખર્ચ એક અગત્યનો ઘટક ભાગ છે. જ્યારે કામદારો ઔપચારિક ક્ષેત્રમાં હોય, સંગઠિત હોય અને કાયમી હોય ત્યારે વીમો, આરોગ્ય, ભવિષ્ય નિધિ, ગ્રેજયુઈટી, રજાઓ, કામના નિશ્ચિત કલાકો વગેરેના લાભો મેળવે છે. અનૌપચારિક ક્ષેત્રના કામદારોને આ લાભો મળતા નથી તેથી માલિકોને લાભ થાય છે. આથી કામદારો પ્રત્યેની જવાબદારી માલિકો માટે ઓછી થઈ જાય છે અને તેથી ઉત્પાદનનું ખર્ચ ઘટે છે.

**કોઠા નં.૧**
**ભારતમાં અનૌપચારિક ક્ષેત્રે રોજગારી**
**(કરોડમાં)**

| ઉદ્યોગ જૂથ | કુલ | શહેરો | ગામડાં |
|---|---|---|---|
| ખેતી સિવાયનાં ક્ષેત્રો | ૧૩.૩૪ | ૭.૬૩ | ૫.૭૧ |
| ખેતી | ૨૩.૬૮ | ૦.૮૪ | ૨૨.૮૪ |
| ખાણકામ | ૦.૧૩ | ૦.૦૪ | ૦.૦૯ |
| ઉત્પાદન | ૪.૧૭ | ૨.૧૯ | ૧.૯૮ |
| વીજળી, ગેસ અને પાણી | ૦.૦૦૬૩ | ૦.૦૦૪૦ | ૦.૦૦૨૩ |
| બાંધકામ | ૧.૬૫ | ૦.૭૨ | ૦.૯૩ |
| વ્યાપાર, હોટલ, રેસ્તોરાં | ૩.૬૭ | ૨.૩૩ | ૧.૩૪ |
| પરિવહન, સંગ્રહ | ૧.૧૬ | ૦.૬૯ | ૦.૪૭ |
| નાણાં સેવાઓ | ૦.૩૨ | ૦.૩૨ | ૦.૦૦ |
| સામુદાયિક, સામાજિક અને વૈયક્તિક સેવાઓ | ૨.૨૨ | ૧.૩૪ | ૦.૮૮ |
| **કુલ** | **૩૬.૯૭** | **૮.૪૬** | **૨૮.૫૧** |

**સ્રોતઃ એન.એસ.એસ.ઓ., ૫૫મો રાઉન્ડ, ૧૯૯૯-૨૦૦૦.**

અનૌપચારિક ક્ષેત્રના કામદારો અસંગઠિત છે તેથી તેમની સોદાશક્તિ જ નથી અથવા નહિવત્ છે. તેઓ સંગઠિત થઈ શકતા જ નથી. પરિણામે સંગઠિત ક્ષેત્રના એટલે કે ઔપચારિક ક્ષેત્રના કામદારોની સ્થિતિ પણ બગડે છે કારણ કે તેમની પણ સોદાશક્તિ ઘટી જાય છે. ઘણી વાર અનૌપચારિક ક્ષેત્ર આ રીતે શ્રમ બજારને અને મુક્ત બજારને વિકૃત બનાવવામાં પણ પોતાનો ફાળો આપે છે.

ભારતમાં ૧૯૯૧થી વૈશ્વિકીકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણની નવી આર્થિક નીતિની શરૂઆત થઈ. છેલ્લાં ૧૨ વર્ષના ગાળા દરમ્યાન અનુભવ એવો રહ્યો છે કે રાજ્ય પોતાની જવાબદારીઓ છોડી રહ્યું છે. રાજ્ય મોટે ભાગે તેનું ધ્યાન મૂડીને અને તે પણ ખાસ કરીને વિદેશી મૂડીને, આકર્ષવા પાછળ કેન્દ્રિત કરી રહ્યું છે. ઘણી વાર તેમાં શ્રમિકોનાં હિતોનો ભોગ લેવાય છે. સસ્તી મજૂરી એ આકર્ષણનું કેન્દ્ર બને છે અને કામદારો તથા ખાસ કરીને મહિલા કામદારોની કામની સ્થિતિ તેથી વણસે છે.

માળખાગત ગોઠવણ કાર્યક્રમ (સ્ટ્રક્ચરલ એડજસ્ટમેન્ટ પ્રોગ્રામ - એસએપી)ની ઘણી શરતો વિશ્વ બેંક (આંતરરાષ્ટ્રીય પુનર્રચના અને વિકાસ બેંક - ઈન્ટરનેશનલ બેંક ફોર રિકન્સસ્ટ્રકશન એન્ડ ડેવલપમેન્ટ - આઈબીઆરડી), આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ - આઈએમએફ) અને એશિયાઈ વિકાસ બેંક (એડીબી) જેવી બહુપક્ષીય સંસ્થાઓ દ્વારા ધિરાણના બદલામાં લાદવામાં આવે છે. આ શરતો ઘણી વાર ઔપચારિક ક્ષેત્રમાં કામદારોની સંખ્યા ઘટાડનારી અને અનૌપચારિક ક્ષેત્રમાં કામદારોની સંખ્યા વધારનારી હોય છે. માળખાગત ગોઠવણ કાર્યક્રમ અંતર્ગત અમલમાં આવતી નીતિઓમાં ઔદ્યોગિક કાર્યની પુનર્રચનાની જે પ્રક્રિયા માલિકો નક્કી કરે છે અથવા તો રાજ્ય નક્કી કરે છે પણ તે માલિકના જ હિતમાં હોય છે. મૂડીના સંદર્ભમાં તે વધુ ફેરફારક્ષમ હોય છે, પણ વળતર, કામના કલાકો, કામની સ્થિતિ, કામ અંગેનો કરાર, સંગઠન માટેની શક્યતાઓ વગેરેના સંદર્ભમાં તે શ્રમિકાની જરૂરિયાતોને ધ્યાનમાં લેતી જ નથી. તેથી ઔદ્યોગિક કામની પુનર્રચના કરતી વખતે ઉત્પાદકતા, ગ્રાહકો અને કામદારોની જરૂરિયાતો, કામદારોની ભૂમિકાઓ અને વિવિધ ઓળખ પ્રત્યેની સંવેદનશીલતા વગેરેને ધ્યાનમાં લેવાવાં જોઈએ અને એ મુજબ કામની ડિઝાઈન તૈયાર થવી જોઈએ.

## ભારતમાં અનૌપચારિક ક્ષેત્ર

ભારતમાં ખેતી સહિત અનૌપચારિક ક્ષેત્રમાં રોજગારી મેળવનારા લોકોની સંખ્યા ૩૭ કરોડ છે અને તેઓ કુલ શ્રમ દળના ૯૩ ટકા

### અનૌપચારિક ક્ષેત્ર ઊભું થવાનાં કારણો

અનેક પરિબળો અને અનેક પ્રક્રિયાઓ જુદા જુદા સમયે અને જુદા જુદા સ્થળે આકાર લે છે અને તેને પરિણામે અર્થતંત્રમાં અનૌપચારિક ક્ષેત્ર ઊભું થાય છે. આ પરિબળો અને પ્રક્રિયાઓ નીચે મુજબ છે:

(૧) સંસ્થાનવાદી શોષણનો વારસો અને તેથી મોટા ભાગના વિકસતા દેશોમાં મૂડીનો અભાવ.
(૨) રાજ્યની ખોટી અને ટૂંકી દૃષ્ટિની વિકાસલક્ષી નીતિઓ.
(૩) આર્થિક ગેરસંચાલન, જાહેર અસ્કામતોની ખુલ્લંખુલ્લા ચોરી અને સત્તાવાળાઓની અન્ય ભ્રષ્ટાચારી રીતરસમો. એમાંની એક રીત તે કરચોરી.
(૪) આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થાઓ દ્વારા ખોટી નીતિઓ અને ગેરસંચાલન.
(૫) અનેક દેશોનાં અર્થતંત્રોમાં એકસરખી માળખાગત ગોઠવણ (સ્ટ્રકચરલ એડજસ્ટમેન્ટ)ની નીતિઓનો અમલ.
(૬) અર્થતંત્રમાં અને સમાજમાં શ્રમનું સ્ત્રી-પુરુષની દૃષ્ટિએ વિભાજન.
(૭) મૂડીવાદનો તર્ક.

છે. ખેતી સિવાયનાં ક્ષેત્રોના આશરે ૬૩ ટકા કામદારો અનૌપચારિક ક્ષેત્રમાં રોજગારી મેળવે છે અને અને તેમની સંખ્યા આશરે ૧૩.૩ કરોડની છે. તેમાંથી ૨.૭૦ કરોડ એટલે કે લગભગ ૨૦ ટકા સ્ત્રીઓ છે અને ૭.૩ કરોડ એટલે કે આશરે ૫૫ ટકા શહેરોમાં રહે છે. ખેતી સિવાયનાં ક્ષેત્રોમાં અનૌપચારિક ક્ષેત્રમાં ૧૧ કરોડ લોકો રોજગારી મેળવે છે અને તેઓ ખેતી સિવાયના ક્ષેત્રે કામ કરતા કુલ કામદારોના આશરે ૬૯ ટકા જેટલા છે. આમાંથી ૨.૨ કરોડ એટલે કે ૨૦ ટકા સ્ત્રીઓ છે. અને ૫.૯ કરોડ એટલે કે આશરે ૫૪ ટકા શહેરોમાં રહે છે.

દેશના કુલ ઘરેલૂ ઉત્પાદન (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ - જીડીપી)માં અનૌપચારિક ક્ષેત્રનો ફાળો ૬૦ ટકાનો છે અને તેમાં ખેતી ક્ષેત્રના ફાળાનો સમાવેશ થઈ જાય છે. ખેતી સિવાયનાં ક્ષેત્રોમાં કુલ ઘરેલૂ ઉત્પાદનમાં આ અનૌપચારિક ક્ષેત્રનો ફાળો લગભગ ૪૫ ટકા જેટલો છે. અનૌપચારિક ક્ષેત્ર ઉપરાંત ભારતના શ્રમ દળનું જે બીજું મહત્ત્વનું લક્ષણ છે તે છે સ્વરોજગારીનું ક્ષેત્ર. શ્રમ દળના લગભગ ૫૩ ટકા લોકો સ્વરોજગારી મેળવે છે. તેમાં ખેતી ક્ષેત્રના અસંગઠિત કામદારોનો સમાવેશ થઈ જાય છે. વળી, લગભગ ૩૩ ટકા કામદારો આકસ્મિક વેતન રોજગારી મેળવે છે. ખેતી સિવાયનાં ક્ષેત્રોમાં ૪૫ ટકા કામદારો સ્વરોજગારી મેળવે છે અને ૨૧ ટકા આકસ્મિક કામદારો છે. આમ, આનો અર્થ એવો થાય કે ભારતમાં બહુમતી કામદારો એવી આર્થિક પ્રવૃત્તિઓમાં જોડાયેલા છે કે તેઓ કામ માટેનો નિયમિત કોન્ટ્રેક્ટ ધરાવતા નથી કે પછી સામાજિક સલામતીના લાભો તેમને મળતા નથી.

અનૌપચારિક ક્ષેત્રનું એક લક્ષણ કામના સ્થળ વિશેનું છે. ખેતી સિવાયનાં ક્ષેત્રોમાં લગભગ ૪૬ ટકા અનૌપચારિક કામદારો એવા છે કે જેઓ પોતાનું અલગ કામનું સ્થળ ધરાવે છે અથવા માલિકના સ્થળે કામ કરે છે કે જે તેમનું ઘર નથી. ૨૩ ટકા તો તેમના ઘરમાં જ કામ કરે છે અને ૧૦ ટકા રસ્તો પર નિશ્ચિત સ્થળે રોજગારી મેળવે છે. ખેતી સિવાયના ઘર-આધારિત સ્વરોજગારી મેળવનારા કામદારો ૩૬ ટકા છે અને ૩૮ ટકા કામદારો પેટા કોન્ટ્રેક્ટને આધારે કામ મેળવે છે અથવા તો તેઓ ઘરમાં જ કામ કરે છે.

### કોઠા નં.૨
### ભારતમાં કુલ ગૃહ પેદાશ (જીડીપી)માં અનૌપચારિક ક્ષેત્રનો ફાળો

| ક્રમ | ક્ષેત્ર | અનૌપચારિક ક્ષેત્રનો ટકાવારી ફાળો | અનૌપચારિક ક્ષેત્રમાં સ્ત્રીઓનો ટકાવારી ફાળો |
|---|---|---|---|
| ૧. | ખેતી | ૯૬.૪ | ૩૮.૭ |
| ૨. | ખાણકામ | ૬.૧ | ૧૭.૦ |
| ૩. | ઉત્પાદન | ૩૬.૫ | ૨૭.૩ |
| ૪. | વીજળી, ગેસ અને પાણી | ૬.૦ | - |
| ૫. | બાંધકામ | ૫૩.૫ | ૧૧.૩ |
| ૬. | વ્યાપાર | ૮૪.૨ | ૧૪.૦ |
| ૭. | રેસ્તોરાં અને હોટલ | ૬૫.૩ | |
| ૮. | પરિવહન | ૬૧.૭ | |
| ૯. | સંગ્રહ અને વખાર | ૫૩.૦ | ૦.૨ |
| ૧૦. | સંચાર | - | |
| ૧૧. | નાણાં, વીમો સ્થાવર મિલકત | ૪૩.૦ | ૯.૧ |
| ૧૨. | સામુદાયિક, સામાજિક અને વ્યક્તિગત સેવાઓ | ૧૮.૨ | ૩૪.૪ |
| ૧૩. | ખેતી સિવાયની તમામ પ્રવૃત્તિઓ | ૪૫.૧ | ૧૯.૯ |
| ૧૪. | તમામ ક્ષેત્રો | ૬૦.૫ | ૩૨.૦ |

સ્રોત : નેશનલ એકાઉન્ટ્સ સ્ટેટિસ્ટિક્સ - ૨૦૦૦, કેન્દ્રીય આંકડાકીય સંગઠન, ભારત સરકાર.

## અનૌપચારિક ક્ષેત્રમાં મહિલાઓ

### અનૌપચારિક ક્ષેત્રોમાં મહિલા કામદારો કોણ છે?

અનૌપચારિક ક્ષેત્રમાં કામ કરનારી મહિલા કામદારોમાં એવી તમામ મહિલા કામદારોનો સમાવેશ થાય છે કે જેઓ કોઈ સામાજિક અને કાનૂની સુરક્ષા ધરાવતી નથી. તેમાં કમ-સે-કમ નીચેના મહિલા કામદારોનો સમાવેશ તો થાય જઃ (૧) ખેત મજૂરો. (૨) વન મજૂરો. (૩) મત્સ્ય ક્ષેત્રના મજૂરો. (૪) કચરો વીણનારા. (૫) બાંધકામ મજૂરો. (૬) ઘરમાં કામ કરનારી સ્ત્રીઓ. (૭) ઘરેલૂ કામવાળીઓ. (૮) ઘેર ઘેર ફરીને કે દુકાન પર બેસીને વસ્તુઓ વેચનારીઓ. (૯) આકસ્મિક કામદારો કે હંગામી કામદારો. (૧૦) કોન્ટ્રેક્ટ કામદારો. (૧૧) રવાનગી કામદારો. (૧૨) અત્યંત નાનાં સાહસોમાં કામ કરનારી કામદારો. (૧૩) ખંડ સમયની કામદારો.

### મહિલા કામદારો માટે કામની સારી સ્થિતિના માપદંડો

મહિલા કામદારો માટે કામની સ્થિતિ સારી કરવા માટે સમગ્ર અર્થતંત્રની અને કામના સ્થળની પુનર્રચના કે પુનર્ગોઠવણ કરવાં પડે. કામદારોની અનેક જરૂરિયાતો અને ભૂમિકાઓ પ્રત્યે સંવેદનશીલ બનવું પડે અને તેમાં ફેરફારક્ષમતાનાં વિધાયક પાસાંને ધ્યાનમાં લેવાં પડે. આ અર્થમાં સમગ્ર અર્થતંત્રમાં અને કામના સ્વરૂપમાં જે ફેરફારો કરવા પડે તે

## 'સેવા'નું રોજગાર કેન્દ્ર
**- નફીસા ખલીલ**

અમદાવાદ શહેરની મધ્યમાં રહેતા મુમતાઝબાનુ તૈયાર વસ્ત્રોના કામદાર છે. તેમના પાડોશીએ 'સેવા' (સ્વાશ્રયી મહિલા સેવા સંઘ)ના સભ્ય બનવાના લાભની વાત કરતાં તેઓ સાત વર્ષથી 'સેવા'ના સભ્ય છે. વસ્ત્ર કામદાર હોવાથી તેમને સીલાઈ મારવાનું જ કામ આવડતું. પરંતુ 'સેવા'માંથી પેચવર્ક અને ડિઝાઈન એમ્બ્રોયડરીની તાલીમ અને રિટેલ શોપમાં માલનું વેચાણ કરવા માટે મદદ મળી. આ નવી આવડત, કૌશલ્ય અને સંબંધોને કારણે તેઓ મહિને રૂ.૫૦૦/- ૭૦૦માંથી રૂ.૧૫૦૦-૨૦૦૦ કમાતાં થયાં. આવક કરતાં પણ વધારે કંઈક તેમણે મેળવ્યું.

તેઓ કહે છે કે, "મારા કામમાં મારો વિશ્વાસ વધ્યો અને આર્થિક સંજોગોનો સામનો કરવા માટે દૃઢ મનોબળ કેળવતાં શીખી છું. તેમ જ દરેક જાતના લોકો સાથે, દુકાન-માલિક, ગ્રાહક અને સપ્લાયર્સ સાથે કેવી રીતે વર્તવું, જેથી સફળતા મળે તે શીખી ગઈ છું."

આજે દેશમાં અસંગઠિત ક્ષેત્રનું પ્રમાણ ધીમે ધીમે વધતું જાય છે. તેના લીધે આ ક્ષેત્રના કામદારોમાં તીવ્ર હરીફાઈ, બેકારી, અસ્થાયી રોજી, ઓછું વેતન મળવા લાગ્યું છે. આ ક્ષેત્ર વધવાનું કારણ વૈશ્વિકીકરણ છે. વૈશ્વિકીકરણની સારી અને ખરાબ બંને અસરો છે. એક બાજુ સેવા અને નિકાસ ક્ષેત્રમાં સેકટરમાં રોજગારીના નવાં-નવાં દ્વાર ખૂલ્યાં છે. તો બીજી બાજુ પરંપરાગત ધંધા બંધ પડતા જાય છે.

કાપડ ઉદ્યોગમાં ભારતનું માંચેસ્ટર ગણાતા અમદાવાદમાં આજે વૈશ્વિકીકરણ અને ઉદારીકરણને કારણે ટેક્ષટાઈલ મિલો બંધ થઈ જવાથી ૬૦,૦૦૦ કામદારો બેકાર થયા અને રોજગારી માટે અસંગઠિત ક્ષેત્રમાં આવ્યા. કારણ કે કામની પદ્ધતિમાં બદલાવ આવ્યો. દા.ત. પરંપરાગત ચણિયા સીવવાનું કામ ઓછું થયું. જ્યારે જીન્સ, ઈન્ટરલોક, હોઝીયરી, જથ્થાબંધ માલનું ઉત્પાદન વધ્યું. વૈશ્વિકીકરણ સિવાય પણ પરંપરાગત બજારોમાં બદલવા, મંદી આવવા લાગી. જેમ કે બીડી ઉદ્યોગ, બાંધકામ ઉદ્યોગ, કાગળ વીણવાનું. આ બધી અસરોથી બચવા અને તે ઓછી કરવા બહેનોની રોજી માટેની માંગને ધ્યાન રાખી 'સેવા'એ છેલ્લાં ત્રણ વર્ષથી રોજગાર કેન્દ્ર શરૂ કર્યું છે. આ રોજગાર કેન્દ્ર આવી મહિલાઓની કાળજી લેવા માટે શરૂ થયું છે.

આ રોજગાર કેન્દ્રનો ઉદ્દેશ શ્રમજીવી બહેનો તેમ જ તેમનાં કુટુંબીજનોને સ્થાયી અને કાયમી કામની તકો શોધી તેની સાથે જોડાણ કરવાનો છે. રોજગારીની માંગ પ્રમાણે અને બદલાતા જતા રોજગાર બજારની માંગ સાથે સભ્યોને તૈયાર કરી જોડવા માટે જરૂર પડયે સભ્યોને તેમની આવડત અને આવકમાં વધારો થાય તેવા પ્રકારની તાલીમ આપવાનો છે. દા.ત. સીલાઈ, કટિંગ, સ્ક્રીન પ્રિન્ટીંગ, સ્ટેશનરી, કડિયાકામ, કોમ્પ્યુટર, વિડિયો ફોટો, હીરા, ગીફ્ટ પેકિંગ વગેરે.

છેલ્લાં બે વર્ષમાં જ 'સેવા' દ્વારા ચાલતા આ રોજગાર કેન્દ્ર દ્વારા ૭૦૦ જેટલાં બહેનોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. જેમ કે ફેક્ટરીમાં, ઓફિસ, સીલાઈકામ, સફાઈકામ, વસ્ત્રો બનાવવાનું કારખાનું, ઘેર ઘેર ફરીને વેચાણ, ઘરકામ, રસોઈ વગેરે.

ઘણાં ભણેલાં કે અભણ બહેનો તેમના કામમાં નિપુણ હોવા છતાં કામમાં બદલાવ આવવાથી અથવા તો કામમાં અપૂરતા કૌશલ્યને કારણે તેમની આવક રૂ. ૫૦૦-૬૦૦માંથી રૂ. ૧૨૦૦-૧૫૦૦ થઈ છે. આમ, આર્થિક વિકાસ થતાં તેઓ પોતાની જાતને ખૂબ ભાગ્યશાળી માને છે.

જ્યારે બહેરામપુરાના રહીશ ઈન્દુબહેન વાળા કહે છે કે, "હું ધો. ૯ પાસ છું અને સફાઈ કામદાર બહેન છું. ખાનગી ચાલીઓમાં વાળવા જઉં છું, તો તેનું મહેનતાણું નથી મળતું. ફક્ત સાંજનું વાળું મળે છે. 'સેવા'માં છ મહિનાથી જોડાઈ છું. અહીંયા ભરત-ગૂંથણ, સીલાઈ-તાલીમ લીધી. આજે હું મીડીફ્રોક, બ્લાઉઝ, ડ્રેસ, પેન્ટ વગેરે સીવું છું અને મહિને રૂ. ૫૦૦-૬૦૦ મેળવું છું. મારા જીવનમાં આર્થિક બદલાવ આવ્યો. આનાથી પણ વધુ ભવિષ્યમાં મેળવીશ એવો મને દૃઢ વિશ્વાસ છે."

આમ, રોજગાર કેન્દ્ર દ્વારા બહેનો અત્યારના આ સ્પર્ધાત્મક બજારમાં કામ-ધંધો મેળવીને આર્થિક રીતે વધુ ને વધુ મજબૂત બન્યાં છે. આજે જ્યારે સમગ્ર વિશ્વ બજારમાં મંદીનું મોજું ફરી વળ્યું છે અને બેકારોની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જાય છે, ત્યારે શ્રમજીવી મહિલાઓ માટે 'સેવા' દ્વારા ચાલતું આ રોજગાર કેન્દ્ર આશીર્વાદરૂપ બની રહ્યું છે.

**(સ્રોતઃ 'અનસૂયા', વર્ષ - ૨૧, અંક - ૭, ૬ એપ્રિલ, ૨૦૦૨)**

**કોઠા નં.૩**

**શ્રમ દળમાં મહિલાઓ: ૧૯૯૯ – ૨૦૦૦**

(ટકામાં)

| | ગ્રામીણ | શહેરી | કુલ |
|---|---|---|---|
| **તમામ કામદારો** | | | |
| કુલ | ૩૪.૬ | ૧૯.૭ | ૩૧.૦ |
| અનૌપચારિક ક્ષેત્ર | ૩૫.૩ | ૨૦.૦ | ૩૨.૦ |
| ઔપચારિક ક્ષેત્ર | ૧૭.૬ | ૧૮.૩ | ૧૮.૦ |
| **ખેતી સિવાયનાં ક્ષેત્રોના કામદારો** | | | |
| કુલ | ૨૧.૪ | ૧૭.૮ | ૧૯.૪ |
| અનૌપચારિક ક્ષેત્ર | ૨૨.૫ | ૧૭.૯ | ૧૯.૯ |
| ઔપચારિક ક્ષેત્ર | ૧૬.૦ | ૧૭.૪ | ૧૬.૮ |

**સ્રોત: એનએસએસઓ, ૫૫મો દોર, ૧૯૯૯-૨૦૦૦.**

માટેના માપદંડો આ મુજબના હોઈ શકે છેઃ

(૧) મહિલા કામદારોની દૃષ્ટિએ ફેરફારક્ષમતા.

(૨) કામની શરતોમાં કામની કાળજી લેવાની જવાબદારી ઊભી કરવાની ક્ષમતા.

(૩) ટૂંકા ગાળાનું મળતર.

(૪) મળતર લાંબે ગાળે ટકવાની શક્યતાઓ.

(૫) કૌશલ્ય ઊભું કરવું અને પુનઃકૌશલ્ય ઊભું કરવાની શક્યતા.

(૬) કામમાં ઉપર આગળ વધવાની શક્યતા.

(૭) રોજગારીની સલામતી.

(૮) લાંબા ગાળાની રોજગારી મળવાની શક્યતા.

(૯) પુરુષનું કામ અને સ્ત્રીનું કામ એવું જ્યાં વિભાજન થતું હોય ત્યાં તેને પડકારાવાની શક્યતા.

(૧૦) સ્ત્રી-પુરુષના વેતનમાં તફાવતને પડકારાવાની શક્યતા.

(૧૧) સ્ત્રીઓની વ્યક્તિગત સલામતી. દા.ત. જાતીય સતામણી અને હુમલા સામે રક્ષણ.

(૧૨) કામની સાનુકૂળ, તંદુરસ્ત અને સલામત સ્થિતિ.

(૧૩) કામનો સંતોષ અને આનંદ.

(૧૪) એક ટુકડીના ભાગ હોવા તરીકેની માનસિક જરૂરિયાત સંતોષવાની શક્યતા.

(૧૫) સ્વાયત્તતા માટે વધુ અવકાશ.

(૧૬) સહકારી મંડળીઓ અને મંડળો રચવાની શક્યતાઓ.

(૧૭) જરૂરિયાતો અને અધિકારો માટે સોદાબાજીની સંભાવનાઓ.

(૧૮) કાનૂની રજૂઆતની શક્યતાઓ.

(૧૯) વિવિધ સ્તરે રાજકીય પ્રતિનિધિત્વની શક્યતાઓ.

**વૈશ્વિકીકરણને લીધે મહિલા કામદારો માટે ઊભી થયેલી સમસ્યાઓ**

ભારતમાં લગભગ ૯૬ ટકા મહિલા કામદારો અનૌપચારિક ક્ષેત્રમાં કામ કરે છે. મોટે ભાગે ભારતમાં આ જ સ્થિતિ પ્રવર્તતી રહી છે. વૈશ્વિકીકરણની પ્રક્રિયાઓએ તેમને માટે જે જુદા જ પ્રકારની સમસ્યાઓ ઊભી કરી છે તે નીચે મુજબ છે:

(૧) ઔપચારિક ક્ષેત્રમાં પણ જે થોડી મહિલાઓ છે તેઓ તેમની રોજગારી ગુમાવે છે કે પછી તેમના કામની ગુણવત્તા બગડે છે. સરકારની ખાનગીકરણની નીતિ અને કારખાનાં બંધ કરવાનું સરળ બને તેવી કાનૂની જોગવાઈઓ થવાથી આ પ્રક્રિયા વધારે વેગવાન બની છે.

(૨) કામદારો અને ખાસ કરીને મહિલા કામદારોને માટે કાનૂની રસ્તા અપનાવવાનું મુશ્કેલ બને છે કારણ કે સમય અને નાણાંની દૃષ્ટિએ તે અત્યંત ખર્ચાળ હોય છે, અને ગરીબ કામદારો પાસે નાણાંની અછત જ હોય છે.

(૩) અનૌપચારિક ક્ષેત્રમાં મહિલાઓના ટકાવારી પ્રમાણમાં વધારો થયો છે. અનૌપચારિક પ્રકારનાં કામોમાં શ્રમનો પુરવઠો ખૂબ વધી ગયો હોવાનું દેખાય છે અને તેથી તેમને માટે અસ્તિત્વ ટકાવવાનું ખૂબ મુશ્કેલ બની જાય છે.

(૪) કામદારોની આવકમાં ઘટાડો થવાથી સ્ત્રીઓ સહિત પરિવારના વધુ ને વધુ સભ્યો સ્વરોજગારી મેળવનારા તરીકે અથવા અનૌપચારિક ક્ષેત્રમાં સામેલ થતા જાય છે.

(૫) ખેતી ક્ષેત્રે બજારનાં પરિબળોની કામગીરીને લીધે તથા વિકાસલક્ષી પરિયોજનાઓ શરૂ થવાને લીધે પરિવારોમાં વધુ ને વધુ લોકો કામદારો થતા જાય છે. જે પરિવારો પાસે થોડીઘણી જમીન હતી અથવા જીવનનિર્વાહ માટેનાં કોઈક સાધનો હતાં તે તેમણે ગુમાવ્યાં છે. સ્ત્રીઓને સામાન્યતયા હંમેશાં જમીન જેવાં ઉત્પાદક સાધનો પ્રાપ્ય બનવા દેવાતાં નથી.

(૬) મહદંશે જીવનનિર્વાહની અને સંભાળની જે પ્રવૃત્તિઓ સ્ત્રીઓ કરતી હતી તે હવે વધુ સમય માગી લેનારી, પરિશ્રમ માગી લેનારી અને કમરતોડ બની છે. દા.ત. ગ્રામ વિસ્તારોમાં તેમ જ શહેરી વિસ્તારોમાં પણ પાણી, ઘાસચારા અને બળતણ વગેરે માટે વધુ ને વધુ દૂર જવું પડે છે. અથવા તો પરિવારના વૃદ્ધ કે બીમાર વ્યક્તિની સંભાળ માટે પણ તેમણે દૂર જવું પડે છે કારણ કે આરોગ્ય અને અન્ય સેવાઓ પાછળનું રાજ્યનું ખર્ચ ઘટ્યું છે.

(૭) ઉદારીકરણ મહદંશે મોટા પાયાના અને ઔપચારિક ક્ષેત્રમાં થયું છે પણ અનૌપચારિક ક્ષેત્રમાં અસ્તિત્વ ટકાવવાનું લોકો માટે વધુ ને વધુ કઠિન બન્યું છે. રસ્તા પર ફેરી કરનારા, વન

કામદારો વગેરે માટે રાજ્યનું નિયંત્રણ અને સતામણી વધ્યાં છે અને તેથી અસ્તિત્વ ટકાવવાનું વધારે મુશ્કેલ બની ગયું છે. મોટા ભાગના આવાસનું સ્વરૂપ અસ્થિર બની ગયું છે, અને તે સ્ત્રીઓ માટે કામનું સ્થળ પણ હોય છે, અને તેથી પરિસ્થિતિ વધારે ગંભીર બનતી જાય છે.

(૮) અગાઉ કામદારોના અને અનૌપચારિક ક્ષેત્રના કામદારોના પ્રશ્નો ઉકેલવા માટે કેટલાક પ્રયાસો થયા હતા. પરંતુ છેલ્લા દાયકા દરમ્યાન આ અંગેની ચિંતાનું જ જાણે કે ધોવાણ થઈ ગયું છે. રાજકીય પક્ષોના ચૂંટણી ઢંઢેરાઓમાં કે તેમની નીતિઓમાં કામદારોની અને ખાસ કરીને મહિલા કામદારોની સહેજે ચિંતા કરવામાં આવતી નથી. ગરીબો એક એવી સમસ્યા બની ગયા છે કે જેમના નિવારણની જરૂર સમજવામાં આવે છે. આ વલણ હમણાં હમણાં તો ન્યાયતંત્રમાં પણ પ્રવેશ્યું છે, કે જે અત્યાર સુધી રાજકીય હિતો અને પ્રધાનમંડળથી સ્વતંત્ર સમજવામાં આવતું હતું.

## ઉપસંહાર

આજે જગતભરમાં ઔદ્યોગિક કામ અંગે ઘણાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ગતિશીલ પરિબળો પોતાની ભૂમિકા ભજવે છે. એક તરફ મૂડી સમગ્ર વિશ્વમાં કશીય રાષ્ટ્રીય સરહદોને ઓળખ્યા વિના છૂટથી હરેફરે છે અને બીજી તરફ રાષ્ટ્ર-રાજ્યની ઓળખો વધારે બળવત્તર બનતી જાય છે. તેથી મજૂરોના અને ખાસ કરીને અનૌપચારિક ક્ષેત્રના મજૂરોના અધિકારોને વ્યાપક આર્થિક, સામાજિક અને રાજકીય માળખાના સંદર્ભમાં જોવાની જરૂર છે. મૂડી એમ ઈચ્છે છે કે તે જે ઉત્પાદન ખર્ચ કરે છે તે ઘટે. તે શ્રમ ખર્ચ ઘટાડવાનો ઈરાદો ધરાવે છે. દરેક દેશ અત્યારે શ્રમ ખર્ચ ઘટાડવાની સ્પર્ધા કરી રહ્યો છે.

આવે સમયે અનૌપચારિક ક્ષેત્રના કામદારોને માટે જે નવી વ્યૂહરચનાઓ અપનાવવાની જરૂર છે તેમાં નીચેના મુદ્દાઓ અગત્યના છે:

(૧) અનૌપચારિક ક્ષેત્રના કામદારોને સંગઠિત કરવાની જે પદ્ધતિઓ અપનાવવામાં આવી છે તે વધુ બળવત્તર બનાવવી. તેમાં ઘરના સ્તરે કે સમુદાયના સ્તરે કામદારોને સંગઠિત કરવાનો પ્રયાસ કરવાનો તથા ઔદ્યોગિક વસાહતના ક્ષેત્રે તેમને સંગઠિત કરવાનો પ્રયાસ કરવાનો સમાવેશ થાય છે.

(૨) અનૌપચારિક ક્ષેત્રના કામદારોને વિવિધ પ્રકારનો કાનૂની ટેકો પૂરો પાડવો. આવો ટેકો વ્યક્તિગત ધોરણે અને સામૂહિક ધોરણે પણ હોઈ શકે.

(૩) રાજ્ય પાસેથી અનૌપચારિક ક્ષેત્રના કામદારો માટેની સામાજિક સલામતીની યોજનાઓ માગવી અને તેમનો અમલ કરાવવો. દા.ત. લઘુતમ વેતન, અકસ્માત વળતર, વીમો વગેરે જેવી કાનૂની જોગવાઈઓનો અમલ કરાવવો. મહિલાઓ માટેની વિશેષ યોજનાઓના અમલ માટે પ્રયત્નો કરવા. અનેક જૂથો અને મજૂર મંડળો પણ આવી યોજનાઓના અમલ માટે પ્રવૃત્ત છે અને તેમને વધુ બળવત્તર બનાવવાની જરૂર છે.

(૪) શ્રમના સ્ત્રી-પુરુષના વિભાજનને લક્ષમાં લેવું અને ક્ષમતા વર્ધન તથા કલ્યાણ અંગેની વિવિધ યોજનાઓનો અમલ મહિલાઓ પ્રત્યેના સામાજિક ભેદભાવને દૂર કરવા સંબંધી દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખીને કરવો તથા કરાવવો.

(૫) સેવા ક્ષેત્રે, ઉત્પાદન ક્ષેત્રે અને શ્રમના પુરવઠા ક્ષેત્રે સહકારી મંડળીઓ તથા સ્વ-સહાય જૂથો ઘણું બધું ઉપયોગી સાધન છે. તે અનૌપચારિક ક્ષેત્રના કામદારોની સોદાશક્તિ મુક્ત બજારના સંદર્ભમાં વધારે છે.

(૬) પ્રશિક્ષણ, પુનઃ પ્રશિક્ષણ અને કૌશલ્ય વર્ધન એ અનૌપચારિક ક્ષેત્રના કામદારો માટે અને ખાસ કરીને મહિલા કામદારો માટે ઘણી અગત્યની બાબત છે. બદલાતા ઔદ્યોગિક પર્યાવરણ અને ટેક્નોલોજીના સંદર્ભમાં અને ભાવિ સંભાવનાઓના સંદર્ભમાં આ એક મહત્ત્વનો મુદ્દો છે.

(૭) શ્રમ બજારમાં અનૌપચારિક ક્ષેત્રના કામદારો અને મહિલા કામદારોને મજબૂત બનાવવાની વ્યૂહરચનાઓની જેટલી જરૂર છે, તેટલી જ જરૂર બજારની બહાર જે સંભાવનાઓ પડેલી છે તેમને પણ ઉજાગર કરવાની છે. સમુદાય-આધારિત આર્થિક પ્રવૃત્તિઓ, સાહસો અને ઉદ્યોગોને મજબૂત બનાવી શકાય તેમ જ સામુદાયિક રીતે જીવન જીવવાની વિવિધ વૈકલ્પિક પદ્ધતિઓને પણ મજબૂત કરી શકાય.

(૮) અનૌપચારિક ક્ષેત્રના કામદારો અને ખાસ કરીને મહિલા કામદારો માટેનાં મજૂર મંડળો સ્વનિર્ભર હોવાં જોઈએ, સભ્યો પર આધારિત હોવાં જોઈએ અને તેમાં પ્રતિનિધિત્વવાળી લોકશાહીનું તત્ત્વ પણ હોવું જોઈએ.

**સંદર્ભ:**

(૧) 'એશિયન વીમેન ઇન ઇન્ફોર્મલ વર્ક', કમિટી ફોર એશિયન વીમેન, બેંગકોક, નવેમ્બર-૨૦૦૧.

(૨) 'વીમેન વર્ક્સ ઇન ધી ઇન્ફોર્મલ ઇકોનોમી એન્ડ ઓર્ગેનાઈઝેશનલ ચેલેન્જિસઃ અ પર્સ્પેક્ટિવ', કમિટી ફોર એશિયન વીમેન, બેંગકોક, નવેમ્બર-૨૦૦૧.

(૩) 'અર્બન ઇન્ફોર્મલ સેક્ટર', જીઆઈડીઆર-અમદાવાદ અને સેવા-અમદાવાદ. ઓગસ્ટ-૧૯૯૯. લેખકોઃ ઉમા રાણી અને જીમોલ ઉન્ની.

(૪) 'સાઈઝ, કોન્ટ્રિબ્યુશન એન્ડ કેરેક્ટરિસ્ટિક્સ ઓફ ઇન્ફોર્મલ એમ્પ્લોયમેન્ટ ઈન ઈન્ડિયા', જીઆઈડીઆર - અમદાવાદ. જાન્યુઆરી - ૨૦૦૨. લેખકઃ જીમોલ ઉન્ની.

# ટકાઉ વિકાસના હિસાબ તપાસતું પૃથ્વી શિખર સંમેલન

બીજા વિશ્વ યુદ્ધ પછી વિકાસ માટે લગાવાયેલી દોટથી અને વિકસિત દેશોની જીવનશૈલીને પરિણામે પર્યાવરણની ગંભીર સમસ્યાઓ ઊભી થઈ. તેના અંગેના ચિંતનમાંથી ચિરંતન વિકાસનો ખ્યાલ જન્મ્યો. 'સંયુક્ત રાષ્ટ્રો' એ પણ આ અંગે ચિંતા શરૂ કરી. દસ વર્ષ અગાઉ તેણે પહેલી પૃથ્વી પરિષદ બોલાવી. બીજી પૃથ્વી પરિષદ તાજેતરમાં દક્ષિણ આફ્રિકામાં જોહાનિસબર્ગ ખાતે મળી. આ પરિષદના ઉદ્દેશો અને તેની કાર્યવાહી તથા તેનાં પરિણામો વિશે પ્રકાશ પાડતો આ લેખ નહેરૂ ફાઉન્ડેશન ફોર ડેવલપમેન્ટ, અમદાવાદના **શ્રી વિજયકુમાર કૌશલ** દ્વારા લખાયો છે.

## પૃથ્વી શિખર સંમેલનની પૂર્વભૂમિકા

'વિશ્વ ચિરંતન વિકાસ શિખર પરિષદ' (ડબલ્યુએસએસડી) ૨૦૦૨, હાલમાં જ દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગ ખાતે પૂર્ણ થઈ. તે ૨૬ ઑગસ્ટથી ૪ સપ્ટેમ્બર સુધી ચાલી હતી કે જેમાં ૨૧,૦૦૦ કરતાં વધારે વ્યક્તિઓએ હાજરી આપી હતી. 'યુનાઈટેડ નેશન્સ' (સંયુક્ત રાષ્ટ્રો) પ્રેરિત આ પરિષદમાં ૧૦૪ વિભિન્ન રાષ્ટ્રોના ઉચ્ચ નેતાઓ, ખાનગી કંપનીઓના વડાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ વર્ષની પરિષદમાં મુદ્દાઓમાં સૌથી મુખ્ય મુદ્દો 'માનવ' હતો. આ સાથે વિશ્વનાં વિકાસશીલ રાષ્ટ્રોના આર્થિક વિકાસ પ્રત્યે ધ્યાન આપવાનું તેનું મુખ્ય લક્ષ્ય હતું. આ મુદ્દાઓની સાથે 'વિશ્વ પર્યાવરણ'ના મુદ્દાને પણ વિશેષ મહત્ત્વ અપાયું. તેનો હેતુ વિશ્વને નવા વિકાસના પંથ પર દોરવાનો હતો. વિશ્વના સૌ દેશો વિકાસનો રથ એક દિશામાં સરખી ગતિએ લઇ જાય તે માટેના સમાન નિયમો વિશે વિચારવાનું આયોજન તેમાં કરાયું હતું.

આજે વિશ્વનાં વિકાસશીલ રાષ્ટ્રો ભૂખમરો, ગરીબાઈ, પીવાના પાણીની અછત, ખોરાક તથા ખેતીની કટોકટી, જંગલોનો નાશ, ખેડાણલાયક જમીનનું ધોવાણ, આરોગ્યની કટોકટી, વધતી જતી વસ્તી જેવી જટિલ સમસ્યાઓનો સામનો કરી રહ્યાં છે. આ સમસ્યાઓ ફક્ત વિકાસશીલ રાષ્ટ્રોની જ નથી, પરંતુ પૃથ્વી પર વસતી સમગ્ર માનવજાતની છે. ઉક્ત સમસ્યાઓ વિકાસશીલ રાષ્ટ્રોને અસર કરે છે તેમ તે સાથે સાથે કંઈક અંશે વિકસિત રાષ્ટ્રોને પણ સ્પર્શી રહી છે. પ્રવર્તમાન જટિલ સમસ્યાઓરૂપી કટોકટીને કોઈ પણ રાષ્ટ્ર એકલે હાથે દૂર કરી શકે તે શક્ય નથી. પરંતુ વિશ્વનાં સમસ્ત રાષ્ટ્રોના સંયુક્ત પ્રયાસો દ્વારા તેનો ઉકેલ આણવો શક્ય છે. આ બાબતને ધ્યાનમાં રાખતાં 'સંયુક્ત રાષ્ટ્રો'એ દર દસ વર્ષે વિશ્વનાં તમામ રાષ્ટ્રો એકસાથે ભેગાં થઈને આ વૈશ્વિક સમસ્યાઓનો હલ લાવવા સંયુક્ત પ્રયત્નો કરે તે માટે 'પૃથ્વી પરિષદ' યોજવાનું આયોજન કર્યું છે. તાજેતરમાં જોહાનિસબર્ગ ખાતે મળેલી પરિષદ એ આ શ્રેણની દસમી પરિષદ છે. આ પહેલાંની વિવિધ વિષયો અંગેની પરિષદો ક્યારે, ક્યાં યોજાઈ હતી અને તેમાં શું બન્યું હતું તે વિશેની માહિતી ટૂંકમાં મેળવીએ.

વિશ્વની સૌ પ્રથમ પૃથ્વી પરિષદ 'યુ એન કોન્ફરન્સ ઓન એન્વાયર્નમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ', ૧૯૯૨ની સાલમાં રિયો દ' જાનેરો ખાતે યોજાઈ હતી. તેમાં વિશ્વનાં ૧૧૭ રાષ્ટ્રના ટોચના નેતાઓએ ભાગ લીધો હતો. તેમાં ૨૧ કાર્યક્રમની યાદી (એજન્ડા)ને અપનાવવામાં આવી હતી. આ કાર્યક્રમોમાં કુદરતી સ્રોતનો કુશળતાથી ઉપયોગ કરી પ્રદૂષણ તથા રસાયણના ઉપયોગને ઓછો કરી પૃથ્વી પર વસતા મનુષ્યના જીવનની ગુણવત્તામાં વધારો કરવાના કાર્યક્રમ પર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો. તથા આ પરિષદમાં જૈવ વૈવિધ્ય અને આબોહવામાં ફેરફાર અંગે પણ ઠરાવો થયા હતા. આબોહવા અંગેના ઠરાવમાં ઔદ્યોગિક રાષ્ટ્રોને બંધનકર્તા ન હોય એ રીતે કાર્બન ડાયોકસાઈડની નિકાસના પ્રમાણમાં ઘટાડો કરવાનું ઠરાવાયું હતું.

૧૯૯૩ની સાલમાં યોજાયેલ પરિષદમાં કોઈ નવો કાર્યક્રમ હાથ ધરાયો નહોતો, પરંતુ આગલી પરિષદના એજન્ડાનું અનુવર્તી કાર્ય કરાયું હતું. ૧૯૯૪માં કેરો ખાતે યોજાયેલી ત્રીજી પરિષદ વસ્તી અને વિકાસ વિશે હતી. તેમાં વૈશ્વિક વસતિ વધારાને સ્થિર કરવા તેના પર કાબૂ કરવા માટેની યોજના ઘડવામાં આવી હતી. આ યોજના અંતર્ગત સ્ત્રીઓને શિક્ષણ આપવા પર વધુ ભાર મુકાયો હતો. આ જ પરિષદની 'ગ્લોબલ એનવાર્યન્મેન્ટ ફેસિલિટી કોન્ફરન્સ'માં સહાયતા માટેના લાખો ડોલરને વિકાસશીલ રાષ્ટ્રોને નિર્ણય શક્તિ વધારવા માટે ફાળવાયા હતા. આ દ્વારા 'કમિશન ફોર એન્વાર્યન્મેન્ટલ કો-ઓપરેશન'ની સ્થાપના કરાઈ હતી.

૧૯૯૫માં ચીનના પાટનગર બૈજિંગ ખાતે મહિલા પરિષદનું આયોજન કરાયું હતું. આ પરિષદમાં મહિલાઓ તથા કન્યાઓના જીવનમાં સુધારાઓ લાવવા માટે કાર્યક્રમોની યાદી બનાવવામાં આવી હતી તથા ખેતીલાયક જમીનનું ધોવાણ, જંગલોનો થતો નાશ અટકાવવા માટે જરૂરી પગલાં લેવાનો નિર્ધાર કરવામાં આવ્યો હતો. આ જ વર્ષ

દરમિયાન કોપનહેગન ખાતે યોજાયેલ સામાજિક વિકાસ વિશેની વિશ્વ પરિષદમાં આંતરરાષ્ટ્રીય સમુદાય વિશ્વમાંથી ગરીબીને સંપૂર્ણ દૂર કરવા માટે સહમત થયો હતો.

૧૯૯૬માં બોલિવિયામાં સાંતાક્રુઝ ખાતે ચિરંતન વિકાસ માટેની અમેરિકન પરિષદ મળી હતી. તેમાં પૃથ્વીના અડધા ભાગમાં વિકાસ માટે સહિયારા પ્રયત્નોની જરૂરિયાતને ઓળખી કઢાઈ હતી. પર્યાવરણમાં આવતા ફેરફારને કારણે જંગલમાં લાગતી આગથી ૫૦ લાખ હેક્ટર જંગલો તથા ભૂમિનો દર વર્ષે નાશ થાય છે. આ પરિષદ દરમિયાન 'ક્યોટો સંધિ' હેઠળ ૨૦૦૮-૨૦૧૨ સુધીનાં ચાર વર્ષના ગાળા દરમિયાન ઔદ્યોગિક રાષ્ટ્રોને ૬થી ૮ ટકા ગ્રીન હાઉસ ગેસની નિકાસનું પ્રમાણ ઘટાડવા માટે બાધ્ય કરવામાં આવ્યા હતા. આ સંધિ, ૧૯૯૨ના આબોહવામાં પરિવર્તન અંગેના ઠરાવને દૃઢ કરે છે.

૧૯૯૮ની પરિષદમાં એન્ટાર્કિટકા પર વધી રહેલા ઓઝોનનાં ગાબડાંનો મુખ્ય મુદ્દો ચર્ચાયો હતો. ઓઝોનનું ગાબડું ૧૯૯૩માં ૨૦ લાખ ચોરસ કિલોમીટરથી વધીને ૧૯૯૮માં ૨૫૦ લાખ ચોરસ કિલોમીટર થઈ ગયું હતું. ૧૯૯૯માં સિએટલ ખાતે યોજાયેલ વિશ્વ વ્યાપાર સંગઠનની ત્રીજી પ્રધાન પરિષદ ભારે દેખાવોને કારણે બંધ કરી દેવી પડી હતી. આ વખતે વિશ્વ વ્યાપાર સંગઠનની પર્યાવરણ અને સામાજિક નીતિઓની ભારે નિંદા કરવામાં આવી હતી. ૨૦૦૦ની સાલમાં યોજાયેલ 'યુનાઈટેડ નેશન્સ મિલેનિયમ સમિટ'માં દુનિયાભરના નેતાઓએ તેના જાહેરનામાને અપનાવ્યું હતું. તેમાં ચાવીરૂપ મુદ્દાઓને અગ્રતા આપતાં મૂલ્યો, સિદ્ધાંતો તથા લક્ષ્યનો સમાવેશ થયો હતો.

વિશ્વના નેતાઓએ આ વખતે યુ.એન.ના ગરીબી દૂર કરવાના તથા વૈશ્વિકીકરણના યુગમાં વૈશ્વિક નિષ્પક્ષ અર્થવ્યવસ્થાને મહત્ત્વ આપતા મુદ્દા પ્રત્યેની અગ્રતા વિશે પોતાની સહમતિ દર્શાવી હતી. આ જ પરિષદ દરમિયાન 'જૈવ સુરક્ષા સંધિ'ને લાગુ કરતા જૈવિક ટેક્નોલોજી દ્વારા ફેરફાર કરાયેલા પાક તથા અંગોના વ્યાપાર વિશે બહુ જ સાવચેતી રાખવા પ્રત્યે ભાર મુકાયો હતો. ૨૦૦૧ની સાલમાં ભરાયેલ પરિષદમાં અમેરિકાના પ્રમુખ જ્યોર્જ બુશે જણાવ્યું હતું કે અમેરિકા

## નાગરિક સમાજનો બહિષ્કાર શા માટે?

**- વંદના શિવા**

ચિરંતન વિકાસ અંગેની જોહાનિસબર્ગ ખાતેની પરિષદ રિયો+૧૦ને બદલે દોહા+૧૦ બની રહી. ૧૦ મહિના અગાઉ 'વિશ્વ વ્યાપાર સંગઠન'ની પ્રધાનોની બેઠક તેને બચાવવા માટે દોહામાં મળી હતી. સીએટલમાં જે નવો દોર શરૂ કરવામાં નિષ્ફળતા મળી હતી તે આ દોહાની બેઠકમાં ફરી શરૂ કરવામાં આવે તેની સંમતિ સધાઈ. ચિરંતન વિકાસ માટેની આ વિશ્વ શિખર પરિષદમાં અમલ અંગેના દસ્તાવેજમાં દોહા અને 'વિશ્વ વ્યાપાર સંગઠન'નો ઉલ્લેખ એક તબક્કે ૪૬ વાર થયો છે. જ્યારે રિયો પરિષદનો ઉલ્લેખ માત્ર એક જ વાર થયો છે. અમેરિકા અને યુરોપીય સંઘ (ઈ.યુ.) દ્વારા તેનો મુસદ્દો તદ્દન બિનલોકતાંત્રિક રીતે દાખલ કરાયો અને થોડાક સુધારા-વધારા સાથે દક્ષિણ આફ્રિકા દ્વારા તેને ફરી દાખલ કરાયો. રિયોના ચિરંતનતાના એજન્ડાને બદલે 'વિશ્વ વ્યાપાર સંગંઠન'ના વ્યાપારી અને કોર્પોરેટ એજન્ડા દાખલ કરાયા તેની સામે સરકારોએ કંઈ બળવો પોકાર્યો નહિ.

ગરીબ દેશોમાં જમીન, પાણી, જૈવવૈવિધ્ય જેવાં પ્રાકૃતિક સંસાધનોની પ્રાપ્તિ અને તે માટેના અધિકારો સંબંધી ગરીબોની લડત ચાલુ છે અને તે લડતો મૂળભૂત રીતે પર્યાવરણીય લડતો છે. પણ જોહાનિસબર્ગ પરિષદને કૃત્રિમ રીતે ગરીબો વિશેની પરિષદ તરીકે રજૂ કરાઈ, પર્યાવરણ વિશેની પરિષદ તરીકે તે રજૂ ના થઈ. ગરીબીના ઉપાય તરીકે તે વખતે વૈશ્વિકીકરણ રજૂ થયું અને ગરીબો પાસેનાં રહ્યાંસહ્યાં સંસાધનો પણ લૂંટી લેવા માટેના નિર્ણયો તે સમયે લેવાયા. તેથી તેઓ વધારે ગરીબ બન્યા. પીવાના અને સિંચાઈના પાણીનું ખાનગીકરણ, બિયારણના પેટન્ટ અને જમીનથી ખેડૂતોનો અને તેને પરિણામે ખેતમજૂરોનો વિચ્છેદ વગેરેને ગરીબી નિવારણનાં પગલાં તરીકે વર્ણવવામાં આવ્યાં. પણ જોહાનિસબર્ગ પરિષદમાં પણ પ્રાકૃતિક સંસાધનોનાં બિનટકાઉ, અનૈતિક અને અસમાન માલિકી, નિયંત્રણ અને ઉપયોગને જ મુખ્ય કાર્યસૂચિ તરીકે સ્વીકારવામાં આવ્યાં હતાં. પૃથ્વી પરિષદને વાસ્તવમાં કોર્પોરેટ જગતે હાઈજેક કરી લીધી હતી. પરંતુ તેના સૂચિતાર્થો ઘણા ઊંડા છે. લોકશાહીને માટે આ વલણો ખૂબ જ ખતરનાક છે. કાનૂની રીતે બાધ્ય બહુપક્ષીય સમજૂતીઓને બદલે જાહેર-ખાનગી ભાગીદારીના સ્વરૂપમાં જે પરિણામો રજૂ કરાયાં છે તે રાજ્યો અને 'સંયુક્ત રાષ્ટ્રો' (યુનાઈટેડ નેશન્સ - યુએન)નું ખાનગીકરણ થયાનું પ્રતિબિંબ પાડે છે. 'અમે લોકો'નું 'સંયુક્ત રાષ્ટ્રો' જાણે કે "અમે કંપનીઓ"નું બની ગયું છે. આ પરિષદ જાણે કે હરાજીનું કેન્દ્ર બની ગયું કે જ્યાં પૃથ્વીને જ વેચવા માટે મૂકવામાં આવી. નાગરિક સમાજને માટે પૃથ્વી અને જગત વેચાણ માટે નથી.

ક્યોટો સંધિને માન્ય રાખશે નહીં અને કાર્બન ડાયોકસાઈડના નિકાસ સ્તરને ઓછું કરવું હાલ તેને પોસાય તેમ નથી.

## પર્યાવરણ અને ટકાઉ વિકાસનો અનુબંધઃ ચર્ચાના મુખ્ય વિષય

ટકાઉ વિકાસના માર્ગમાં મુખ્યત્વે ગરીબી, વસ્તી વધારો, પ્રદૂષણ, શિક્ષણ, આરોગ્ય, જૈવિક વિવિધતા, આરોગ્યપ્રદ પરિસ્થિતિ, સંપત્તિની ન્યાયિક અને અસમાન વહેંચણીને મુખ્ય અવરોધક પરિબળો તરીકે માનવામાં આવ્યા. વિકાસશીલ અને વિકસિત દેશો વચ્ચે અસમાનતાઓ અને પર્યાવરણના પ્રદૂષણને પહોંચી વળવા માટેનાં પગલાં અંગે હંમેશાં મતભેદો પ્રવર્તતા હોય છે. બે ઘટનાઓએ વિકસિત દેશોના ઈરાદા અંગે શંકા ઊભી કરી છે. પ્રથમ તો, ક્યોટો સંધિ ઉપર હસ્તાક્ષર કરવામાં અમેરિકાના ત્રાગાં હજુ શમ્યાં નથી.

બીજું કે, આ સંમેલનમાં એક મહિના અગાઉ સંયુક્ત 'રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ' (યુએનઈપી) દ્વારા એશિયાના આકાશમાં ભૂરાં વાદળોની પથરાયેલી ચાદર અંગેનો ચોંકાવનારો અહેવાલ પ્રગટ થયો છે. આ અહેવાલમાં દર્શાવાયું છે કે, એશિયા ખંડ ઉપરના આકાશમાં પ્રદૂષણના કારણે ત્રણ કિ.મી. જાડી પ્રદૂષિત વાદળોની ચાદર છવાઈ ગઈ છે! આ અહેવાલ એશિયામાં વધી રહેલી પ્રદૂષણની સમસ્યા તરફ અંગુલિનિર્દેશ કરે છે. આ અહેવાલ ઉપરથી સ્પષ્ટપણે ફલિત થાય છે કે, વિકસિત દેશો પોતાની ભૂલો છુપાવીને બીજાની ભૂલો અંગે હોબાળો મચાવી રહ્યા છે.

યુએનઈપીનો 'ભૂરાં વાદળો' અંગેનો અહેવાલ આંશિકપણે સાચો હોય તો પણ સૌને માટે લાલ બત્તી સમાન છે. 'સંયુક્ત રાષ્ટ્રો'ની આ એજન્સીએ જણાવ્યું છે કે એશિયા ખંડ ઉપર છવાયેલા ભૂરાં વાદળો ધૂળ, માટી, ધૂમ્રસેરો, રાખ અને એરોસોલના બનેલા છે અને તેની ઉત્પત્તિ મોટે ભાગે ડીઝલના વાહનોનો ધૂમાડો અને જંગલોમાં લાગતી આગના ધૂમાડાના કારણે થાય છે. રિપોર્ટમાં દર્શાવ્યું છે કે આ વાદળોની ત્રણ કિ.મી. જેટલી જાડી પ્રત સમગ્ર એશિયા ખંડ ઉપર ઓછાવત્તા પ્રમાણમાં છવાયેલી છે. પરિણામે પશ્ચિમ-ઉત્તર ભારત, પાકિસ્તાન,

દક્ષિણ આફ્રિકાના પ્રમુખ એમ્બેકીએ 'નાગરિક સમાજ મંચ'ને ખુલ્લો મૂકતી વખતે વૈશ્વિક રંગભેદની વાત કરી હતી. રાજકીય ઘોષણાના મુસદ્દામાં પણ તેમણે વૈશ્વિક રંગભેદ શબ્દોનો ઉલ્લેખ કર્યો હતો. અમેરિકાના દબાણથી પછી દક્ષિણ આફ્રિકાએ આ ઉલ્લેખ રદ કર્યો અને ઘોષણાનો પાઠ બદલી નાખ્યો. માત્ર નોર્વે અને ઇથિયોપિયાએ જ રિયોમાં જે બહુપક્ષીય પર્યાવરણીય સમજૂતીઓ થઈ હતી તેને 'વિશ્વ વ્યાપાર સંગઠન'ના નિયમોને અધીન બનાવવા માટે વિરોધ વ્યક્ત કર્યો હતો. ઘોષણાના પાઠમાં 'ફ્રેન્ડ્ઝ ઓફ ધી અર્થ' ઝુંબેશ દ્વારા કંપનીઓની જવાબદારીની જે દરખાસ્તો સફળતાપૂર્વક દાખલ કરાઈ હતી તેને પણ વિકૃત બનાવાઈ હતી અને તેનો પણ આ બે દેશોએ વિરોધ કર્યો હતો. આરોગ્યના સંબંધમાં માનવ અધિકારોના વિષય વિશે જે ભાષા વપરાઈ હતી તે ભાષાને દૂર કરવામાં મહિલા પ્રધાનોના જૂથને સફળતા મળી હતી એ જ એકમાત્ર વિજય હતો.

ચિરંતન વિકાસ વિશેની આ વિશ્વ શિખર પરિષદમાં પાણીના ખાનગીકરણની સામે ભારે વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો. જોહાનિસબર્ગ ખાતેની પરિષદથી એ સ્પષ્ટ થઈ ગયું કે સંસ્કૃતિઓ વચ્ચેનો ખરો સંઘર્ષ તો જીવનની સંસ્કૃતિઓ અને મૃત્યુની સંસ્કૃતિઓ વચ્ચે છે. ગરીબી-વિરોધી આંદોલન, ન્યાય માટેનું આંદોલન, ચિરંતનતા માટેનું આંદોલન, પર્યાવરણ સુરક્ષા માટેનું આંદોલન વગેરે બધાં એક જ આંદોલન છે અને તે બધાં જ આંદોલનો વાસ્તવમાં ટકાઉપણા માટેનાં આંદોલનો છે અને તે ટકાઉપણાનો અધિકાર પ્રાકૃતિક અધિકાર છે તે દર્શાવવા માટેનાં આંદોલનો છે. આ પ્રાકૃતિક અધિકારને કાગળના ટુકડાઓ પરના ભ્રષ્ટ સોદાઓ હણી શકે નહિ. તેથી જ જોહાનિસબર્ગ ખાતેની પરિષદમાં આ આંદોલનો પાસે નૈતિક તાકાત હતી.

રિયોની પરિષદે 'જૈવવૈવિધ્ય ઠરાવ' અને 'જૈવસુરક્ષા સંધિ' આપ્યાં હતાં. પણ જોહાનિસબર્ગની પરિષદે આફ્રિકામાં બાયોટેક્નોલોજી (જૈવ તકનિકી) ધકેલવા માટેનું બજાર પૂરું પાડ્યું. સેંકડો આફ્રિકી ખેડૂતો અને સરકારી પ્રતિનિધિઓએ 'જનીન દ્વારા સુધારિત આહાર' (જીએમએફ)ની જે સહાય આફ્રિકાને આપવામાં આવે છે તેનો સખત વિરોધ કર્યો. આફ્રિકાના ૪૫ દેશો વતી આ વાત રજૂ થઈ હતી. ઝામ્બિયા અને ઝિમ્બાબ્વેની સરકારોએ પરિષદમાં આ અંગે જે રજૂઆત કરી હતી તેને આફ્રિકાના નાગરિક સમાજ તરફથી ભારે ટેકો મળ્યો હતો. આ પરિષદ વખતે બાળકો, સ્વૈચ્છિક સંસ્થાઓ, ભૂમિહીન મજૂરો વગેરેની જુદી જુદી પરિષદો મળી હતી. આ વૈકલ્પિક પરિષદોએ લોકકેન્દ્રી અને પૃથ્વીકેન્દ્રી એજન્ડા રજૂ કર્યો હતો. ચોથી સપ્ટેમ્બરે શિખર પરિષદની આવી વિકસિત દેશોના વર્ચસ્વવાળી સત્તાવાર પ્રક્રિયાનો સ્વૈચ્છિક સંસ્થાઓના ઘણા નેતાઓએ સભાત્યાગ કરીને વિરોધ કર્યો. તેમણે જે નિવેદન જારી કર્યું તેમાં કહેવાયું કે, "નાગરિક સમાજ અને પૃથ્વીના ભોગે સરકારો અને કંપનીઓએ તેમનાં હિતો સાધવા માટે જે ભંગાણ પાડ્યું" તેના પ્રત્યે તેમણે રોષ વ્યક્ત કર્યો હતો.

અફઘાનિસ્તાન અને ચીનના મોટા ભાગના વિસ્તાર ઉપર પડતો ૧૫થી ૨૦ ટકા સૂર્યપ્રકાશ રોકાઈ જાય છે.

વિશ્વમાં તાપમાન વૃદ્ધિ માટે જવાબદાર હોવા છતાં અમેરિકાએ ક્યોટો સંધિનો સ્વીકાર કરવાની ચોખ્ખી ના પાડી દીધી છે. ૧૯૯૫માં જાપાનના ક્યોટો શહેરમાં ઘોષિત થયેલા આ દસ્તાવેજમાં ઔદ્યોગિકીકરણ અને વાહનોના પ્રદૂષણથી દુનિયાના તાપમાનમાં નોંધાતી સતત વૃદ્ધિને પહોંચી વળવા માટેના ઉપાયો પ્રયોજવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં ૭૦ ટકાથી વધુ દેશોએ ક્યોટો સંધિ ઉપર હસ્તાક્ષર કર્યા છે. પરંતુ આ સિત્તેર ટકા દેશો માત્ર ૪૫ ટકા પ્રદૂષણ માટે જવાબદાર છે. વધારે પ્રદૂષણ અંગે અમેરિકા જેવા વિકસિત દેશો જવાબદાર છે. વિકસિત દેશોએ ક્યોટો સંધિ ઉપર હજુ સુધી હસ્તાક્ષર કર્યા નથી અને એક યા બીજાં કારણો દર્શાવી તે ટાળી રહ્યાં છે.

૧૯૯૨ની શિખર પરિષદમાં અમેરિકાએ બગડતી જતી હવા, પાણી તથા જમીન સામે મદદ કરવા માટે સહમતિ દાખવી હતી. ત્યાર બાદ મહિલાઓને મદદ કરવાનાં, ગરીબી દૂર કરવાનાં તથા શિક્ષણ પૂરું પાડવાનાં વચનો અપાયાં હતાં. રિયો સંમેલનમાં જે મહત્ત્વના ઠરાવ થયા હતા તેના ઉપર ભાગ્યે જ કોઈ અમલ શક્ય બન્યો છે. દોહા (કતાર) ખાતે આ વર્ષે જ વિશ્વ વ્યાપાર સંગઠન (ડબલ્યુટીઓ)ના સંમેલનમાં નિર્ધારિત થયું હતું કે, કૃષિ ક્ષેત્રે અપાતી સબસિડીમાં ધરખમ ઘટાડો કરી દેવો તેમ છતાં હજુ તાજેતરમાં જ અમેરિકાએ ત્યાંના ખેડૂતો માટે એક સબસિડીની જાહેરાત કરી છે. દક્ષિણ આફિકાના નેતૃત્વ હેઠળ એશિયા અને આફ્રિકા ખંડના દેશોમાં ગરીબી ઘટાડવાનો મુદ્દો પણ સંમેલનના એજન્ડામાં સર્વોપરી હતો. જ્યારે વિકસિત દેશો માટે પ્રાકૃતિક સંપદાનું રક્ષણ એ મહત્ત્વનો મુદ્દો હતો.

રિયો ખાતેના પૃથ્વી સંમેલનમાં 'એજન્ડા ૨૧' ઉપર વિવિધ દેશોએ હસ્તાક્ષર કર્યા હતા. આ તમામ પ્રકરણોમાં સમુદ્રની માછલીઓથી માંડી આકાશના પર્યાવરણને લગતી તમામ બાબતો સર્વગ્રાહી રીતે આવરી લેવામાં આવી હતી. એ એજન્ડામાં એટલે સુધી પણ જણાવાયું હતું કે જે ગરીબ દેશો ધિરાણના બોજા હેઠળ દબાયા છે તેઓનું ઋણ માફ કરવું જોઈએ. અત્યારે આ ધિરાણ ૩૪ ટકા જેટલું વધી ગયું છે અને આ એક હજાર અબજ ડોલર પાર કરી ગયું છે. આફ્રિકા ખંડમાં સહારાના રણની નીચે આવેલા દેશોમાં ગરીબીની રેખા હેઠળ જીવતા લોકોની સંખ્યા ૨૪ કરોડ જેટલી હતી. તે દસ વર્ષ પછી ૩૦ કરોડ જેટલી થઈ ચૂકી છે.

સબસીડીનો મુદ્દો પણ અત્યંત પેચીદો છે. વિકસિત દેશો આવાં સંમેલનોમાં આ મુદ્દો ચર્ચાવા દેતા જ નથી. પોતે ખેડૂતોને ખૂબ મોટી સબસીડીઓ ચૂકવે છે પરંતુ જ્યારે વિકાસશીલ રાષ્ટ્રો ખેત ઉત્પાદન વધારવા માટે સબસીડી ચૂકવવાની વાત કરે ત્યારે ડબલ્યુટીઓ જેવાં સંગઠનો મારફત તેઓ દંડો ચલાવે છે. વિકસતા દેશોને ધિરાણ આપતી વિશ્વ બેંક જેવી સંસ્થાઓ પણ સબસિડીના ઘટાડા ઉપર ભાર મૂકે છે. અત્યારે વિશ્વમાં સબસિડી પાછળ પ્રતિ વર્ષ ૧૮૦૦૦ અબજ રૂપિયા ખર્ચાય છે. આ રકમ પ્રતિદિનના હિસાબે પાંચ અબજ રૂપિયા જેટલી થવા પામે છે. અમેરિકા બીજા દેશોને જે અનાજ વેચે છે તેની પડતર સરેરાશ ૪૬ ટકા જેટલી ઓછી હોય છે. વિકસતા દેશોના ખેડૂતો આવા વિકસિત દેશોના ખેડૂતોની બરાબરી કરી શકતા નથી. ખુદ 'સંયુક્ત રાષ્ટ્રો'એ સ્વીકાર્યું છે કે વિકાસશીલ દેશોને દર વર્ષે ૨૮૦૦ અબજ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. આ મુદ્દો પૃથ્વી સંમેલનમાં ચર્ચવા જેવો હતો જે વિકસિત દેશોની લોબીએ દબાવી રાખ્યો.

બીજો મુદ્દો જિનેટિક (જનીન) દષ્ટિએ સુધારેલા અન્નનો છે. અત્યારે દુનિયાભરમાં આ મુદ્દે વિવાદ ચાલી રહ્યો છે. સમસ્યા એ છે કે, જિનેટીકલી મોડીફાઈડ ફુડનો ધંધો સંપૂર્ણપણે કોર્પોરેટ જગતના હાથમાં છે. એકલ દોકલ કિસાનને તેનાથી શું લાભાલાભ છે તેની કોઈને પડી નથી. હવે દુષ્કાળગ્રસ્ત આફ્રિકી દેશોના લોકોની ક્ષુધા તૃપ્ત કરવા માટે જનીન રીતે સુધારેલું ખાદ્યાન્ન મોકલવાની દરખાસ્ત છે. કેટલાય આફ્રિકી દેશોએ આવું અનાજ સ્વીકારવાની ના પાડી દીધી છે. આ અંગે વિશ્વ સ્તરે જે રીતે સક્રિય વિચારણા થવી જોઈએ તે આ પરિષદમાં થઈ નથી તે હકીકત છે.

સમગ્ર વિશ્વ અત્યારે જે ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે તે અંગે તેટલી જ ગંભીરતાથી વિચારણા થાય અને તેનો સામનો કરવા માટે માર્ગ શોધી નાંખવામાં આવે એ સમયનો તકાજો છે. સૌથી મોટો પ્રશ્ન વસ્તી વિસ્ફોટનો છે. અત્યારે વિશ્વની વસ્તી ૬ અજબની સપાટીને વટાવી ગઈ છે. વસતિ વધારા અંગે કાર્યક્ષમ પગલાં વિચારવામાં આવ્યાં નથી. ભારત જેવા વિકાસશીલ દેશની પ્રગતિને રૂંધતું એકમાત્ર પરિબળ આ વસ્તી વધારો છે. પરંતુ રાજકારણીઓ પોતાના અંગત સ્વાર્થ ખાતર આ મુદ્દાને બહુ મહત્ત્વ આપતા નથી. ૧૯૭૫થી ૨૦૦૦ની સાલમાં વસતિ વધારો ૪૮ ટકા થયો છે. જો આ ક્ષેત્રમાં 'પ્રગતિ' ચાલુ રહી તો ૨૦૫૦ની સાલમાં આપણે ચીનને પાછળ મૂકી દઈશું.

ખાદ્યાન્નનો પ્રશ્ન પણ અત્યારે ચર્ચવો જરૂરી છે. આ મુદ્દો પશ્ચિમના દેશોના દૃષ્ટિબંદુથી નહીં પરંતુ રોજ રાત્રે ભૂખ્યા જ સૂવા જતાં ત્રીજા ભાગના વિશ્વની દૃષ્ટિથી જોવો જરૂરી છે. ખોરાકની સાથે પાણીનો પ્રશ્ન પણ હવે વિકટ બની ચૂક્યો છે. એક અંદાજ પ્રમાણે માત્ર ૫ ટકા પાણી તાજું અને સ્વચ્છ રહ્યું છે. પાણીનાં સ્રોત ઘટતાં જાય છે. પ્રવર્તમાન સ્રોતમાંથી અશુદ્ધ અને રોગજન્ય પાણી લોકોને પીવું પડે

છે. પાણીની કાયમી તંગી નિવારવામાં હવે વિલંબ બિલકુલ પાલવે તેમ નથી.

વાતાવરણના પ્રદૂષણનો પ્રશ્ન પર્યાવરણવાદીઓ અને વૈજ્ઞાનિકો સમક્ષ મોટો પડકાર છે. ક્લોરોફ્લુરોકાર્બન્સ નામના પ્રદૂષકોએ ઓઝોન પટલમાં મોટું ગાબડું સર્જ્યું છે. વાહનો અને ઉદ્યોગોના પ્રદૂષણને નાથવા માટે ભાગ્યે જ ધ્યાન અપાયું છે. આના કારણે ગરમીનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે. બરફ ઓગળવાની ક્રિયાને કારણે દરિયાની સપાટી વધી રહી છે. જંગલોનો નાશ એ પર્યાવરણને હાનિ પહોંચાડતાં પરિબળોમાં મુખ્ય છે. ૩૦ વર્ષમાં એમેઝોનનાં ૧૫ ટકા વનોનું નિકંદન થયું છે. જંગલોમાં હવે દાવાનળની ઘટનાઓ આશ્ચર્ય પમાડે છે.

જૈવ વૈવિધ્ય એ કુદરતી સંતુલન માટે ઘણી જરૂરી બાબત છે. ૯૦૦૦ જેટલા પ્રાણીઓ અને વનસ્પતિની જાતિઓ નિકંદનના આરે આવી ગઈ છે. વિશ્વના તાપમાનમાં વધારાની સમસ્યા હવે બહુ દૂરના ભવિષ્યની રહી નથી પણ આજની બની છે તેવી ચેતવણી પણ ઉચ્ચારવામાં આવી છે. પૃથ્વી સંમેલનમાં દુનિયાભરના પર્યાવરણને સ્પર્શતાં આવાં પ્રાણપ્રશ્નોની ચર્ચા કેમ થતી નથી એ આશ્ચર્યની બાબત છે. અમેરિકાના વિદેશ મંત્રી કાલિન પોવેલના પ્રવચન દરમ્યાન અમેરિકાનો હુરિયો બોલાવાયો તે વિકાસશીલ દેશોના રોષનો પડઘો હતો.

## શિખર સંમેલનમાં ભારત

વિશ્વનાં મોટા ભાગનાં વિકાસશીલ રાષ્ટ્રો હાલ કુદરત અને માનવ નિર્મિત ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યાં છે. ત્યારે વિશ્વમાં બીજા નંબરની સૌથી વધુ વસતિ ધરાવતો ભારત દેશ વિકાસનાં પગથિયાં ચઢવામાં ઘણી જ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો છે. એક અબજ કરતાં વધારે લોકો માટે ખોરાક પૂરો પાડવાથી લઈને એઈડ્સ, મલેરિયા જેવા રોગોને કાબૂમાં રાખવાથી માંડીને ૩૫ કરોડ કરતાં વધારે વ્યક્તિઓને શિક્ષણ આપવાની તથા અસ્તિત્વ ટકાવી રાખવાની સાથે વિકાસની સમસ્યા ભારતને સતાવી રહી છે. ભારતમાં આપણું ભવિષ્ય શું ? ભારતમાં ઘટતાં જતાં ખોરાક તથા પાણીનાં સ્રોતોનું શું? શું આપણે પ્રતિવર્ષ ૨ કરોડની વધતી વસતિના દબાણને સહન કરી શકીશું ? શું આપણે ૨૦૧૫ સુધીમાં ૩૨ કરોડ લોકોને ગરીબાઈમાંથી મુક્તિ અપાવી શકીશું? આવા અનેક પ્રશ્નો ઉત્તરની પ્રતીક્ષા કરી રહ્યા છે.

ભારતે આ સંમેલન માટે કોઈ વિશિષ્ટ તૈયારી અને ગૃહકાર્ય કર્યું હોય એવું જણાતું નથી. પૃથ્વી સંમેલન માટે કોઈ એજન્ડા પણ બનાવાયો નહોતો. ભારત સરકારના પ્રતિનિધિ મંડળમાં વિદેશ પ્રધાન યશવંત સિંહા અને વન અને પર્યાવરણ મંત્રી ટી. આર. બાલુ ઉપરાંત બે ભૂતપૂર્વ પર્યાવરણ મંત્રીઓ, બે સાંસદો, પર્યાવરણ સચિવ, ઉપસચિવ અને નાયબ સચિવોની મોટી ફોજ સામેલ હતી. પર્યાવરણ વિશેષજ્ઞ તરીકે સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટનાં નિર્દેશક સુશ્રી સુનિતા નારાયણ અને અમદાવાદના જ સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટ એજ્યુકેશન (સીઈઈ) ના વડા શ્રી કાર્તિકેય સારાભાઈને આમંત્રિત કરવામાં આવ્યા હતા. વિશ્વના ઔદ્યોગિક દેશો વિકાસશીલ દેશો પર કેટલાક વ્યાપારી અવરોધો લાવવા માંગતા હતા. ભારતના પર્યાવરણ અને વનમંત્રી શ્રી ટી.આર.બાલુના જણાવ્યા પ્રમાણે ઈકો-લેબલિંગના પ્રસ્તાવને રદ કરાવવામાં ભારત અને અન્ય વિકાસશીલ દેશોને સફળતા સાંપડી છે. ભારતના વિદેશમંત્રી શ્રી યશવંત સિંહાએ પોતાના વક્તવ્યમાં સમૃદ્ધ દેશોને તેમના દ્વારા કુદરતી સંપત્તિની વપરાશમાં થતા અતિરેકને પૃથ્વીના પર્યાવરણની હાનિ માટે દોષિત ગણાવ્યા હતા. વિશ્વની સાધનસંપત્તિનો સૌથી વધુ ઉપયોગ ગરીબો નહિ પણ ધનિકો કરે છે.

તેમણે જણાવ્યું હતું કે ઔદ્યોગિક દેશોએ વિકાસશીલ દેશોમાંથી થતી આયાતો પર જે જકાત લાદી છે તે અન્ય ઔદ્યોગિક દેશોમાંથી થતી આયાત જકાત કરતાં ચાર ગણી છે. વિશ્વના ૨૮ કરોડ ગરીબોની માથાદીઠ રોજની આવક બે ડોલરથી પણ ઓછી હોવાનું જણાવી ગરીબો તથા ધનિકો વચ્ચેના મોટા અંતરનો તેમણે ખ્યાલ આપ્યો હતો. ટૂંકમાં વિશ્વની ગરીબી માટે સમૃદ્ધ દેશો જવાબદાર છે એમ એમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું. ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રીએ ભારતથી આવેલા સરકારી અને બિનસરકારી પ્રતિનિધિઓની એક મીટિંગ બોલાવી હતી કે જેમાં ભારત સરકારના ટકાઉ વિકાસ કાર્યક્રમ અંગેના પ્રયાસો વિશેની સૌને જાણકારી આપવામાં આવી હતી અને બિનસરકારી પ્રતિનિધિઓને ભારતના ટકાઉ વિકાસના પ્રયાસો વિશે મંતવ્યો જણાવવા કહ્યું હતું. સૌ સભ્યો સરકારના પ્રયાસોથી સંતુષ્ટ નહોતા.

## શિખર સંમેલનની ફલશ્રુતિ

૧૯૯૨માં રિયો દ' જાનેરો ખાતે યોજાયેલા પ્રથમ પૃથ્વી સંમેલનમાં ૧૧૭ દેશોના વડા હાજર રહ્યા હતા. આ વખતે ૧૦૪ દેશોના વડા જોહાનિસબર્ગ ખાતે આવ્યા હતા એ કમનસીબી ગણાય. પર્યાવરણ પ્રત્યેની ઉદાસીનતાનો આ તાદૃશ નમૂનો છે.

જોહાનિસબર્ગ ખાતે ભેગા થયેલા વિવિધ રાષ્ટ્રોના પ્રતિનિધિઓ દ્વારા કોઈ નવા ગ્રહનું નિર્માણ થઈ શકે તેમ નથી. પરંતુ તેઓએ કેટલાક

**જુઓ પૃષ્ઠ ૨૩**

# આંતરરાષ્ટ્રીય શ્રમ પરિષદ

‘આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન’ લગભગ દર વર્ષે મજૂરોના પ્રશ્નો અંગે એક આંતરરાષ્ટ્રીય શ્રમ પરિષદ બોલાવે છે. આ વર્ષે બોલાવાયેલી પરિષદમાં અનૌપચારિક અર્થતંત્રમાં યોગ્ય રોજગારી વિષય વિશે જે ચર્ચાઓ અને રજૂઆત થઈ તેની એક ટૂંકી નોંધ અત્રે આપવામાં આવી છે.

## પ્રસ્તાવના

જિનિવા ખાતે આંતરરાષ્ટ્રીય મજૂર પરિષદની ૯૦મી બેઠક ૪ જુનથી ૨૧ જુન, ૨૦૦૨ દરમ્યાન મળી હતી. બેઠકનો વિષય હતોઃ ‘અનૌપચારિક અર્થતંત્રમાં સારી રોજગારી’. ‘આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન’ (ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન - આઈએલઓ) દ્વારા ચાલુ વર્ષે જે અહેવાલ જારી કરાયો છે તેમાં જે છ મુખ્ય વિષયો જણાવાયા છે તેમાંનો એક વિષય અનૌપચારિક અર્થતંત્રમાં સારી રોજગારી વિશેનો છે. દુનિયાભરમાંથી લગભગ ૨૦૦૦ પ્રતિનિધિઓ આ બેઠકમાં હાજરી આપવા આવ્યા હતા. તેમાં કામદારો, સરકારો અને માલિકોના એમ ત્રણેય જૂથના પ્રતિનિધિઓનો સમાવેશ થતો હતો. અનૌપચારિક અર્થતંત્ર માટે વધુ સારો ઉપાય શોધી કાઢવા વિષયની લંબાણપૂર્વક ચર્ચા કરવા માટે આ ત્રણેય જૂથોનો સમાવેશ થાય તેવું માળખું શોધી કાઢવામાં આવ્યું હતું.

## અનૌપચારિક ક્ષેત્ર

કામદારોના જૂથ દ્વારા જે ચર્ચા થઈ તેમાં અધ્યક્ષ તરીકે ક્રિસ્ટાઈન નેથાન હતાં. તેમાં જૂથ ચર્ચામાં ભાગ લેનારામાં આઈસીએફટીયુ (ઈન્ટરનેશનલ કન્ફેડરેશન ઓફ ફ્રી ટ્રેડ યુનિયન્સ)ના ડ્વાઈટ જસ્ટિસ અને આઈએલઓનાં સુશ્રી ફેથનો સમાવેશ થતો હતો. પરિષદમાં જે ચર્ચા થઈ તે આઈએલઓ દ્વારા અપાયેલા અહેવાલમાંના નીચેના છ મુદ્દાઓ પર થઈઃ

(૧) ધંધો કરતા કે રોજગારી ઊભી કરતા માલિકો કે અન્ય લોકોની જરૂરિયાતો પરિપૂર્ણ થાય તે રીતે કામદારોના રક્ષણ માટેના આધાર તરીકે અનૌપચારિક ક્ષેત્ર કે અનૌપચારિક અર્થતંત્રની હાલની વિભાવના પૂરતી છે ખરી?

(૨) આર્થિક એકમો અને સંબંધિત કામદારોની પરિસ્થિતિનાં વિધાયક કે નકારાત્મક મુખ્ય લક્ષણો કે પાસાં કયાં કયાં છે.?

(૩) આ પ્રવૃત્તિમાં સામેલ થવાનાં કે આ પરિસ્થિતિમાં કામ કરવા માટેનાં કારણો કયાં કયાં છે? મુખ્ય પ્રવાહમાં અથવા ઔપચારિક આર્થિક કે સામાજિક રક્ષણ વ્યવસ્થામાં પ્રવેશવા આડે કયા અવરોધો છે?

(૪) કયાં સાધનો એટલે કે કઈ નીતિઓ, સંસ્થાઓ, પ્રક્રિયાઓ વગેરે આ પરિસ્થિતિનો શ્રેષ્ઠ રીતે સામનો કરી શકે? રોજગાર સર્જન ચાલુ રાખતી વખતે આ અવરોધોને કેવી રીતે પાર કરી શકાય?

(૫) રાષ્ટ્રીય અને સ્થાનિક સરકારો, માલિકો અને કામદારોમાં સંગઠનોની આ પરિસ્થિતિમાં શું ભૂમિકા હોય? કામદારો, માલિકો અને ધંધો કરનારા અન્ય લોકોની જરૂરિયાતોને પહોંચી વળવામાં કયા પડકારો છે અને તેમાં કયું યોગદાન આપી શકાય તેમ છે?

(૬) આઈએલઓની નીતિ, સંશોધન અને તકનિકી સહાય માટે કઈ પ્રાથમિકતાઓ હોવી જોઈએ કે જેથી સારા કામનું એકંદર લક્ષ્ય સિદ્ધ થઈ શકે?

## વિવિધ સૂચનો

આ બેઠકમાં કામદારોની સમસ્યાઓ વિશે વિવિધ સૂચનો કરવામાં આવ્યાં. વિવિધ દેશોના પ્રતિનિધિઓએ તેમના દેશોની સ્થિતિ અંગે પણ રજૂઆતો કરી.

ઈન્ડોનેશિયાના પ્રવક્તાએ કહ્યું કે ૭૦ ટકા ઈન્ડોનેશિયા નાણાકીય કટોકટીનો સામનો કરી રહ્યું છે. અનૌપચારિક ક્ષેત્ર મોટા પાયા પર વધી રહ્યું છે અને તેને હવે સંગઠિત કરવાની જરૂર છે. તાન્ઝાનિયાના પ્રવકતાએ એમ કહ્યું કે તાન્ઝાનિયામાં ૯૦ ટકા વસ્તી અનૌપચારિક ક્ષેત્રમાં છે. તેની સ્થિતિ સુધારવા માટે ત્રણ બાબતો પર ભાર મૂકવાની જરૂર છેઃ (૧) કાનૂની માળખું ઊભું કરવું. (૨) લઘુ ધિરાણ પૂરું પાડવું. (૩) માહિતી, તકનિકી અને બજાર પ્રાપ્ય બનાવવાં. ફિનલેન્ડનાં સુશ્રી હીલીએ કહ્યું કે અનૌપચારિક ક્ષેત્ર માટે સૌથી મહત્ત્વની બાબત રોજગારીના સર્જનની છે. અનૌપચારિક ક્ષેત્રની રચના જ એવી છે કે તેનાથી તેને રક્ષણ મળતું નથી. આ ક્ષેત્ર માટે કોઈ નીતિ ઘડાતી નથી. વળી, વૈશ્વિકીકરણે અનૌપચારિક ક્ષેત્રને જુદી જ દિશામાં ધક્કો માર્યો છે. તેથી અનૌપચારિક અર્થતંત્રને રક્ષણ આપવા માટે કાનૂની માળખાની જરૂર છે.

ભારતનાં પ્રતિનિધિ સુશ્રી રેનાના ઝાબવાલાએ કહ્યું કે કામદારોની

સમસ્યાઓ પર જ મુખ્યત્વે આપણે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આ સંદર્ભમાં પાંચ મુદ્દાઓ અગત્યના છેઃ

(૧) આપણે કામદારો પ્રત્યે આપણી ચિંતા વ્યકત કરવી જોઈએ. આપણે અનૌપચારિક ક્ષેત્રના સંદર્ભમાં નહિ, પણ કામદારોની સ્થિતિ વિશે ચિંતા કરવી જોઈએ.
(૨) અનૌપચારિક ક્ષેત્ર સાથે વૈશ્વિકીકરણનો સંબંધ આપણે કેવી રીતે જોડવો?
(૩) અનૌપચારિક ક્ષેત્ર એ ગરીબીનું કારણ છે.
(૪) સરકારે સતત રોજગાર સર્જન વિશે વિચારવું જોઈએ. રોજગારી અને રક્ષણનું સહ-અસ્તિત્વ હોઈ શકે. એ બંને વચ્ચે વિરોધ હોય એ જરૂરી નથી.
(૫) અનૌપચારિક ક્ષેત્રનો એક અગત્યનો મુદ્દો કામદારોને સંગઠિત કરવાનો છે.

ઈટાલીનાં સુશ્રી ક્લારાએ જણાવ્યું કે આપણી વચ્ચે રક્ષિત અને અરક્ષિત કામદારો તથા સ્વરોજગાર મેળવનારા અને કોઈ કાનૂની માળખું ન ધરાવનારા કામદારો વગેરેની બાબતમાં સ્પષ્ટતા હોવી જોઈએ. અનૌપચારિક ક્ષેત્રના કામદારોની ગરીબી અને રોજગાર સર્જન વચ્ચેના સંબંધ બાબતે પણ સ્પષ્ટતા હોવી જરૂરી છે. ઘાનાનાં સુશ્રી હન્નાહે સરકારની ભૂમિકા અને યોગ્ય સરકારી નીતિઓ પર ભાર મૂક્યો હતો. આઈસીએફટીયુના ડ્વાઈટ જસ્ટિસે અનૌપચારિક ક્ષેત્રની વ્યાખ્યા પર ભાર મૂક્યો અને કહ્યું કે આઈએલઓનાં ધોરણો તેમાં કેવી રીતે કામ કરે છે એ અગત્યનું છે.

## ખુલ્લી બેઠકમાં ચર્ચા

માલિકો, સરકાર અને કામદારોના પ્રતિનિધિઓએ આ બેઠકમાં ચર્ચા કરી. માલિકોના પ્રતિનિધિએ તેમના પ્રવચનમાં કહ્યું હતું કે ૧૯૯૧થી અનૌપચારિક અર્થતંત્રની બાબતમાં કોઈ વિધાયક ઉકેલ લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો નથી. કોઈ નિશ્ચિત પગલાં ભરવામાં આવ્યાં નથી. આ સંદર્ભમાં નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવાવા જોઈએ:

(૧) માલિકો સાથેના અનૌપચારિક ક્ષેત્રના સંબંધને અવગણી શકીએ નહિ. કેટલાક નીતિ વિષયક મુદ્દાઓ ઉપસ્થિત થાય છે અને તેને અંગે નીતિઓ ઘડવી જોઈએ.
(૨) સરકારે અનૌપચારિક ક્ષેત્રમાં મહત્ત્વની ભૂમિકા ભજવવી જોઈએ.
(૩) અનૌપચારિક ક્ષેત્ર ઉપર વૈશ્વિકીકરણની અસર વિશેષ થઈ રહી છે. આ સંદર્ભમાં પણ સરકારે યોગ્ય નીતિઓ ઘડવી જોઈએ.

કામદારોના પ્રતિનિધિઓએ કહ્યું કે આઈએલઓની ભૂમિકા અગત્યની છે. અનૌપચારિક ક્ષેત્ર રોજગારી વધી રહી છે. પરંતુ કામદારોને રક્ષણ ન મળતું હોવાની સમસ્યા અગત્યની છે. તેમને બજાર, તકનિકી અને માહિતી મળતાં નથી તેથી તેઓ છેવાડે ફેંકાઈ જાય છે. આ કામદારોની સ્થિતિ સુધરે, તેમને માટેનું કાનૂની માળખું યોગ્ય બને અને સંસ્થાકીય માળખાં સુધરે એ જરૂરી છે અને તે માટે આઈએલઓ દ્વારા યોગ્ય ભૂમિકા ભજવાવી જોઈએ. સરકારનાં વિકાસલક્ષી ધ્યેયોમાં અનૌપચારિક ક્ષેત્ર આવતું નથી. તેથી ખરેખર તો સરકારે તેના પર વધુ ધ્યાન આપવાની જરૂર છે. કામદારો માટે કાનૂની દરજ્જો અગત્યની બાબત છે.

## અસંગઠિત મજૂરો માટે એક દિવાસ્વપ્ન

અસંગઠિત મજૂરો માટેના મજૂર કાયદાની જિનિવા ખાતે તા. ૧૫, ૧૬-૬-૨૦૦૨ના રોજ મળેલી આ પરિષદમાં ૧૭ દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. શ્રી ધીમંતભાઈ એસ. વસાવડાએ ‘સેવા’ સંસ્થાના પ્રતિનિધિ તરીકે તેમાં ભાગ લીધો ત્યારે ત્યાં તેમણે જે પ્રવચન આપ્યું હતું તેના મહત્ત્વના મુદ્દાઓ નીચે મુજબ છેઃ

અસંગઠિત મજૂરોને મજૂર કાયદાના લાભ મળતા નથી તેવો ‘સેવા’નો અનુભવ છે. માલિકો સરકારના કાયદાનું છડેચોક ઉલ્લંઘન કરે છે. પટેલ જીવરામભાઈ બીડી વર્કસનો દાખલો આપીએ તો આ બાબતમાં ઘણું કરવાનું રહે છે. પ્રોવિડંટ ફંડ કમિશ્નરે જે બીડી કામદારો ઘરે બીડી બનાવતા હતા. તેઓને વચગાળાના હુકમથી પ્રોવિડંટ ફંડનો લાભ આપવો અને તેની રકમો જમા કરવાનો હુકમ કર્યો. આવો હુકમ થયેલ હોવા છતાં આ હુકમનો અમલ પ્રોવિડંટ ફંડ કમિશનર કે ‘સેવા’ કરાવી શકતા નથી અને અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા છે. જો મજૂર સંઘ આવા હુકમના અમલ માટે આગ્રહ રાખે તો કામદારોની નોકરી જાય અને કામદારોને ભૂખમરો વેઠવો પડે. આથી યુનિયનો પણ કાયદો અને કોર્ટનો હુકમ હોવા છતાં અમલ માટે સંઘર્ષ કરે છે.

કામદાર અને માલિકના સંબંધો માટે પણ અસંગઠિત ક્ષેત્રમાં ખૂબ જ સુધારા અને ફેરફારની આવશ્યકતા છે. ભારતની સર્વોચ્ચ અદાલતે આ ક્ષેત્રમાં પણ ખૂબ જ શકવર્તી ચુકાદા આપ્યા છે.

સરસપુર મિલ્સ, રમણલાલ ચીમનલાલ અને અન્યના કેસમાં ૧૯૭૩માં સર્વોચ્ચ અદાલતે કર્મચારીની વ્યાખ્યાનું અર્થઘટન કરીને ઠરાવ્યું કે કાપડ સૂતર મિલમાં સહકારી મંડળી દ્વારા ચાલતી મંડળીના કામદારો પણ મિલનાં કર્માચારી છે અને એ લોકોને પણ મિલના કર્માચારીની જેમ તમામ લાભો આપવા જોઈએ. તેવી જ રીતે સિલ્વર જ્યુબિલી ટેલરિંગ હાઉસ અને અન્ય અને ચીફ ઈન્સ્પેક્ટર ઑફ શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ અને અન્યના કેસમાં ૧૯૭૩માં સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવ્યું છે કે જો માલિક આખરી પેદાશ થયેલ વસ્તુનો અસ્વીકાર

કરી શકે તો તેવા કિસ્સામાં જે તે કામદારોએ એવી પેદાશ બનાવવામાં મજૂરી કરી હોઈ તે લોકોને સંસ્થાના કામદારો ગણી શકાય. તેવી જ રીતે હસનભાઈ કાલીકટ અને અલાથ ફેક્ટરી યોજી લારી યુનિયન, કાલીકટ અને અન્યના કેસમાં ૧૯૭૮માં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું છે કે જો કામદારોનો સમૂહ અથવા તો કામદાર કોઈ પણ રૂપમાં સંસ્થા જે ચીજવસ્તુનું ઉત્પાદન કરતી હોય તે ઉત્પાદન કરવામાં મજૂરીનું પ્રદાન કરે તો તે કામદારો પણ સંસ્થાના જ કામદારો ગણાય.

તાજેતરમાં એસ. કે. નસિરૂદ્દીન બીડી મરચન્ટ લિ. અને સેંટ્રલ પ્રોવિડંટ ફંડ કમિશ્નર અને અન્યના ૨૦૦૧ના કેસમાં સર્વોચ્ચ અદાલતે પણ પ્રોવિડંટ ફંડ કમિશ્નરના હુકમને માન્ય રાખી અને ઘરે બીડી બનાવતા કામદારોને પણ સંસ્થાના કામદારો ઠરાવ્યા છે. આ રીતે અસંગઠિત મજૂરોના ઉદ્ધાર માટે અને તેમને તાત્કાલિક લાભ મળે તે માટે નીચે મુજબનાં સૂચનો કરી શકાય:

**૧. મજૂર કાયદામાં સુધારોઃ**

કામદાર / કર્મચારીની વ્યાખ્યામાં દરેક મજૂરકાયદામાં સુધારો કરવો જોઈએ અને કોન્ટ્રાક્ટર અથવા ઘેર બેઠેલા કામદારો, અર્ધકાલીન કામદારો, કામચલાઉ કામદારોનો પણ સમાવેશ કરવો જોઈએ. આ તમામ કાયદાઓમાં એવી એક ફરજિયાત જોગવાઈ હોવી જોઈએ કે આવા કામદારોને કાઢી મૂકતાં પહેલાં કોઈ સરકારી અધિકારી કે અન્ય અધિકારીની પરવાનગી લેવી જોઈએ.

**૨. લઘુતમ વેતન:**

આંતરરાષ્ટ્રીય મજૂર સંસ્થાના સભ્ય દેશોએ લઘુતમ વેતન ધારો ઘડ્યો છે. પરંતુ આ દિશામાં કોઈ સંતોષકારક પ્રગતિ થઈ નથી. લઘુતમ વેતન નક્કી કરવામાં પણ ખૂબ જ વિલંબ થાય છે. લઘુતમ વેતન નક્કી થયા પછી જે કંઈ જાહેરનામા બહાર પડે છે તેને અદાલતોમાં પડકારવામાં આવે છે.

લઘુતમ વેતન નક્કી થયા પછી જાહેરનામાનો અમલ પણ એક દિવાસ્વપ્ન થઈ જાય છે. આનું મુખ્ય કારણ એ છે કે જે સરકારી અધિકારીઓ આનો અમલ કરવા પ્રયત્ન કરે છે તેઓ તેનો અમલ નિષ્ઠાપૂર્વક કરવામાં આવતો નથી. આથી એવું સૂચન ચોક્કસ કરી શકાય કે જે તે મજૂર સંગઠનના કાર્યકર્તાઓને અમલ કરવાની સત્તા આપવી.

**૩. નિવૃત્તિના લાભો:**

**(અ) પ્રોવિડંટ ફંડ:**

પ્રોવિડંટ ફંડનો કાયદો અમલમાં હોવા છતાં અસંગઠિત મજૂરોને પ્રોવિડંટ ફંડનો લાભ મળતો નથી. પ્રોવિડંટ ફંડ કમિશનર જે આ કાયદાનો અમલ કરવા માટે સત્તાધારી અધિકારી છે તેની પાસે પૂરતું વ્યવસ્થાતંત્ર નથી. અસંગઠિત મજૂરોમાં આથી એક એવી લાગણી ઉપસ્થિત થાય છે કે ભવિષ્યને નિશ્ચિંત બનાવતો આ કાયદો ખાલી કાગળિયો વાઘ છે. આથી જે રીતે સત્તાઓ પ્રોવિડંટ ફંડ કમિશનરને આપવામાં આવી છે તેવી સત્તા મજૂર કાર્યકર્તાઓને અને મજૂર સંગઠનને પણ આપવી જોઈએ.

અત્રે એ પણ નોંધવું જરૂરી છે કે પ્રોવિડંટ ફંડ કમિશનર પ્રોવિડંટ ફંડના કાયદાનો અમલ કરવા માટે જો યુનિયનો અને કામદારો આગ્રહ રાખે તો જે તે કામદારને તેના માલિક નોકરીમાંથી કાઢી મૂકે. આથી કોઈપણ કર્માચારીને કાઢી મૂકતાં પહેલાં પ્રોવિડંટ ફંડ કમિશનર તેમ જ ઔદ્યોગિક ઝઘડાના કાયદા હેઠળ રચાયેલી સત્તાઓની પરવાનગી લીધા પછી જ કાઢી મૂકવાની છૂટ મળે તેવી જોગવાઈ કરવી જોઈએ.

**(આ) પેન્શન યોજના:**

પ્રોવિડંટ ફંડના કાયદા હેઠળના લાભો અપૂરતા જણાયા છે. આથી સરકારે ત્વરિત પગલાં લેવા જોઈએ અને અસંગઠિત મજૂરો માટે એક અલાયદી અને અલગ પેન્શન યોજના દાખલ કરવી જોઈએ.

**(ઈ) ગ્રેજ્યુઈટી:**

ગ્રેજ્યુઈટી એ પણ નિવૃત્તિનો એક લાભ છે. આ લાભ ભારતની લોકસભાએ ગ્રેજ્યુઈટીનો કાયદો ૧૯૭૨નો ઘડી કાઢી અને કામદારોને આપ્યો છે. પરંતુ, અસંગઠિત મજૂરો આ કાયદાનો લાભ મેળવી શકતા નથી. આથી અસંગઠિત મજૂરો માટે પણ અલાયદો કાયદો લોકસભાએ ઘડવો જોઈએ તેવું સૂચન છે.

ઉપરોક્ત તમામ નિવૃત્તિના લાભો મેળવવા માટે સરકારે એક ભંડોળ ઊભું કરવું જોઈએ. આ ભંડોળ ઊભું કરવા માટે જે તે ઉદ્યોગના માલિકોની જે આવક હોય તેમાંથી બારોબાર અમુક રકમ કાપી લેવી જોઈએ, અને આ રીતે પ્રોવિડંટ ફંડ, પેન્શન અને ગ્રેજ્યુઈટી ફંડ સરકારે ઊભું કરવું જોઈએ અને તેના અમલ માટે એક અમલીકરણ કમિટીની રચના કરવી જોઈએ. આ કમિટીમાં નીચે મુજબના સભ્યો હોવા જોઈએ:

૧. સરકારી અધિકારી (આઈ.એ.એસ. કક્ષાના).
૨. માલિકના પ્રતિનિધિ.
૩. કામદારના પ્રતિનિધિ

આ સમિતિએ તમામ કાયદાનું અમલીકરણ કરવું જોઈએ કે જેથી અસંગઠિત મજૂરોને તમામ લાભો મળે.

# પર્યાવરણીય લોકસુનાવણી

ઔદ્યોગિક પરિયોજનાઓ પર્યાવરણની સાથે સુસંગત બને અને લોકો તેને વિશે જાણે તે માટે લોક સુનાવણીની પદ્ધતિ શરૂ થઈ છે. આ પદ્ધતિ અંગેની વિગતો 'સામાજિક ન્યાય કેન્દ્ર'ના **શ્રી મહેશ પંડ્યા** દ્વારા આ લેખમાં અપાઈ છે. કાનૂની જોગવાઈઓ જાણવા માટે આ લેખ ઘણો ઉપયોગી થઈ પડશે.

**પ્રસ્તાવના**

વિશ્વ આજે ઔદ્યોગિક ક્ષેત્રે ખૂબ જ આગળ છે. ભારત જેવા ત્રીજા વિશ્વના દેશોએ પણ ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી છે. સદીઓથી ચાલી આવતી વૈશ્વિક સમાજ વ્યવસ્થા પ્રમાણે થોડો વર્ગ ખૂબ જ વિકસિત થયો છે. એ જ રીતે અવિકસિત અને વિકાસશીલ દેશોમાં પણ કેટલાક લોકોની સમૃદ્ધિ બીજા લોકોને ભોગે થાય છે. સરવાળે જોઈએ તો કુલ નુકસાન કુદરતને થઈ રહ્યું છે. તેને લીધે વૈશ્વિક પર્યાવરણ જોખમાયું છે. ટૂંકા ગાળાનો આ વિકાસ કેટલો ટકશે? સમૃદ્ધ દેશો અને સમૃદ્ધ લોકો પાસે કુદરતી સંપતિ જ નહિ બચે તો કોની પર તે રાજ કરશે? તેટલું જ નહિ કેવી રીતે જીવી શકાશે?

વિશ્વમાં વીસમી સદીના સિત્તેરના દાયકાથી પર્યાવરણનો ખ્યાલ ઊભો થયો. ૧૯૭૨માં સ્ટોકહોમ ખાતે પ્રથમ વિશ્વ શિખર પરિષદમાં પર્યાવરણની ચિંતા કરવાની શરૂઆત થઈ. ભારત દેશ પર્યાવરણના જતન માટે કાયદાકીય રીતે અગ્રેસર રહ્યો છે. વિશ્વની તુલનાએ ભારતમાં અલગ પર્યાવરણ મંત્રાલયની શરૂઆત થઈ. પર્યાવરણ અને પ્રદૂષણ નિયંત્રણના કાયદાઓ પણ જડબેસલાક બનાવાયા છે. પરંતુ, સવાલ તેના અસરકારક અમલનો અને કાયદાઓના અર્થઘટનનો છે. કાયદાઓની શાબ્દિક આંટીઘૂંટી સામાન્ય લોકો ના સમજી શકે તેવી જટિલ છે. જેથી કાયદો હોવા છતાં તેનો ઉપયોગ કરવો મુશ્કેલ બને છે.

સૌ પ્રથમ પાણી પ્રદૂષણને ઓળખ્યા પછી તેના નિયંત્રણ માટે પાણી (પ્રદૂષણ અટકાવ અને નિયંત્રણ) અધિનિયમ-૧૯૭૪ અમલી બન્યો. ત્યાર બાદ હવાનું પ્રદૂષણ અટકાવવા અંગનો અધિનિયમ હવા (પ્રદૂષણ અટકાવ અને તેનું નિયંત્રણ) અધિનિયમ-૧૯૮૧ અમલી બન્યો.

આમ, વિવિધ પ્રકારનાં પ્રદૂષણો વિવિધ રીતે થતાં તેને કાબૂમાં લેવા માટે સર્વાંગી અધિનિયમ બનાવાયો તે પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ-૧૯૮૬. આ અધિનિયમ પર્યાવરણ રક્ષણ અને સુધારણા માટે અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈઓ કરવા ઘડવામાં આવ્યો. આ અધિનિયમમાં સમયાંતરે પરિસ્થિતિ મુજબ સુધારા-વધારા થતા રહ્યા છે. ઉદ્યોગો હવે શહેરોમાં સીમિત ના રહેતાં અંતરિયાળ ગામોમાં સ્થપાઈ રહ્યા છે. ગામના લોકો સીધી રીતે ઉદ્યોગોના ફાયદા-ગેરફાયદા મેળવી રહ્યા છે. એટલે કોઈ પણ ઉદ્યોગને પર્યાવરણીય મંજૂરી આપતાં પહેલાં લોકોના વિચારો જાણીને તે મુજબની શરતોને અધીન પર્યાવરણીય મંજૂરી આપવામાં આવે છે. ૧૯૮૬ના પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ મુજબ ૧૯૯૭માં પર્યાવરણીય લોક-સુનાવણી પદ્ધતિ ફરજિયાત બનાવાઈ.

૧૯૮૬ના પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ મુજબ કેન્દ્ર સરકારનું વન અને પર્યાવરણ મંત્રાલય ઉદ્યોગોને પ્રોજક્ટના (ઈઆઈએ) (એન્વાયર્નમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ) અને ઈએમપી (એન્વાયર્નમેન્ટ મેનેજમેન્ટ પ્લાન)ને આધારે પર્યાવરણ સંમતિ અપાતી હતી.

૧૦ એપ્રિલ-૧૯૯૭ના રોજ ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલયે એક જાહેરનામું બહાર પાડ્યું. તેમાં પ્રદૂષણ કરતા ત્રીસ પ્રકારના નવા સ્થપાતા ઉદ્યોગો અને ચાલુ ઉદ્યોગોના વિસ્તરણ માટે પર્યાવરણીય લોકસુનાવણીની પદ્ધતિ દાખલ કરવામાં આવી.

ગામમાં આવનારા / સ્થાપાનારા ઉદ્યોગોની અસર ગ્રામવાસીથી લઈને બધાને વ્યાપક રીતે થાય છે. ઉદ્યોગોને લીધે ગામના રહેવાસીના આરોગ્ય, પશુઆરોગ્ય, ખેતી, જમીન, પાણીના સ્રોત વગેરે પર અસર થઈ રહી છે. એટલે, ઉદ્યોગ સ્થાપવાની બાબત માત્ર ઉદ્યોગકાર અને સરકાર વચ્ચેની ના બની રહેતાં લોકો પણ તેના નિર્ણયમાં સહભાગી બને તે જરૂરી છે. આવા આદર્શ ખ્યાલને ધ્યાનમાં રાખીને ૧૯૮૬ના કાયદા અન્વયે પર્યાવરણ સંમતિ મેળવતાં પહેલાં પર્યાવરણીય લોકસુનાવણી ફરજિયાત બનાવાઈ. આમ, ઉદ્યોગો માટે પર્યાવરણીય સંમતિ મેળવતાં પહેલાં જ તેને પ્રદૂષણ ન કરવા અને પ્રદૂષણ નિયંત્રણ માટે પગલાં લેવા પર્યાવરણીય લોકસુનાવણી નામની નવી પદ્ધતિ ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલયે દાખલ કરી. તે સંભવિત નિસબત ધરાવતા તમામ અસરગ્રસ્ત લોકોને નિર્ણયમાં ભાગીદાર બનાવવાની આદર્શ પદ્ધતિ છે.

## આખરે એક દિવસમાં ૧૯ ઉદ્યોગોની સુનાવણી થઈને જ રહી!

પ્રદૂષિત એકમોની યાદીમાં આવતા ઉદ્યોગોની સ્થાપના કે વિસ્તૃતીકરણ પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકાર દ્વારા પર્યાવરણીય સંમતિ મેળવવાનું ફરજિયાત છે. પરંતુ, તે પહેલાં ઉદ્યોગે પર્યાવરણીય લોકસુનાવણીની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. સામાજિક ન્યાય કેન્દ્ર છેલ્લાં ત્રણ વર્ષથી સ્થાનિક લોકો, પંચાયતો અને સ્વૈચ્છિક સંગઠનોને સાથે રાખીને પર્યાવરણીય લોકસુનાવણી પદ્ધતિને અસરકારક બનાવવા સઘન પ્રયત્નો કરે છે.

૨૨ અને ૨૩ ફેબ્રુઆરી-૨૦૦૨નાં અખબારોની જાહેર ખબર મુજબ તા. ૨૭-૩-૨૦૦૨ના રોજ અમદાવાદની કલેક્ટરની કચેરી ખાતે કુલ ૨૩ જેટલા ઉદ્યોગોની લોકસુનાવણી એક જ દિવસે રાખવામાં આવી છે તેવી જાહેરાત થઈ. અમદાવાદના વટવા, ઓઢવ અને નરોડા સ્થિતિ ૧૯ ઉદ્યોગોની સામૂહિક લોકસુનાવણી બપોરે બાર વાગે શરૂ થનાર હતી. ઉપરાંત તે જ દિવસે બપોરે બે વાગે સાણંદ અને બાવળા સ્થિત અન્ય ચાર ઉદ્યોગોની લોકસુનાવણી શરૂ થનાર હતી. તેથી બપોરે બારથી બે વાગ્યા સુધીમાં ૧૯ લોકસુનાવણીઓ અને બે વાગ્યે પછી વધુ ચાર લોકસુનાવણીઓ યોજવાનું નક્કી થયેલું. અખબારોની આ જાહેર સૂચના પછી ખૂબ જ દુ:ખ થયું. આ વાંચીને સ્પષ્ટ રીતે લાગ્યું કે પર્યાવરણ લોક્સુનાવણી અંગેના ગુજરાતની વડી અદાલતના નિર્દેશોને અવગણવામાં આવી રહ્યા છે.

સામાજિક ન્યાય કેન્દ્રે સત્તાધીશોને તા. ૨૫-૨-૨૦૦૨ના રોજ પત્ર લખ્યો. તેમાંની મુખ્ય બાબતો આ હતી:

(૧) એક દિવસમાં ૨૩ સુનાવણીઓ કરવાથી લોકસુનાવણીનો હેતુ માર્યો જશે.

(૨) ઓઢવ, નરોડા, વટવા, બાવળા, સાણંદના લોકોની હાજરી માટે કલેક્ટર કચેરીનું સભાગૃહ નાનું પડશે.

(૩) બાવળા અને સાણંદ તાલુકાના ઉદ્યોગોની લોકસુનાવણીઓ નામદાર વડી અદાલતના નિર્દેશ મુજબ જે તે તાલુકા મથકે યોજવામાં આવે.

(૪) નરોડા, ઓઢવ, વટવા જેવા પ્રદૂષિત ઔદ્યોગિક વિસ્તારોમાં જ લોકસુનાવણી યોજવામાં આવે કે જેથી અસરગ્રસ્ત લોકો પોતાની રજૂઆત કરી શકે.

ઉપરોક્ત પત્રનો જવાબ ના મળતાં તા. ૮-૩-૨૦૦૨ના રોજ પત્ર લખીને ફરી વખત રજૂઆત કરી. ત્યાર બાદ તા. ૧૮-૩-૨૦૦૨ના રોજ અમદાવાદના કલેક્ટર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પ્રાદેશિક અધિકારી સાથે આ સંદર્ભે ફોન પર વાત કરી. ત્યાર બાદ તા. ૨૧-૩-૨૦૦૨ના રોજ અખબારો દ્વારા જાહેર સુધારો પ્રસિદ્ધ થયો. તે મુજબ તા. ૨૭-૩-૨૦૦૨ના રોજ યોજાનાર સાણંદ અને બાવળા તાલુકાના ઉદ્યોગોની લોકસુનાવણી સ્થળ અને સમય બદલીને તા. ૨૮-૩-૨૦૦૨ના રોજ તાલુકા મથકોએ રાખવામાં આવી. પરંતુ, તે સિવાય ૧૯ ઉદ્યોગોની લોકસુનાવણી તો એક જ દિવસે અમદાવાદ ખાતે જ રહી. આ ૧૯ લોકસુનાવણી એક જ દિવસમાં યોજવી વાજબી નથી તે ગુણવત્તાના ધોરણે અમારો વિરોધ ઊભો જ છે. કારણ કે અમારા અને સાથી સ્વૈચ્છિક સંગઠનોના અનુભવ પ્રમાણે એક ઉદ્યોગની લોકસુનાવણી પાછળ લગભગ સરેરાશ બે કલાકનો સમય ખર્ચાય છે ત્યારે ૧૯ ઉદ્યોગોની સુનાવણી ચાર-પાંચ કલાકમાં કેવી રીતે શક્ય બને? આ ઉપરાંતનાં અમદાવાદનાં કોમી તોફાનોના વાતાવરણમાં લોકસુનાવણી યોજવી વાજબી નથી તેવી અમારી રજૂઆતને પણ નામંજૂર કરવામાં આવી. અલબત્ત, એક દિવસ પહેલાં અખબારી જાહેર સૂચના દ્વારા લોકસુનાવણીનું સ્થળ કલેક્ટર કચેરીથી બદલીને વટવા ખાતે લઈ જવાયું. વટવા ખાતે તા. ૨૭-૩-૨૦૦૨ના રોજ શહેરની અશાંત પરિસ્થિતિ વચ્ચે યોજાયેલ આ લોકસુનાવણીમાં લોકો જ ન હતા. સ્વૈચ્છિક સંગઠન તરીકે 'સામાજિક ન્યાય કેન્દ્ર' અને ત્રણ-ચાર સ્થાનિક નાગરિકો હાજર હતા. બાકી ઉદ્યોગ ગૃહોના પ્રતિનિધિઓથી હોલ ચિક્કાર હતો.

આ કેસમાં અમે ગુજરાતની નામદાર વડી અદાલતમાં અરજી કરી તે મુજબ નામદાર વડી અદાલતે નિર્દેશ આપ્યો કે જે લોકો લોકસુનાવણીમાં હાજર નથી રહી શક્યા તેઓએ ૧૨ એપ્રિલ સુધીમાં લેખિતમાં વાંધા/સૂચનો કલેક્ટર કચેરી, અમદાવાદ કે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગરને મોકલી આપવા.આમ, લોકસુનાવણીનાં આદર્શો, ભાવના, લોકભાગીદારી, પારદર્શકતા, માહિતીના અધિકારને ખુલ્લેઆમ કાયદામાં જ રહીને છેદ ઉડાવવામાં આવ્યો. જો સારા વાતાવરણમાં તા. ૨૭-૩-૨૦૦૨ની વટવા ખાતેની આ સુનાવણી યોજવામાં આવી હોત અને જો વધુ સંખ્યામાં લોકો ભાગીદાર થયા હોત તો જરૂર આ લોકસુનાવણી માટે ઓછામાં ઓછા ત્રણ દિવસ જેટલો સમય ખર્ચાયો હોત. લોકોને પોતાના પ્રશ્નોની રજૂઆતો કરવાની તક સાંપડી હોત. જ્યારે તા. ૨૮-૩-૨૦૦૨ના રોજ બાવળા અને સાણંદ ખાતેની લોકસુનાવણીમાં અસરગ્રસ્ત લોકોએ ભાગ લીધો. આ સુનાવણીમાં મોટી સંખ્યામાં લોકો જોડાતાં આ સુનાવણી ખૂબ જ લાંબા સમય સુધી ચાલી હતી.

પરંતુ, અનુભવે લાગ્યું કે લોકભાગીદારીની આદર્શ એવી કાયદાકીય જોગવાઈને પણ સરકારીતંત્ર અને ઉદ્યોગો દ્વારા ખોખલી બનાવાય છે. અભ્યાસ અને અનુભવથી આ પદ્ધતિ ને અસરકારક અને લોકાભિમુખ બનાવાય તે માટે અમે સઘન પ્રયત્નો શરૂ કર્યા. લોકો, સ્વૈચ્છિક સંગઠનો, પર્યાવરણના તજ્જ્ઞો, સરકારી તંત્રો વગેરેને સહભાગી બનાવીને પ્રક્રિયા અસરકારક બનાવવાની સાથે સાથે કાયદામાં રહેલી ખામીઓ અને અપૂર્ણતાઓ દૂર કરવા માટે ગુજરાતની વડી અદાલતનો આશરો લીધો. વડી અદાલતે સીમાચિહ્નરૂપ ચુકાદા દ્વારા સરકાર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને અગત્યના આદેશો કર્યા છે.

વન અને પર્યાવરણ મંત્રાલયે પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ-૧૯૮૬ના નિયમ-૫ના પેટા નિયમ ૩(એ)ના પરિશિષ્ટ-૧માં નિર્દેશિત બધા જ ૩૦ પ્રકારના ઉદ્યોગો સ્થાપવા કે તેના વિસ્તરણ માટે પર્યાવરણીય સંમતિ ફરજિયાત બનાવી અને આ ઉદ્યોગોએ ફરજિયાત પર્યાવરણીય લોકસુનાવણીમાંથી પસાર થવું પડે અને લોકસુનાવણીના અભિપ્રાયના આધારે જ પર્યાવરણીય સંમતિ આપવાનું જાહેરનામું બહાર પાડ્યું.

## પર્યાવરણીય લોકસુનાવણીની પ્રક્રિયા અને માળખું

### લોકસુનાવણીની જાહેરાત

કોઈ ઉદ્યોગ કે પ્રોજેક્ટ અંગે રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અથવા કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પર્યાવરણીય લોકસુનાવણી યોજવા અંગેની સૂચના લોકસુનાવણીના ૩૦ દિવસ પહેલાં જે તે વિસ્તારમાં બહોળો ફેલાવો ધરાવતાં ઓછામાં ઓછા બે વર્તમાનપત્રોમાં પ્રકાશિત કરવામાં આવે છે. આ પૈકી એક વર્તમાનપત્ર સ્થાનિક ભાષાનું અને એક અંગ્રેજી ભાષાનું હોવું જોઈએ. રાજ્ય/કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા જાહેરાતમાં લોકસુનાવણીની તારીખ, સમય, તેમ જ સ્થળ અંગેની માહિતી આપવામાં આવે છે. જાહેરાત પ્રસિદ્ધ થયાના ૩૦ દિવસમાં જે તે ઉદ્યોગ અંગેનાં સૂચનો, વિચારો, મંતવ્યો નિસબત ધરાવતા હિતધારકો પાસેથી મંગાવવામાં આવે છે. પર્યાવરણીય લોકસુનાવણીના સમયે પણ રૂબરૂમાં ઉદ્યોગ અને તેને લગતા પર્યાવરણની રજૂઆત કરી શકે. પર્યાવરણીય લોકસુનાવણીની જાહેર સૂચનામાં ઉદ્યોગ અંગેનાં કાર્યકારી સારાંશ એટલે કે ઉદ્યોગ દ્વારા પર્યાવરણ પર શું અસર પડશે અને તે અસરોને નાબૂદ કરવા શું શું પગલાં લેવામાં આવશે તેની સંક્ષિપ્ત નોંધ ક્યાંથી મળી શકે તેની પણ જાણકારી હોય છે.

### ઉદ્યોગ કે પ્રોજેક્ટ અંગેનો કાર્યકારી સારાંશ ક્યાંથી મેળવી શકાય?

(૧) જિલ્લા કલેકટરની કચેરી.
(૨) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર.
(૩) રાજ્ય સરકારના વન અને પર્યાવરણ વિભાગ.
(૪) જિલ્લા પંચાયત / મ્યુનિસિપલ કોર્પોરેશનનની કચેરી.
(૫) રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મુખ્ય કચેરી અને સંબંધિત પ્રાદેશિક કચેરી.

### પર્યાવરણીય લોકસુનાવણીમાં કોણ રજૂઆત કરી શકે?

સ્થાનિક રહેવાસીઓ, પર્યાવરણીય જૂથો, ઉદ્યોગના સૂચિત સ્થળની નજીક રહેતાં લોકો, ઉદ્યોગ સ્થાપવાને કારણે સંભવિત અસર પામનાર લોકો સહિત કોઈ પણ નિસબત ધરાવતા લોકો લોકસુનાવણીમાં ભાગ લઈ શકે છે. આ જૂથો કે વ્યકિતઓ લોકસુનાવણી પહેલાં પણ રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં ઉદ્યોગના પર્યાવરણને લગતી રજૂઆતો લેખિતમાં કરી શકે છે.

### લોકસુનાવણી માટેની સમિતિ

દરેક જિલ્લામાં કલેક્ટરના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી છે. તેની રચના નીચે મુજબ થઈ છેઃ

(૧) કલેકટર - સમિતિના અધ્યક્ષ.
(૨) રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પ્રાદેશિક અધિકારી - સભ્ય સચિવ.
(૩) સરકારના વિવિધ વિભાગો જેવા કે વન વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ગુજરાત વિદ્યુત બોર્ડ વગેરેના પ્રતિનિધિઓ.
(૪) ત્રણથી વધુ નહિ તેવા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ જેવી કે નગર પંચાયત કે મ્યુનિસિપાલિટીના પ્રમુખો.
(૫) ત્રણથી વધુ નહિ તેવા જિલ્લા કલેકટર દ્વારા નિમાયેલા અગ્રણી નાગરિકો(સિનિયર સિટિઝન).

### પર્યાવરણીય લોકસુનાવણીનું સ્થળ

સામાન્ય રીતે જિલ્લાના મુખ્ય મથકે લોકસુનાવણી યોજાતી હતી પરંતુ, ગુજરાતની વડી અદાલતના ચુકાદા પછી પ્રોજેક્ટ સ્થળે કે વધુમાં વધુ તાલુકા મથકે તે યોજવામાં આવે છે.

### પર્યાવરણીય લોકસુનાવણી અને પર્યાવરણીય અસરોનો અભ્યાસ

અગાઉ આપણે જોઈ ગયા તેમ પ્રદૂષણની વ્યાપક સમસ્યાને હલ કરવા પ્રદૂષણ નિયંત્રણના કાયદાઓથી પણ આગળ જઈને શરૂથી જ પ્રદૂષણ થતું અટકાવવાનો હેતુ તે પર્યાવરણીય સંમતિ પ્રમાણપત્ર. આ પર્યાવરણીય સંમતિ પ્રમાણપત્ર મેળવતાં પહેલાં સ્થાનિક લોકો અને પર્યાવરણ તજ્જ્ઞો શું કહે છે તે સાંભળવા માટે પર્યાવરણીય લોકસુનાવણીને કાયદાકીય સ્વરૂપ આપવામાં આવ્યું. કોઈ પણ પ્રકલ્પના પર્યાવરણીય અભ્યાસ સિવાય લોકસુનાવણી યોજવાનો કશો જ અર્થ નથી. એટલો ઈ.આઈ.એ. (એન્વાયર્ન્મેન્ટ ઇમ્પેક્ટ

એસેસમેન્ટ) અને ઈ.એમ.પી. (એન્વાયર્નમેન્ટ મેનેજમેન્ટ પ્લાન) કર્યા પછી જ આ લોકસુનાવણી કરવી કે જેથી અભ્યાસમાં રહેલી ત્રુટિઓ અને વાસ્તવિક્તા સાથેના સંબંધોનો લોકોને ખ્યાલ આવે. આમ, લોકસુનાવણી પૂર્વે ઈ.આઈ.એ. (પર્યાવરણીય અસરોનો અભ્યાસ) અને ઈ.એમ.પી. આવશ્યક અને અગત્યના બની રહે છે. ઈ.આઈ.એ.થી ખબર પડે છે કે આ પ્રકલ્પથી શું શું આડઅસરો થશે અને તે આડ અસરો રોકવા માટે ઈ.એમ.પી. તૈયાર કરીને લોકોને વચ્ચે લાવવામાં આવે છે. તેથી પ્રકલ્પના પર્યાવરણીય ફાયદા-ગેરફાયદા અંગે પારદર્શકતા આવે અને તેમાં રહેલી ત્રુટિઓ પૂરવા લોકો અને પર્યાવરણના તજ્‌જ્ઞો દ્વારા પ્રયત્નો થાય. એટલે, લોકસુનાવણી લોકાભિમુખ બની રહે અને નવા પ્રકલ્પની પર્યાવરણીય અસરોને રોકી શકાય.

**પર્યાવરણીય લોકસુનાવણીની પ્રક્રિયા**

મોટા બેઠક ખંડ (સભાગૃહ)માં આ પર્યાવરણીય લોકસુનાવણીની કાર્યવાહી હાથ ધરાય છે. પ્રથમ ઉદ્યોગ કે પ્રોજેક્ટના પ્રતિનિધિ તેનો

## વડી અદાલતે આપેલા નિર્દેશો

'સામાજિક ન્યાય કેન્દ્ર' દ્વારા વિવિધ કિસ્સામાં લોકસુનાવણીના સંદર્ભમાં ગુજરાતની વડી અદાલતમાં કેસો કરવામાં આવ્યા હતા. જુદા જુદા સમયે થયેલા આ કેસોમાં ગુજરાતની વડી અદાલતે જે ચુકાદાઓ આપ્યા તેમની વિગતો નીચે મુજબ છેઃ

- જે વિસ્તારમાં પ્રોજેક્ટ આવનાર હોય તે વિસ્તારનું અખબાર કે જેનો વધુ ફેલાવો હોય તે રીતે પર્યાવરણીય લોક સુનાવણીની જાહેર ખબર આપવી. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને બેથી વધુ અખબારોમાં જાહેર ખબર આપવાની છૂટ છે કે જેથી વધુ લોકો સુધી આ લોક સુનાવણીની જાણ થાય.
- ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે પર્યાવરણ લોકસુનાવણીની જાહેર ખબરની નકલ ગ્રામ પંચાયત, નગર પંચાયત, મ્યુનિસિપાલિટી કે જેને અસર થનાર હોય તે તમામને આપવી.
- પ્રોજેક્ટ અંગેનો કાર્યકારી સારાંશ લોકસુનાવણીના ઓછામાં ઓછા ત્રીસ દિવસ પહેલાં જાહેરનામામાં નિર્દેશિત સ્થળોએથી ઉપલબ્ધ બને તે જોવું.
- એન્વાયર્નમેન્ટલ ઈમ્પેક્ટ એસેસમેન્ટનો સારાંશ ગુજરાતી ભાષામાં સંબંધિત લોકો માગણી કરે તો આપવો. સંપૂર્ણ એન્વાયર્નમેન્ટલ ઈમ્પેક્ટ એસેસમેન્ટનો રિપોર્ટ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે વાજબી પૈસા લઈને માગણી કર્યાના એક અઠવાડિયામાં આપવો. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે કેન્દ્ર સરકારના તા. ૧૩-૭-૯૮ના પત્રને પણ અનુસરવું. સ્વૈચ્છિક સંસ્થાઓની માગણીને આધારે તેમને લોકસુનાવણીની પ્રક્રિયાની નોંધ આપવી.
- અડધી સંખ્યામાં જો સભ્યો હશે તો જ લોકસુનાવણી માન્ય ગણાશે અને એમાંય (૧) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારી, (૨) વન અને પર્યાવરણ વિભાગના અધિકારી, (૩) એક સિનિયર સિટિઝન કે જેમની નિયુક્તિ કલેક્ટરે કરી છે. જો લોકસુનાવણીમાં હાજર હશે તો જ લોકસુનાવણી માન્ય ગણાશે.
- આ અંગેની વિગતો માગણી કરનારને સ્થાનિક ભાષામાં પૂરી પાડવી. પૂરા રિપોર્ટની નકલ પણ વાજબી ફી લઈને માંગ કરનાર અરજદારને આપવી જોઈએ.
- કેન્દ્ર સરકારની એન્વાયર્નમેન્ટ ઈમ્પેક્ટ એજન્સીને પર્યાવરણ લોક્સુનાવણીની મિનિટ્સ મોકલવાના પંદર દિવસમાં જે વ્યક્તિએ મિનિટ્સની માગણી કરી હોય તેને વાજબી ફી લઈને નકલ આપવી.
- ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે કેન્દ્ર સરકારના તા. ૧૩-૭-૯૮ના પત્રને ધ્યાનમાં રાખવો જોઈએ. તેમાં લખ્યું છે કે પર્યાવરણીય સંમતિ ઈચ્છતા ઉદ્યોગોની સંમતિ બાબતની પ્રક્રિયાની નોંધ માગણીને આધારે સ્વૈચ્છિક સંસ્થાઓને આપવી.
- રાજ્ય સરકારે કે કેન્દ્ર સરકાર જેણે પણ પર્યાવરણીય સંમતિ પ્રમાણપત્ર આપ્યું હોય તેણે જે અખબારોમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે લોકસુનાવણી માટે નોટિસ આપી હોય તે અખબારોમાં પર્યાવરણીય સંમતિ પ્રમાણપત્ર માટેની જાહેર સૂચના આપવી જોઈએ.
- એક જ દિવસમાં એક ઉદ્યોગની લોકસુનાવણી પૂરી કરવી જરૂરી નથી. પ્રોજેક્ટનું કદ અને પર્યાવરણીય પરિસ્થિતિની થનારી અસર પ્રમાણે જિલ્લા સમિતિએ લોકસુનાવણીના ધ્યેયને નજર સમક્ષ રાખીને કેટલી વખત લોકસુનાવણી કરવી તે નક્કી કરવું.
- આ પત્રમાં સૂચવ્યું છે કે પાઈપલાઈન, હાઈ-વે અને વધુ વિસ્તારમાં ફેલાવતા ઉદ્યોગે એક કે એક કરતાં વધુ સ્થળે લોકસુનાવણી યોજવી જોઈએ. રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કે પ્રદૂષણ નિયંત્રણ સમિતિએ આવા પ્રોજેક્ટસ માટેના સ્થળ અને સંખ્યા નક્કી કરવી. તેમાં ધ્યાન રાખવું જોઈએ કે પ્રોજેક્ટનો પ્રકાર, લોકોને અનુકૂળ રહે તેવું નજીકનું તે સ્થળ વગેરે ધ્યાનમાં લેવા.
- સૂચિત પ્રોજેક્ટની ખૂબ જ નજીક કોઈ ખાસ સંજોગોમાં વધારેમાં વધારે તાલુકાના વડા મથકે રાખવી. તેથી સંભવિત અસરગ્રસ્ત લોકો વધારે સંખ્યામાં આવી શકે.

પ્રોજેક્ટ શું છે, તેની પર્યાવરણીય અસર શું થશે, પર્યાવરણને જાળવવા શું કરશે વગેરે વિષે રજૂઆત કરશે. ત્યાર બાદ પર્યાવરણીય લોકસુનાવણીના અધ્યક્ષ લોકોને પોતાના પ્રતિભાવ, સૂચનો માટે હાજર રહેલા લોકોને આમંત્રે છે. ઉપસ્થિત પ્રશ્નોના ઉત્તરો અને પૂરક માહિતી પણ પ્રોજેક્ટકર્તા આપતા હોય છે. સુનાવણીમાં કલેક્ટર સહિત ઉપસ્થિત સભ્યો પણ પ્રશ્ન કરી શકે. ત્યાર બાદ આ પ્રક્રિયા સંપન્ન થાય છે. લોકોની રજૂઆતોને અંતે પર્યાવરણીય લોકસુનાવણી સમિતિ આ લોકસુનાવણી પ્રક્રિયાની નોંધ (મિનિટ્સ) કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ મંત્રાલયને મોકલે છે.

- પર્યાવરણીય લોકસુનાવણીની પ્રક્રિયા નોંધ (મિનિટ્સ) હવે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની પ્રાદેશિક કચેરીએથી મળી શકે છે.
- પર્યાવરણીય લોકસુનાવણી યોજ્યા પછી સ્થાનિક પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ના વાંધા પ્રમાણપત્ર આપવામાં આવે છે. ત્યાર બાદ આ પ્રોજેક્ટની પર્યાવરણીય સંમતિ મેળવવા માટે કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ મંત્રાલયમાં અરજી કરવી પડે છે.
- વન અને પર્યાવરણ મંત્રાલયે પર્યાવરણ અને પ્રદૂષણ નિયંત્રણ અંગે જુદી જુદી શરતોને આધારે જે પર્યાવરણીય સંમતિ આપી હોય તે વડી અદાલતના આદેશ મુજબ એક સ્થાનિક ભાષાના અને એક અંગ્રેજી અખબારમાં આપવી ફરજિયાત છે.
- ઉદ્યોગોની સ્થાપના માટે પર્યાવરણીય લોકસુનાવણી એ એક આદર્શ પદ્ધતિ છે.

## પર્યાવરણીય સંમતિ પ્રમાણપત્ર કેવી રીતે મળે છે?

જિલ્લા પર્યાવરણીય સમિતિ લોકસુનાવણીનો અભિપ્રાય કેન્દ્ર સરકારને મોકલે છે. કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ મંત્રાલયે પર્યાવરણીય સંમતિ પ્રમાણપત્ર આપવા માટે એક સમિતિની રચના કરી છે, જે ઈ.આઈ.એ.એ. (એન્વાયર્ન્મેન્ટલ ઈમ્પેક્ટ એસેસમેન્ટ એજન્સી)ને નામે ઓળખાય છે. આ સમિતિ સર્વાંગી રીતે તપાસ કરીને સંમતિ પ્રમાણપત્ર આપવા કે ના આપવા કેટલીક શરતોને અધીન ભલામણ કરે છે. જરૂર પડ્યે આ વિવિધ વિષય નિષ્ણાતોની બનેલી સમિતિ પ્રોજેક્ટ સ્થળની મુલાકાત પણ લેતી હોય છે. ક્યારેક ખૂટતી માહિતી કે ખુલાસાઓ મંગાવે છે પરંતુ, અરજી કર્યાના ૯૦ દિવસમાં ઉદ્યોગોને પર્યાવરણીય સંમતિ પ્રમાણપત્ર અંગનો નિર્ણય કરવો પડતો હોય છે.

## લોકસુનાવણી અને લોકો તરફી નિર્ણયો

વિવિધ પાઈપલાઈન પ્રોજેક્ટ અંતર્ગત તા. ૨-૫-૨૦૦૨ના રોજ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનની વિરમગામ સિદ્ધપુર પાઈપલાઈન માટે, તા. ૧૫-૫-૨૦૦૨ના રોજ ગોધરા જિલ્લાના હાલોલ તાલુકા ખાતે ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિ. અને તા. ૨૧-૫-૨૦૦૨ના રોજ બોરસદ ખાતે ગુજરાત સ્ટેટ પેટ્રોનેટની પર્યાવરણીય લોકસુનાવણી જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાઈ ગઈ.

પાઈપલાઈન પ્રોજેક્ટમાં મોટા ભાગે જમીનનું ઉપલું પડ ઊલટસુલટ થતાં જમીનની ફળદ્રુપતા ઘટી જવાની અને જમીનનું ચાદરપટ અને વોંકળારૂપી ધોવાણ થવાની શક્યતા રહે છે. આ ઉપરાંત ગ્રીન બેલ્ટ, રોજગારી તેમ જ જમીનના યોગ્ય અને સમયસરના વળતર માટેના સવાલો મુખ્ય રહે છે. આઈ.ઓ.સી. (ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન) અને ગેઈલ (ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ)ની પાઈપલાઈનનું વિસ્તરણ થવાનું હતું. અગાઉની પાઈપલાઈનના ખોદકામનું ખેડૂતોને યોગ્ય અને સમયસર વળતર મળ્યું ન હતું. આ સમયે ઉપસ્થિત ખેડૂતોએ આ અંગે રજૂઆત કરી, જ્યાં સુધી જૂના સવાલોનું સમાધાન ન થાય ત્યાં સુધી નવા કામનો પ્રારંભ ન કરવા જણાવાયું, જેને જિલ્લા કલેક્ટર દ્વારા સમર્થન અપાયું.

ખાનગી જમીનની માફક પંચાયત હસ્તકની ગૌચર, પડતર અને ખરાબાની જમીનમાંથી પણ પાઈપલાઈન પસાર થાય છે. રજૂઆતના આધારે જે તે ખાનગી જમીનોની માફક પંચાયત હસ્તકની જમીનોને પણ વળતર ચૂકવવા ભલામણ કરાઈ. તે પંચાયતો માટે ઘણી સારી બાબત ગણાવી શકાય.

આ ત્રણે લોકસુનાવણીઓના અનુભવથી એમ કહી શકાય કે જરૂર જણાયે આ પ્રમાણેના તૂટક તૂટક નિર્ણયો જિલ્લા સ્તરે લેવા તેના કરતાં રાજ્ય સ્તરે એક સર્વસામાન્ય ઠરાવ બહાર પાડવો યોગ્ય છે. તેનાથી એક વાજબી માગણી માટે ચર્ચા વિચારણામાં વેડફાતાં સમય અને શક્તિ ચોક્કસ અટકાવી શકાય.

છેલ્લે, તા. ૨૧-૫-૨૦૦૨ના રોજ ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ માટે યોજાયેલ લોક સુનાવણીમાં ઈ.આઈ.એ. રિપોર્ટમાં થતી ગેરરીતિઓ અંગેનો મુદ્દો ચર્ચાસ્પદ બન્યો હતો. અભ્યાસ અહેવાલ જૂનો, અધૂરો અને અપૂરતી વિગતોવાળો જણાતાં સામાજિક ન્યાય કેન્દ્રના પ્રતિનિધિએ સૌનું ધ્યાન દોરી ખોટા અહેવાલો તૈયાર કરનાર એજન્સીઓને બાનમાં મૂકવાની આક્રોશભરી રજૂઆત કરી હતી.

પર્યાવરણીય લોકસુનાવણી જો ખરેખર યોગ્ય રીતે હાથ ધરાય તો અને લોકોને આવી રહેલ ઔદ્યોગિક પરિયોજનાઓ વિષે પૂરતી માહિતી મળે તો તે લોકો માટે ખરેખર સાર્થક થઈ શકે તેમ છે. પર્યાવરણીય લોકસુનાવણીને એક પ્રકારનો અનિવાર્ય કર્મકાંડ સમજવાને બદલે ઉદ્યોગોને સમાજ પ્રત્યે વધારે જવાબદાર બનાવવાની અને બજારને વધારે લોકકેન્દ્રી બનાવવાની એક અનિવાર્ય રીત સમજવામાં આવે એ આ દૃષ્ટિએ ઈચ્છનીય છે.

# સાંપ્રત પ્રવાહ

## અધિકારો માટે વિચરતી જાતિઓની લડત

ભારતમાં વિચરતી જાતિઓ સૌથી પછાત જૂથોમાં સ્થાન ધરાવે છે. રાજસ્થાનના અલવર જિલ્લામાં તેઓ તેમના બંધારણીય અધિકારો મેળવવા માટે લડાઈ આપે છે. 'ઘૂમંતુ વિકાસ પંચાયત' નામે એક સંગઠનની રચના થઈ છે કે જે વિચરતી જાતિઓના અધિકારો માટે સંગઠિતપણે લડત આપે છે. 'મુક્તિ ધારા' નામે સ્વૈચ્છિક સંસ્થા દ્વારા શ્રી રતન કાત્યાયનીએ આ પંચાયત હેઠળ વિચરતી જાતિઓને સંગઠિત કરવાનો પ્રયત્ન કર્યો છે. વિચરતી જાતિઓ સ્થાયી જીવન જીવવા માગે છે પરંતુ તેમને આવાસ, જીવનનિર્વાહ અને સામાજિક સ્વીકારની જરૂર છે.

ભારતમાં લગભગ ૨૦૦ વિચરતી જાતિઓ છે. પણ તેમની અલગ ગણતરી ન થતી હોવાથી નિશ્ચિત સંખ્યા મેળવવી મુશ્કેલ છે. ૧૮૭૧માં અંગ્રેજોએ ગુનાખોર જાતિ ધારો ઘડ્યો હતો અને તેમને જન્મથી જ ગુનેગાર ગણ્યા હતા. પછી ૧૯૫૨માં તેને સ્થાને આદતી ગુનેગાર ધારો ઘડાયો. બેમાં ફરક માત્ર એટલો જ છે કે નવા કાયદામાં વ્યકિત ગુનેગાર ગણાય છે, સમુદાય નહિ. એક અંદાજ એવો છે કે ભારતમાં આશરે ૫ કરોડ લોકો વિચરતી જાતિઓના છે અને તેમને માટે રાજકીય સ્વતંત્રતાનો કશો જ અર્થ નથી.

આ સંગઠન આશરે ૫૦,૦૦૦ લોકોને સરકારી જમીનમાં વસાવવાનો પ્રયત્ન કરી રહ્યું છે. સંગઠન માને છે કે સરકારની જમીન એ તેમની જ જમીન છે. આ જ એનું સૂત્ર છે. 'મુક્તિ ધારા'એ દરેક વ્યકિતને ઓળખપત્ર આપ્યું છે. તેઓ ગરીબીની રેખા નીચે જીવતા લોકો તરીકે નોંધાય તે માટે પ્રયાસ થઈ રહ્યો છે. 'ઘૂમંતુ વિકાસ પંચાયત' દ્વારા બામણવાસ નામનું એક ગામ વસાવાયું છે. લાંબો સમય આંદોલન ચલાવ્યા પછી વિચરતી જાતિઓના લોકોને એ ગામમાં જમીનના પટ્ટા મળ્યા છે. પીવાનું પાણી અને આવાસ જેવી સવલતો પૂરી પડાય તે માટે સરકાર સમક્ષ માગણીઓ થઈ રહી છે. વિધાવાઓને પેન્શન મળે તે માટે પણ પ્રયાસ થઈ રહ્યો છે. તેમનાં પરંપરાગત કૌશલ્યોને આધારે તેમના જીવનનિર્વાહની વ્યવસ્થા ગોઠવવાનો પ્રયાસ પણ પંચાયત કરી રહી છે. વિચરતી જાતિઓને સ્થાયી જીવન બક્ષવાની તાતી જરૂર છે કારણ કે સતત અસ્થાયી જીવન તેઓ જીવતા હોવાને પરિણામે શિક્ષણ, આરોગ્ય અને આવાસ જેવી પ્રાથમિક આવશ્યકતાઓ પણ તેઓ મેળવી શકતા નથી.

## માહિતીના અધિકાર વિશે કાર્યશાળા

ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગ, સામાજિક ન્યાય કેન્દ્ર અને સ્વૈચ્છિક સંસ્થાઓના મૈત્રી મંચ 'જનપથ'ના સંયુક્ત ઉપક્રમે માહિતી અધિકાર અંગે તારીખ ૨૦-૯-૨૦૦૨ના રોજ કાર્યશાળાનું આયોજન કરાયું હતું. આ કાર્યશાળામાં કાયદાશાસ્ત્રી, પત્રકારો અને માહિતી અધિકારના સંદર્ભે રાષ્ટ્રીય કક્ષાએ મથતા કર્મશીલોએ ભાગ લીધો હતો. આ કાર્યશાળામાં ભારત સરકાર દ્વારા સંસદમાં માહિતીના અધિકાર અંગે જે ખરડો રજૂ કરાઈ રહ્યો છે તેની વિવિધ જોગવાઈઓ વિશે ચર્ચા કરાઈ હતી. કાર્યશાળામાં કોંગ્રેસના ગુજરાત એકમના પ્રમુખ શ્રી શંકરસિંહ વાઘેલા અને ભાજપના ગુજરાત એકમના માધ્યમ વિભાગના વડા શ્રી યમલ વ્યાસ આ ખરડા અંગે તેમની રાજકીય વિચારધારા રજૂ કરવા માટે ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યશાળામાં શિક્ષણ, આરોગ્ય, અંદાજપત્ર, કાનૂન, વહીવટ અને શાસનના સંદર્ભમાં માહિતીના અધિકારનું શું મહત્ત્વ છે તેને વિશે વિગતવાર રજૂઆતો થઈ હતી અને ચર્ચાઓ થઈ હતી. ખરડાની જોગવાઈઓનો શો અર્થ છે તે પણ સમજાવવામાં આવ્યું હતું. ઉપરાંત એવી રજૂઆત પણ થઈ હતી કે જ્યાં સુધી અંગ્રેજોએ દાખલ કરેલો સત્તાવાર ગુપ્તતા ધારો અમલમાં છે ત્યાં સુધી માહિતીના અધિકાર અંગેના ખરડાની જોગવાઓનો કશો અર્થ રહેતો નથી. તેથી કર્મશીલોએ સત્તાવાર ગુપ્તતા ધારો પાછો ખેંચી લેવાની માગણી પણ કરી હતી.

ઉપરાંત, આ કાર્યશાળામાં માહિતીના અધિકારની ચર્ચા રાષ્ટ્રીય સંદર્ભમાં રાજસ્થાનમાં કરવામાં આવેલા પ્રયોગ સાથે કરવામાં આવી હતી. વળી, જુદા જુદા રાજ્યોમાં માહિતીના અધિકાર અંગે શી પરિસ્થિત છે તેની પણ ચર્ચા કરાઈ હતી. રાજસ્થાન અને ગોવામાં અનુક્રમે ૨૦૦૦ અને ૧૯૯૭માં માહિતીના અધિકાર અંગે જે કાયદાઓ ઘડાયા છે તેમાંનાં વિધાયક પાસાં વિશે પણ ચર્ચા થઈ હતી. ભારત સરકારે ૨૦૦૦માં માહિતી સ્વાતંત્ર્ય ખરડો સંસદમાં રજૂ કર્યો હતો અને તેના વિશે દેશભરમાં અત્યારે વ્યાપક ચર્ચાઓ થઈ રહી છે. ભારતમાં પણ જુદી જુદી સંસ્થાઓએ નમૂનારૂપ માહિતી સ્વાતંત્ર્ય ખરડાઓ તૈયાર કર્યા છે. આ કાર્યશાળામાં આ વૈકલ્પિક ખરડાઓ વિશે પણ ચર્ચા થઈ હતી. વધુ વિગત માટે સંપર્ક સાધોઃ 'જનપથ', ૧૩૩૮, ખીજડાવાળો વાસ, રેલવે ક્રોસિંગ પાસે, મીઠાખળી ગામ, નટરાજ સિનેમા પાછળ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

# આગામી કાર્યક્રમ

## વિસ્થાપન અને પુનર્વસન વિશે પરિસંવાદ

'ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી'ના 'પુનર્સ્થાપન અને પુનર્વસન પ્રોજેક્ટ' દ્વારા 'વિસ્થાપન, પુનર્સ્થાપન અને પુનર્વસનના તાકીદના પ્રશ્નો' વિશે તા. ૬-૭ ફેબ્રુઆરી, ૨૦૦૩ દરમ્યાન એક રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરાયું છે. તે માટે વિશ્વ બેંકની તકનિકી અને નાણાકીય સહાય ઉપલબ્ધ થઈ છે. આ પરિસંવાદનો હેતુ વિકાસલક્ષી પરિયોજનાઓથી વિસ્થાપિત થયેલા લોકોના પુનર્સ્થાપન અને પુનર્વસન સાથે સંબંધિત વર્તમાન પ્રશ્નોના કેસ અભ્યાસો સંશોધનને આધારે તૈયાર કરી સૈદ્ધાંતિક પૂર્વભૂમિકા ઊભી કરવાનો છે. મોટે ભાગે વિસ્થાપનને વિકાસ માટે અનિવાર્ય સમજવામાં આવે છે. ત્યારે આ અભ્યાસો ઉપયોગી થશે.

આ પરિસંવાદમાં નીચેના વિષયોને આવરી લેવાશે:

(૧) જળ સંસાધનો: બહુહેતુક યોજનાઓમાં પુનર્સ્થાપન અને પુનર્વસનની નબળી કામગીરી. અસરગ્રસ્ત લોકોની ભાગીદારીનો અભાવ.

(૨) શહેરી વિકાસલક્ષી પરિયોજનાઓ: ધંધાકીય એકમો કે રહેણાક મકાનોનું સ્થળાંતર.

(૩) ઔદ્યોગિક પરિયોજનાઓ: ખાણકામ અને તાપ વિદ્યુત યોજનાઓ કે જે મુખ્યત્વે ગ્રામ વિસ્તારોમાં આકાર લે છે અને લોકોને જીવનનિર્વાહથી વંચિત કરે છે.

(૪) માળખાગત સવલતોની પરિયોજનાઓ: ખાસ કરીને રસ્તા અને રેલવેની પરિવહન યોજનાઓ.

૩૧મી ઓક્ટોબર, ૨૦૦૨ સુધીમાં આ પરિસંવાદ માટેના લેખોનો સારાંશ મોકલી આપવો. ઈ-મેલ: sjain@ignou.ac.in અથવા mbala@ignou.ac.in

વિશ્વ બેંક સાથેના સહયોગમાં ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીએ જુલાઈ-૨૦૦૧થી 'વિસ્થાપન, પુનર્સ્થાપન અને પુનર્વસનનું સહભાગી સંચાલન' વિશે એક પ્રમાણપત્ર અભ્યાસક્રમ શરૂ કર્યો છે. આ અભ્યાસક્રમ છ માસનો છે અને તેમાં કોઈ પણ સ્નાતક દાખલ થઈ શકે છે. વિકાસલક્ષી પરિયોજનાઓ તેમ જ કુદરતી આપત્તિઓના લીધે વિસ્થાપિત થતા લોકો વચ્ચે કામ કરતા કર્મશીલો અને સંગઠનો માટે આ અભ્યાસક્રમ ઘણો ઉપયોગી થઈ શકે તેમ છે. તેમાં વિસ્થાપન સંબંધી કાયદાઓ, નીતિઓ અને કાર્યક્રમો વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી છે. વધુ માહિતી માટે આ વેબસાઈટની મુલાકાત લો: http://www.rronline.org.

## પૃષ્ઠ ૧૩નું શેષ

મુદ્દાઓની અગ્રતા માટે સહમતિ દર્શાવી છે. કાર્બન ડાયોક્સાઈડની નિકાસનું સ્તર ઓછું કરવા અર્થેની ક્યોટો સંધિની કાયદાકીય બાધ્યતાને ફરજિયાત બનાવવી જોઈએ. કાર્બન ડાયોક્સાઈડના કુલ વૈશ્વિક નિકાસના ૨૫ ટકા નિકાસ કરતું અમેરિકા આ સંધિ પ્રત્યે વહેલામાં વહેલું ૨૦૧૨ની સાલ સુધીમાં સહમતિ આપશે તેવું જણાવાયું છે. બીજી મહત્ત્વની બાબત એ છે કે વિકસિત રાષ્ટ્રોનાં બજારોમાં પ્રવેશવા માટે વિકાસશીલ રાષ્ટ્રોને જે વ્યાપાર અવરોધ નડી રહ્યો છે તે તત્કાળ દૂર થવો જોઈએ તો જ વિકાસશીલ રાષ્ટ્રનો વિકાસ ઝડપી બનશે. અર્થ સમિત ૨૦૦૨ ના કોઈ નક્કર પરિણામ પ્રત્યેના વિશ્વાસમાં અભાવ જણાઈ રહ્યો છે, પરંતુ આશા રાખીએ કે સમગ્ર માનવજાત એક દિવસ ભૂતકાળમાં નજર કરીને પૃથ્વી પરિષદ ૨૦૦૨ને યાદ કરે કે આ પરિષદથી વચનો સાચી રીતે આચરણમાં મૂકવાની શરૂઆત થઈ હતી. સૌથી વધુ નોંધનીય વાત એ છે કે ઘોષણાપત્રમાં દર્શાવેલ મુદ્દાઓનું પાલન કરવા કોઈ પણ દેશ બંધાયેલો નથી. એનું માત્ર આંતરરાષ્ટ્રીય રાજકીય મહત્ત્વ જ છે. પર્યાવરણ પ્રેમીઓ જોહાનિસબર્ગ ઘોષણાથી અસંતુષ્ટ છે.

દક્ષિણ આફ્રિકામાં જોહાનીસબર્ગ ખાતે તાજેતરમાં સંપન્ન થયેલા પૃથ્વી શિખર સંમેલનની ફલશ્રુતિ વિશ્વના વિકાસશીલ દેશો માટે નિરાશાજનક રહી છે. આ સંમેલનમાં કોઈ નક્કર પગલાંની દરખાસ્ત નથી. ગત દશ વર્ષમાં પર્યાવરણ તથા ગરીબી જેવી સમસ્યાઓ વધુ ગંભીર બની હોઈ તેના સમયબદ્ધ નિરાકરણ માટેનાં પગલાં અંગે સર્વસંમતિ સાધી શકાશે એવી અપેક્ષા રખાઈ હતી પરંતુ તે પરિપૂર્ણ થઈ નથી. આ સંમેલનના અંતે જે પગલાં જાહેર કરાયાં છે તે પર્યાપ્ત નથી એવી ટીકા સમીક્ષકોએ કરી છે. આગામી દશ વર્ષ માટે તૈયાર કરાયેલા કાર્યક્રમના મુદ્દે બે ચાવીરૂપ દસ્તાવેજો અંગે અમેરિકાના પ્રમુખ જ્યોર્જ બુશના વહીવટી તંત્રનો હાથ ઉપર રહ્યો છે. જોહાનિસબર્ગ ઘોષણામાં વિશ્વના બે અબજ ગરીબોને તેમની યાતનામાંથી બહાર લાવવાનું જણાવાયું છે. ઉપરાંત વિશ્વના પર્યાવરણ પર જ્યાં વિપરીત અસર થઈ છે તેને દૂર કરી સતત વિકાસને ચાલુ રાખવા પર ભાર મુકાયો છે. વિશ્વના ધનિકો તથા ગરીબો વચ્ચે ને વિકસિત તથા વિકાસશીલ દેશો વચ્ચેનું વધતું જતું અંતર વિશ્વની સમૃદ્ધિ તથા સલામતી માટે સૌથી મોટો ખતરો છે.

# સંદર્ભ સાહિત્ય

## હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટ – ૨૦૦૨

'સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ' (યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ' - યુએનડીપી) દર વર્ષે જે માનવ વિકાસ અહેવાલ બહાર પાડે છે તે શ્રેણીમાં આ છેલ્લો અહેવાલ છે. આ અહેવાલનું શીર્ષક 'વિભાજિત વિશ્વમાં લોકશાહીના ઊંડાં જતાં મૂળ' રાખવામાં આવ્યું છે. આ અહેવાલ એક એવા મૂળભૂત વિચાર પર આધારિત છે કે સફળ વિકાસ માટે અર્થશાસ્ત્ર જેટલું મહત્ત્વનું છે તેટલું જ રાજકારણ પણ અગત્યનું છે. શાસન જેમ વધારે સારું અને જેમ વધારે સહભાગી તેમ માનવ વિકાસ વધારે એમ આ અહેવાલથી સાબિત થાય છે. અહેવાલની પ્રસ્તાવનામાં તેના વહીવટદાર માર્ક મેલોક બ્રાઉન સાચે જ લખે છે કે, "ગરીબીમાં સતત ઘટાડા માટે સમતાપૂર્ણ વૃદ્ધિ જરૂરી છે, પરંતુ તેને માટે એ પણ જરૂરી છે કે ગરીબ લોકો પાસે રાજકીય સત્તા હોય." તેઓ વધુમાં કહે છે કે, "માનવ વિકાસના હેતુઓ સાથે સુસંગત રીતે તેને સિદ્ધ કરવાનો શ્રેષ્ઠ રસ્તો સમાજના તમામ સ્તરે લોકશાહી શાસનનાં સ્વરૂપોને મજબૂત અને ઊંડાં કરવાનો છે."

આ અહેવાલમાં પાંચ પ્રકરણો છે:

(૧) માનવ વિકાસની સ્થિતિ અને પ્રગતિ.
(૨) માનવ વિકાસ માટે લોકશાહી શાસન.
(૩) લોકશાહીની ખાધના સામના દ્વારા લોકશાહીનાં મૂળ ઊંડાં નાખવાં.
(૪) સંઘર્ષ રોકવા અને શાંતિ ઊભી કરવા સલામતીનું લોકશાહીકરણ.
(૫) વૈશ્વિક સ્તરે લોકશાહીનાં મૂળ ઊંડાં જવાં.

આ ઉપરાંત અહેવાલમાં કોફી અનાન અને ઑંગ સાન સૂ કી તથા ઈરાનના પ્રમુખ સઈદ મહંમદ ખાતમી સહિત છ મહાનુભાવોના ટૂંકા લેખો પણ આપવામાં આવ્યા છે. અહેવાલમાં ૪૧ ધ્યાનાકર્ષક ચોકઠાં, ૧૬ કોઠાઓ, ૩૬ આલેખો અને બે વિશેષ લેખાંકો અપાયાં છે. અહેવાલના અંતે માનવ વિકાસ અંગેની વિભિન્ન દેશોની આંકડાકીય વિગતો તો હોય જ.

માનવ વિકાસ ક્ષેત્રે કામ કરતા સૌ વિકાસલક્ષી કાર્યકરો માટે આ અહેવાલ ખરેખર જ ખૂબ અગત્યનો છે. કારણ કે તે વિકાસનાં રાજકીય પાસાંને સરસ રીતે ઉજાગર કરે છે. જગતમાં લોકશાહી શાસનનો વ્યાપ વધી રહ્યો છે અને અહેવાલ ૧૪૭ દેશોના અભ્યાસને આધારે એમ કહે છે કે ૮૨ દેશો સૌથી વધુ લોકશાહી છે, ૨૬ દેશો સરમુખત્યારશાહી ધરાવે છે અને ૨૯ દેશો વચલી સ્થિતિમાં છે. પ્રાપ્તિસ્થાન: ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, વાયએમસીએ લાઈબ્રેરી બીલ્ડિંગ, જયસિંહ રોડ, નવી દિલ્લી-૧૧૦૦૦૧.

## ડિઝાસ્ટર એન્ડ વલ્નરેબિલિટી

ગુજરાતમાં ભૂકંપ સમયે 'સેવા' (સ્વાશ્રયી મહિલા સંઘ) દ્વારા જે પ્રતિભાવ અપાયો તેનો આ એક ટૂંકો અહેવાલ છે. રાહત, પુનર્વસન અને પુનરુત્થાનની પ્રક્રિયામાં જે અનુભવો થયા તેનું દસ્તાવેજીકરણ કરવાના પ્રયાસોના ભાગરૂપે આ અહેવાલ પ્રકાશિત થયો છે. આ શ્રેણીમાં બીજા આવા અહેવાલો પણ પ્રસિદ્ધ થશે. તેનો હેતુ અન્ય સ્થાનિક સંગઠનોને સ્થાનિક અનુભવો વિશે માહિતી આપવાનો છે, એટલું જ નહિ પણ નીતિ અને સંશોધન કાર્યમાં જેઓ જોડાયેલા છે તેમને પણ તેનાથી માહિતગાર કરવાનો છે. અસરગ્રસ્તોમાં ગરીબોના પુનર્વસનના પ્રશ્નો મહિલાઓ સાથે કેવી રીતે સંબંધિત છે તે પણ આ અહેવાલમાં જાણી શકાય છે.

આ અહેવાલ આ પ્રશ્નોના જવાબ આપે છે:

(૧) 'સેવા' જેવાં ગરીબ મહિલાઓની મોટી સભ્યસંખ્યા ધરાવતાં સંગઠનોની આપત્તિના પ્રતિભાવ અને પુનરુત્થાનમાં શું ભૂમિકા છે?
(૨) તેનાં ભૂમિકા અને અભિગમ અન્ય સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી સ્વૈચ્છિક સંસ્થાઓથી અલગ કેવી રીતે પડે છે?
(૩) અસરગ્રસ્તોમાં પણ જેઓ સૌથી વધુ ગરીબ છે તેમનાં આવક અને અસ્કામતોને ભૂકંપ કેવી રીતે હાનિ પહોંચાડે છે?
(૪) જીવનનિર્વાહના સ્વરૂપે થતી રાહત તેમના પુનરુત્થાનને કઈ રીતે ઝડપી બનાવે છે?

આ અહેવાલ આપત્તિઓના સંદર્ભમાં સ્ત્રીઓ વધુ નબળી કેવી રીતે બને છે અને તેઓ કેવી રીતે પુનરુત્થાનની સૌથી વધુ મુશ્કેલ પ્રક્રિયાનું નેતૃત્વ લઈ શકે છે તે જોવાની તક પણ આપે છે. મહિલાઓએ સ્વપ્રયાસોથી પુનર્વસનનું કામ કેવી રીતે હાથ ધર્યું તે આ અહેવાલમાંથી જાણી શકાય છે. શું ગુજરાતમાં ભૂકંપ રાહત અજોડ હતી? તે ભવિષ્યના માનવતાવાદી કાર્યની ઉપર કેવી રીતે પ્રભાવ પાડે છે? ગુજરાતના ભૂકંપમાંથી કયા મહત્ત્વના પદાર્થપાઠ શીખવા મળે છે?

આ પ્રશ્નોના ઉત્તર પણ આ અહેવાલમાંથી મળે છે. આ અહેવાલમાં ૯ પ્રકરણો છે: પ્રસ્તાવના, પદ્ધતિ, 'સેવા' શું છે?, ગુજરાતમાં ભૂકંપ, 'સેવા'ના પ્રતિભાવનાં એકંદર તારણો, 'રેડ ક્રોસ કોડ'ની સામેનું મૂલ્યાંકન, 'સેવા'ના ૧૦ પ્રશ્નોની તુલનાએ મૂલ્યાંકન, તારણો, ભલામણો.

પૃષ્ઠ: ૪૮. લેખક: ટોની વોક્સ. પ્રકાશક: ડિઝાસ્ટર મિટિગેશન ઈન્સ્ટિટ્યુટ અને 'સેવા'. સંપર્ક સાધો: ડિઝાસ્ટર મિટિગેશન ઈન્સ્ટિટ્યુટ, ૪૧૧, સાકાર-૫, નટરાજ સિનેમા પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન: ૭૯-૬૫૮૬૨૩૪, ૬૫૮૩૬૦૭.

## સ્ત્રી અવાજ

દલિત મહિલા સંગઠન શક્તિની વાત રજૂ કરતી આ પત્રિકા 'બનાસકાંઠા જિલ્લા દલિત સંગઠન' દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે. અમદાવાદની સંસ્થા 'બિહેવિયરલ સાયન્સ સેન્ટર' (બીએસસી) દ્વારા આ સંગઠનની રચના થઈ છે અને તેમાં દલિતો સભ્યો છે. દલિત બહેનોને કેન્દ્રમાં રાખીને તેમને સંગઠિત કરવાનો પ્રયાસ બીએસસી દ્વારા થઈ રહ્યો છે. આ પ્રયાસના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લામાં પાંચ તાલુકાઓ - પાલનપુર, વડગામ, ધાનેરા, વાવ તેમ જ થરાદમાં દલિત બહેનોની બચત અને ધિરાણ સહકારી મંડળીઓ ઊભી કરવામાં આવી છે. આ મંડળીઓની વિકાસગાથા અને સંઘર્ષગાથા રજૂ કરવાનો આ પત્રિકામાં પ્રયાસ કરવામાં આવે છે.

આ પત્રિકા એ રીતે દલિત સ્ત્રીઓનો અવાજ રજૂ કરે છે. તેમાં ચિત્રો અને ઉદાહરણો આપીને દલિત સ્ત્રીઓનું શિક્ષણ થાય તે રીતે માહિતી રજૂ કરવામાં આવે છે. જુદી જુદી બચત અને ધિરાણ મંડળીઓની કામગીરી રજૂ કરાય છે. તેમ જ આ મંડળીઓએ વિવિધ સરકારી યોજનાઓનો લાભ કેટલી બહેનોને અપાવ્યો તેની વિગતો પણ તેમાં રજૂ થાય છે. ક્યારેક ગીતો પણ પ્રકાશિત કરાય છે જે દલિત બહેનોની સંઘર્ષગાથાને અને સંગઠનગાથાને રજૂ કરે છે. નકલ માટે સંપર્ક સાધો: બનાસકાંઠા જિલ્લા દલિત સંગઠન, સત્કાર બીલ્ડિંગ, બીજે માળે, કોઝી ટાવર પાછળ, ઢૂંઢિયાવાડી, પાલનપુર-૩૮૫૦૦૧. ફોન: ૦૨૭૪૨-૬૬૧૩૫.

## ખાન મઝદૂર

આ હિંદી ત્રૈમાસિક પત્રિકાનું પ્રકાશન ખાસ કરીને ખાણિયા મજૂરોનાં ચેતના, જાગૃતિ અને નવા વિચારો પેદા કરવાના પ્રયાસ તરીકે કરવામાં આવે છે. શોષણ મુક્ત સમાજની સ્થાપનાનું અભિયાન ચલાવવાનો તેનો ઉદ્દેશ છે. આ પત્રિકામાં ખાણિયા મજૂરોની સ્થિતિનો ચિતાર અપાય છે તેમ જ તેમની આર્થિક-સામાજિક સ્થિતિ સુધારવાના પ્રયાસોની વિગતો પણ આપવામાં આવે છે. ખાણિયા મજૂરોના આરોગ્ય વિશે તેમ જ સુરક્ષા અને સલામતી વિશે યોજાયેલી કાર્યશાળાઓના અહેવાલો, સરકારી નીતિ-નિયમો અને કાયદાઓની સરળ સમજૂતી તેમ જ સંગઠનોની માહિતી એ આ પત્રિકાનાં મુખ્ય અંગો છે. પ્રકાશક: ગ્રામીણ વિકાસ વિજ્ઞાન સમિતિ (ગ્રાવિસ), ૩/૪૫૮, મિલ્કમેન કોલોની, પાલ રોડ, જોધપુર-૩૪૨૦૦૮, રાજસ્થાન. ફોન: ૦૨૯૧-૭૪૧૩૧૭.

## મેકિંગ ડેમોક્રસી વર્ક

૭૦ મિનિટની આ વિડિયો-સીડી એક એવો સંદેશો આપવા માગે છે કે મતદાતાઓએ રાજકીય પક્ષોની કે સંસદ જે કાયદો પસાર કરે તેની દયા પર જીવવાની જરૂર નથી. મતદારો સામૂહિક રીતે તેમનો પોતાનો કાયદો ઘડી શકે છે. તાજેતરમાં ચૂંટણીના ઉમેદવાર વિશેની તમામ માહિતી ધરાવવાના મતદારોના અધિકાર અંગે સર્વોચ્ચ અદાલતના ચુકાદા સંદર્ભે જે વિવાદ ઊભો થયો છે તેમાં નાગરિકોના કર્તૃત્વ પર આ વિડિયો-સીડી પ્રકાશ પાડે છે.

તા. ૨.૫.૨૦૦૨ના રોજ સર્વોચ્ચ અદાલતે આપેલા ચુકાદામાં એમ જાહેર કર્યું હતું કે મતદારોને ચૂંટણી લડતા ઉમેદવારો વિશે સંપૂર્ણ માહિતી અને ખાસ કરીને ગુનાખોરી અંગેની માહિતી ધરાવવાનો અધિકાર છે. વળી, તેની નાણાકીય અસ્કામતો અને જવાબદારીઓ તથા શિક્ષણ વિશે માહિતી ધરાવવાનો પણ અધિકાર છે. સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને આ હુકમનો અમલ કરવા ૬૦ દિવસનો સમય આપ્યો હતો. તદનુસાર, ચૂંટણી પંચે તા. ૨૮.૬.૨૦૦૨ના રોજ જાહેરનામું બહાર પાડ્યું હતું. પણ રાજકીય પક્ષો આ ચુકાદા અને હુકમને ઘોળીને પી ગઈ અને તેનાથી વિરૂદ્ધનો જ ખરડો પસાર કરવામાં આવ્યો.

આનાથી એ સ્પષ્ટ થાય છે કે આ મુદ્દો સંસદ વિરુદ્ધ સર્વોચ્ચ અદાલતનો નથી. વાસ્તવમાં, એ તો મતદારના અધિકારનો સવાલ છે. આ માહોલ વચ્ચે મુંબઈમાં નાગરિકોના એક જૂથે લોકો પોતાના કાયદાનો અમલ કરી શકે છે તે દર્શાવ્યું છે. આ વિડિયો-સીડીમાં આ અંગેની રજૂઆત છે. લોકો જાહેર સભા યોજે અને ઉમેદવારોને તેમાં બોલાવે અને તેમની પાસેથી તેમને જ પ્રશ્નો પૂછીને માહિતી મેળવે. ફેબ્રુઆરી-૨૦૦૨માં મહાનગરપાલિકાની ચૂંટણી સમયે એક વોર્ડમાં આ અંગે જે પ્રયોગ થયો તેની વિગતો આ વિડિયો-સીડીમાં છે. રાજકારણને સુધારવાની શરૂઆત મતદારોને શિક્ષિત કરવાથી થવી જોઈએ. આ વિડિયો-સીડી એ રીતે મતદારોને શક્તિમાન બનાવે છે. નકલ માટે સંપર્ક સાધો: સુદીપ્ત સેન, ૧૨૦૩, શિશિર ટાવર્સ, યમુનાનગર, ઓશીવાડા, અંધેરી પશ્ચિમ, મુંબઈ-૪૦૦૦૫૩. ફોન: ૦૨૨-૬૩૯૮૬૫૩. ઈ-મેલ: sudiptsen@yahoo.co.in

છેલ્લા ત્રણ માસ દરમ્યાન અમે નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરી હતીઃ

## ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં પુનર્વસન

ભચાઉ માટેની નગર યોજના ભુજમાં કલેક્ટર કચેરીને સુપરત કરવામાં આવી છે. તેમાં ગટર વ્યવસ્થા અને જળસ્રાવ સંચાલનને વિશેની બાબતોનો સમાવેશ કરાયો છે. આ બાબતો અગત્યની ગણાઈ અને નગર આયોજનના કન્સલ્ટન્ટ્સને ઊભા થયેલા મુદ્દાઓની તપાસ બાદ તેમની યોજનાઓ સુધારવાનું કહેવાયું.

ગરીબોને મકાન માટેની પરવાનગી મળે તે માટે મકાનના નમૂનારૂપ પ્લાન તૈયાર કરાયા અને ૧૩ પરિવારોને મંજૂરી અપાઈ. મકાનની પરવાનગી મેળવવા માટેની માર્ગરેખાઓ સરળ ગુજરાતી ભાષામાં તૈયાર કરાઈ અને એક પુસ્તિકા રૂપે પ્રકાશિત કરાઈ. ભચાઉમાં રહેતા વાદી આદિવાસી સમુદાય માટેનાં પર ઘરો પૂરાં થઈ ગયાં છે.

વિવિધ નબળાં જૂથોની બેઠકો ચાલુ રહી અને વિકલાંગ લોકોની જરૂરિયાતો પ્રત્યે વિશેષ ધ્યાન અપાયું. ૧૪ વિકલાંગ બાળકો અને ધીમો અભ્યાસ કરનારાને બાળકો, મા-બાપ તથા શિક્ષકો સાથે ચર્ચા કર્યા બાદ સ્થાનિક શાળામાં ફરી દાખલ કરાયાં. જાજરૂની ડિઝાઈન નક્કી કરાઈ અને ૩૪ લકવાગ્રસ્તો તથા અન્ય વિકલાંગોની જરૂરિયાતોને તેમાં ધ્યાનમાં લેવાઈ. ૧૭ જણાનું વિકલાંગતા પ્રમાણપત્ર મેળવાયું. ૧૬ વિકલાંગોને જીવનનિર્વાહની તકો પૂરી પડાઈ. તેઓ જાતે કોઈ આર્થિક સાહસ સંભાળી શકે તેમ છે કે નહિ તે અંગેનો યોગ્યતા અભ્યાસ પણ હાથ ધરાયો.

## દલિત મહિલા સરપંચોનું ક્ષમતા વર્ધન

દલિત મહિલા સરપંચોને સ્વાતંત્ર્ય દિને ધ્વજવંદન પણ કરવા દેવાતું નથી. 'દલિત અધિકાર અભિયાન'ના પ્રયાસોથી સ્વાતંત્ર્ય દિને થાર રણ પ્રદેશમાં ચાર દલિત મહિલા સરપંચો ધ્વજવંદન કરી શકી. આ મુદ્દે પહેલાં તો સમુદાયમાં ચર્ચા થઈ અને સમુદાયના નેતાઓની મંજૂરી મેળવાઈ. એ પ્રસંગ માટે સરકાર અને ખાસ કરીને પોલિસે કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે ટેકો પૂરો પાડ્યો. એ જ રીતે પંચાયત સંદર્ભ કેન્દ્રો દ્વારા રાજસ્થાનની ૧૧ પંચાયતોમાં અને ગુજરાતમાં બે પંચાયતમાં દલિત મહિલા સરપંચો સ્વાતંત્ર્ય દિને ધ્વજ લહેરાવી શકી હતી. આ સિદ્ધથી માત્ર મહિલાઓમાં જ નહિ, પણ સમુદાયમાં પણ આત્મવિશ્વાસ ઊભો થયો.

## સામાજિક ન્યાય સમિતિઓને મજબૂત બનાવવી

સ્થાનિક સ્તરે સામાજિક ન્યાય ઊભો કરવા માટે ગુજરાતમાં પંચાયત ધારામાં ત્રણેય સ્તરની પંચાયતોમાં સામાજિક ન્યાય સમિતિઓની જોગવાઈ કરાઈ છે. સાબરકાંઠામાં આ સમિતિઓને સક્રિય બનાવવા ૭ તાલુકામાં સમિતિઓના સભ્યો માટે એક દિવસની ૧૦ અભિમુખતા શિબિરો યોજવામાં આવી હતી. તે પછી ૧-૯-૨૦૦૨ના રોજ એક વિશાળ સંમેલન યોજવામાં આવ્યું કે જેમાં આ સમિતિઓના ૧૫૦૦ સભ્યો અને અધ્યક્ષો હાજર રહ્યા હતા. સહભાગીઓએ ત્રણેય સ્તરની પંચાયતોમાં આ સમિતિઓને સક્રિય બનાવવાનો સંકલ્પ કર્યો હતો કે જેથી દલિતો, મહિલાઓ, વિકલાંગો, સીમાન્ત ખેડૂતો અને કામદારોને સામાજિક ન્યાય મળે.

રાજસ્થાનમાં સામાજિક ન્યાય સમિતિઓને સક્રિય બનાવવા ત્રણ બ્લોકની ૫૫ ગ્રામ પંચાયતોની સ્થિતિ વિશે માહિતી એકત્ર કરાઈ છે. તેનું વિશ્લેષણ એમ દર્શાવે છે કે ખાસ કરીને દલિતો અને મહિલાઓને તેઓ આવી કોઈ સમિતિના સભ્ય છે એવી ખબર જ નથી. મોટા ભાગનાં ગામોમાં સમિતિમાં પાંચ સભ્યોને બદલે બે-ત્રણ સભ્યો જ હોય છે.

## શાસન વિશે ભાવિ વ્યૂહરચના ઘડવા હિતધારકો સાથે વિચાર-વિમર્શ

ગુજરાત અને રાજસ્થાન બંનેમાં સ્વશાસનને પ્રોત્સાહન આપવા હાથ ધરાયેલી પ્રવૃત્તિઓના મૂલ્યાંકન માટે અને દરમિયાનગીરીની ભાવિ વ્યૂહરચના ઘડવા માટે વિવિધ હિતધારકો સાથે સંવાદની પ્રક્રિયા હાથ ધરાઈ. ગુજરાતમાં સાબરકાંઠામાં હિંમતનગર અને અમદાવાદ ખાતે એમ બે બેઠકો મળી. સ્વૈચ્છિક સંસ્થાઓ, સરકાર, પંચાયતોના પ્રતિનિધિઓ અને માધ્યમો વગેરેએ જણાવ્યું કે તેમની વચ્ચેના સંબંધોને મજબૂત કરવાની જરૂર છે.

રાજસ્થાનમાં જોધપુર, ઝાલોર અને જયપુર ખાતે એમ ત્રણ બેઠકો મળી. 'ઉન્નતિ'ની ભાવિ ભૂમિકા માટે એવું સૂચન કરવામાં આવ્યું કે નાગરિકોની ભૂમિકા અને અધિકારો વિશે તેમનું શિક્ષણ કરવું, નગરપાલિકાઓ અને પંચાયતોનું ક્ષમતા વર્ધન કરવું, તમામ હિતધારકોમાં વિકાસ વિશેના દૃષ્ટિકોણનો પ્રચાર-પ્રચાર કરવો, નીતિના ઘડતરમાં લોકોની સહભાગિતા ઊભી કરવી અને સરકારી યોજનાઓના અમલ

ઉપર સમુદાયની સહભાગિતાથી દેખરેખ રાખવી.

## પંચાયતના પ્રતિનિધિઓનું ક્ષમતા વર્ધન

ગુજરાતમાં ૧૮૦ ગ્રામ પંચાયતોમાં લગભગ ૨૦૦૦ જેટલા ચૂંટાયેલા પ્રતિનિધિઓને તેમનાં ભૂમિકા અને જવાબદારીઓ વિશે તાલીમ આપવા એક દિવસની અનેક અભિમુખતા શિબિરો ગોઠવવામાં આવી.

## નગરપાલિકાની સેવાઓની સ્થિતિ

અમદાવાદ જિલ્લાના સાણંદ નગરમાં હાથ ધરાયેલા રિપોર્ટ કાર્ડ સર્વેક્ષણનાં તારણોને આધારે 'આપણું નગર સાણંદ' નામે એક પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી છે. તેમાં પાયાની સેવાઓના સંદર્ભમાં નાગરિકોને કેટલો સંતોષ છે તે જણાવાયું છે. મ્યુનિસિપલ કાઉન્સિલરો અને વિવિધ વોર્ડ્ઝના નાગરિકો સાથે શહેરને વધુ સારું બનાવવા માટે શી પ્રવૃત્તિઓ હાથ ધરવી એ અંગે ચર્ચાઓ થઈ રહી છે. એમાંથી એક જરૂરિયાત પ્રાથમિકતાને ધોરણે નક્કી કરાઈ અને તે છે ભૂગર્ભ ગટર વ્યવસ્થા.

અમદાવાદ જિલ્લામાં ધોળકા નગરમાં પ્રાપ્ય માળખાગત સવલતો વિશે એક અભ્યાસ કરવામાં આવ્યો અને જરૂરિયાતોમાં પ્રાથમિકતા નક્કી કરવા વિચારવિમર્શ કરાયો. સેવાઓનાં આયોજન, અમલ, દેખરેખ અને નિભાવમાં સમુદાયની ભાગીદારી ઊભી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું.

રાજસ્થાનમાં જોધપુર જિલ્લામાં બિલારા નગરમાં વર્તમાન સમસ્યાઓનું હિતધારકલક્ષી વિશ્લેષણ કરાયું છે અને વોર્ડવાર જરૂરિયાતોમાં પ્રાથમિકતા નક્કી કરવામાં આવી છે. મુખ્ય સમસ્યા આયોજન વગરની ખરાબ ગટર વ્યવસ્થાને કારણે સફાઈની છે. ગ્રામીણ ઢબના આવાસવાળા વિસ્તારોમાં મુખ્ય સમસ્યા વીજળીના અનિયમિત પુરવઠાની છે. વિવિધ હિતધારકો વચ્ચે એક સંવાદનું આયોજન આગામી ત્રણ માસ દરમ્યાન કરવામાં આવશે કે જેમાં સમસ્યાના ઉકેલના વિવિધ વિકલ્પો વિશે વિચારવામાં આવશે. નગરમાં નાગરિક સમાજનો પાયો વિસ્તારવા નાગરિકોના નેતાઓ ઓળખી કઢાયા છે. તેમની ક્ષમતા વધારવા એમની જરૂરિયાતો ઓળખાઈ રહી છે. પછી તેઓ નગરની સમસ્યાઓનો ઉકેલ શોધવા સક્ષમ બનશે. જરૂરિયાતોને આધારે તાલીમ ગોઠવવામાં આવશે.

## રાજસ્થાનમાં સ્થાનિક પ્રયાસોને સહયોગ કાર્યક્રમનું મૂલ્યાંકન

'ઉન્નતિ' પશ્ચિમ રાજસ્થાનમાં છેલ્લાં છ વર્ષથી પંચાયતો અને સમુદાય-આધારિત સંગઠનો દ્વારા સ્થાનિક સહભાગિતા અને અધિકારિતાને પ્રોત્સાહન આપવાનું કામ કરે છે. ઓક્ટોબર-૧૯૯૯થી સપ્ટેમ્બર-૨૦૦૨નો બીજો તબક્કો પૂર્ણ થતાં કાર્યક્રમનું પરિણામ તપાસવા અને હાથ ધરાયેલી પ્રવૃત્તિઓની અસર તપાસવા એક મૂલ્યાંકન હાથ ધરવામાં આવ્યું.

તે ત્રણ તબક્કામાં હાથ ધરાયું. પ્રથમ તબક્કામાં સમુદાય સ્તરે સહભાગી સમુદાય-આધારિત નિર્દેશકો દ્વારા અસર મપાઈ. બીજા તબક્કામાં ક્ષેત્રીય મુલાકાતો અને વિવિધ હિતધારકો સાથે ચર્ચા દ્વારા બાહ્ય મૂલ્યાંકન હાથ ધરાયું. ત્રીજા તબક્કામાં વિમર્શ સભા દ્વારા વ્યૂહાત્મક સમીક્ષા કરાઈ અને ભાવિ આયોજન હાથ ધરાયું.

આ પ્રક્રિયાનું વિશ્લેષણ એમ દર્શાવે છે કે સ્વૈચ્છિક સંસ્થાઓના ક્ષમતા વર્ધન ક્ષેત્રે સતત, સમયસર અને પૂરતું સમર્થન અપાયું છે. પરંતુ તેમની અપેક્ષા ઘણી વધારે છે અને એ ચિંતાજનક બાબત છે. સમુદાયના સંગઠનના ક્ષેત્રે એમ જણાયું કે અપાયેલા સહયોગથી સમુદાય આપમેળે પોતાના પ્રશ્નો હાથ ધરતો થયો છે. પરંતુ હાલ 'દલિત અધિકાર અભિયાન' સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતું જણાય છે. તેમાં સમુદાયની માલિકી ઊભી થાય તે માટે ઉભરતા નેતાઓને મજબૂત બનાવવાની જરૂર છે. વળી, આ આંદોલને ભેદભાવ અને અત્યાચારોના જે સવાલો ઉઠાવ્યા છે તેનાથી પાર જવાની જરૂર છે અને આ દલિત જૂથોની સામી વિચારધારા વિશે વિચારવાની આવશ્યકતા છે. આ વિચારધારા બ્રાહ્મણવાદી સામાજિક વ્યવસ્થાની વિચારધારાથી અલગ જ હોય કારણ કે તેણે તો દલિતોને સદીઓથી વિખૂટા પાડી દીધા છે.

## દૃષ્ટિકોણ નિર્માણ માટે તાલીમ

સામાજિક વિકાસના દૃષ્ટિકોણ વિશે 'આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ' (એકેઆરએસપી)ના સહયોગમાં ૨૯ જુલાઈથી ૧ ઓગસ્ટ દરમ્યાન કચ્છનાં 'દુકાળ સુરક્ષા પરિયોજના' (ડીપીપી)માં સામેલ સહભાગી સંગઠનો માટે એક અભિમુખતા તાલીમ રાખવામાં આવી. ભારત સરકાર અને નાબાર્ડ ડીપીપીને ટેકો આપે છે. ૧૯ સ્થાનિક સંગઠનોના ૨૪ કાર્યકરોએ આ તાલીમમાં ભાગ લીધો. તાલીમમાં ભારતમાં સામાજિક વિકાસનો ઈતિહાસ અને ગરીબી, સહભાગિતા, સ્ત્રી-પુરુષ ભેદભાવ, નિર્બળતા વિશ્લેષણ, ચિરંતનતા અને તાલીમની અને માર્ગદર્શનની

ભૂમિકા જેવા ખ્યાલો આવરી લેવાયા. ડીપીપી માટે ક્ષમતા વર્ધન કરનારી મુખ્ય સંસ્થા તરીકે એકેઆરએસપી કામ કરે છે અને તેના સહયોગ સાથે તાલીમનો કાર્યક્રમ ઘડવામાં આવ્યો હતો.

## જીવનનિર્વાહ વિશે યોગ્યતા અભ્યાસ

ગુજરાત અને રાજસ્થાનમાં ૨૦૦૨-૦૩ માટે ગામડાંમાં લઘુ સાહસ વિકાસ કાર્યક્રમ માટે ક્રિશ્ચિયન ચિલ્ડ્રન ફંડ (સીસીએફ) દ્વારા જે ૬ પરિયોજનાઓને ટેકો અપાવાનો છે તેને માટે જીવનનિર્વાહ સમર્થનનો યોગ્યતા અભ્યાસ હાથ ધરવામાં આવ્યો.

## ભૂકંપ સમયે ઓક્સફામ ઈન્ટરનેશનલના પ્રતિભાવની સમીક્ષા

ગુજરાતમાં ભૂકંપ બાદ ઓક્સફામ ઈન્ટરનેશનલ દ્વારા અપાયેલા સંયુક્ત પ્રતિભાવના મૂલ્યાંકન માટે કામ કરાયું. સંકલનમાં સામેલ ઓક્સફામના સાથીઓ અને સહભાગીઓની મુલાકાત લેવાઈ. માહિતી એકત્ર કરાયા બાદ મુંબઈમાં ૨૦-૨૧ ઓગસ્ટ દરમ્યાન એક કાર્યશાળા યોજાઈ. એનો એક અહેવાલ તૈયાર કરાયો છે.

## ‘ક્ષમતા’–વિકલાંગો માટે અવરોધ–મુક્ત વાતાવરણ ઊભું કરવાની યોજના

નાગરિક સમાજમાં સભાનતા દ્વારા વિકલાંગો માટે અવરોધ-મુક્ત વાતાવરણ ઊભું કરવાની યોજના હેન્ડિકેપ ઈન્ટરનેશનલના સહયોગથી એપ્રિલ-૨૦૦૨થી ‘ક્ષમતા’ નામે શરૂ કરવામાં આવી છે. સ્વૈચ્છિક સંસ્થાઓ તેમના કાર્યક્રમોમાં વિકલાંગતાનો સમાવેશ કરે તે માટે તેમના પ્રબંધકોને અભિમુખ કરવાની વ્યૂહરચનાના ભાગ રૂપે ‘ઉન્નતિ’ના કાર્યકરોને માટે ૩૦-૩૧ ઓગસ્ટ દરમ્યાન એક તાલીમ કાર્યક્રમ રાખવામાં આવ્યો.

## ‘ચરખા’ની પ્રવૃત્તિઓ

ત્રણ માસ દરમ્યાન સામાજિક-કર્મશીલોએ પાણી, મહિલાઓનું નેતૃત્વ, કોમી એખલાસ, અસંગઠિત કામદારો અને સજીવ ખેતી વિશે ૧૭ લેખો તૈયાર કર્યા. આ વર્ષે કોમી એખલાસના વિષય પર લેખન સ્પર્ધા રાખવામાં આવી. તેમાં ૫૦ સ્વૈચ્છિક સંસ્થાઓમાંથી ૮૧ કર્મશીલોએ ભાગ લીધો. નવેમ્બર-૨૦૦૨ દરમ્યાન ઈનામોની જાહેરાત કરાશે. સ્વૈચ્છિક સંસ્થાઓ અને પત્રકારો વચ્ચે સંબંધ ઊભો કરવા વ્યાવસાયિક આરોગ્ય, પ્રારંભિક શિક્ષણ અને સજીવ ખેતી વિશે ત્રણ બેઠકો યોજાઈ. ત્રણ સ્વૈચ્છિક સંસ્થાઓ માટે લેખન કૌશલ્ય કાર્યશાળાઓ યોજવામાં આવી. તેમાં ૭૭ કર્મશીલોએ ભાગ લીધો. તેમાંથી ૧૫ કર્મશીલોએ ઉપરોક્ત લેખન સ્પર્ધામાં ભાગ લીધો.

उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંસ્થા**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૬૭૪૬૧૪૫, ૬૭૩૩૨૯૬ ફેક્સ: ૬૭૪૩૭૫૨. ઈ-મેલ: unnatiad1@sancharnet.in

ક્ષેત્રીય કાર્યાલય: જી-૫૫, શાસ્ત્રીનગર, જોધપુર-૩૪૨ ૦૦૩, રાજસ્થાન.

ફોન/ફેક્સ: ૦૨૯૧-૬૪૩૨૪૮ ફોન: ૦૨૯૧-૬૪૨૧૮૫, ઈ-મેલ: unnati@datainfosys.net

ડિઝાઈન અને રૂપાંકન: રમેશ પટેલ, ‘ઉન્નતિ’.

મુદ્રણ: કલરમેન ઑફસેટ, સેલર, આગમન, મયુર કૉલોની પાસે, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯, ફોન નં. ૬૪૩૧૪૦૫

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.